ભાગ પેહલો.

પએવન્દ નામે ઈરાણી જરતોસ્તી

યાને ઇરાણના જરતોસ્તીઓના લગ્ન કરવાની વિધ.

ભાગ બીજો.

ઈરાંન અને ઈરાંનીઓને લગતી જાંણવાજોગ વીગત.

ભાગ ત્રીજો

આતશ બહેરામની રખ્યાનુ તિલક અને તે ઉપરથી ઉપજતા વિચારો.

લખનાર અને પ્રગટ કરનાર

મુબદ—મેહરવાનજી ખુરશેદજી બેહરામ કામદીન

દસ્તુરના.

મુંબઈ—ચંદનવાડી નંબર ૧૪૧ વાલાં મકાનમાં

મુંબઈ વર્તમાન પ્રેસમાં ઉપલા લખનારને માટે મનચેરજી હોશંગજી

જાગોશે છાપી પ્રગટ કર્યું છે.

સને ૧૨૮૨ ગરદેઝરદી.

સને ૧૯૧૨ ઇસવી.

ભાગ પેહેલો.

પએવન્દ નામે ઈરાણી જરતોસ્તી

યાને

ઇરાણના જરતોશતીઓના લગ્ન કરવાની વિધિ.

લખનાર અને પ્રગટ કરનાર

મુબદ—મેહરવાનજી ખુરશેદજી બેહરામ કામદીન
દસ્તુરના.

મુંબઈ

ચંદનવાડી નંબર ૧૪૧ વાલાં મકાનમાં

મુંબઈ વર્તમાન પ્રેસમાં ઉપલા લખનારને માટે મનચેરજી હોશંગજી
જાગોશે છાપી પ્રગટ કર્યું છે.

સને ૧૨૮૨ યજદેજરદી.

સને ૧૯૧૨ ઈસવી.

અ૦ "સાખેની વઝયમનાબ્યો કઇનિબ્યો મ્રઓમી
ક્ષમઇબ્યાચા વદે મનો મેન ચા ઈ માઝ=દઝદૂમ.
વએદો દૂમ દએનાબિશ અબયસ્ચા અહુમ.યે વંઘહેઉશ મનંઘહો.
અષા વે અન્યો અઇનીમ વીવંઘહતુ તત ઝી હોઇ
હુષેનેમ અંઘહત."

અર્થ–" પરણતી કન્યાઓ અને તમો (પરણતા વરો)ને આ સખુનો કહું છું વર અને વહુ તમો બન્ને એખલાસથી રેહજો. તમો બંને દીનના કામો સાથે (કરતાં રહીને) ભલી મનસ્નીની જીંદગીને પામજો. પરસ્પર તમો-માંનુ દરએક જણ સચ્ચાઇથી રેહજો. બેશક જેથી તે (તમો દરેક)નું સારી રીતે રેહવું થશે.

(યજશ્ને હા. ૫૩–ફ૦ ૫.)

"પ્રસ્તાવના."

અવ્વલ તે ખાલેક મખલુક કરીમે કારસાજ દાદગર દાદાર અહુર-મજદની જનાબમાં તેની સેપાસ ગુજારી સાથ સર નમાવી આ "પએવન્દ નામે ઇરાણી જરતોસ્તી" ના લઘુ પુસ્તકની રજુઆત વિષે ખુલાશો તહરીર કરવાની રજામન્દી લેઉ છું કે પએવન્દ નામે ઇરાણી જરતોસ્તી યાને ઇરાણના જરતોસ્તીઓના લગ્ન કરવાની વિધિ જે એ પએવન્દ શબ્દ ફારસી 'પએવસ્તન' મળવું-જોડાવું ધાતુ-ઉપરથી વ્યુત્પત થઇ-એનો અર્થ જોડ થાય છે જે આપણા લગ્નના વિષયને અનુકુળ રીતે સ્ત્રીને જોડ અથવા જોડુ કેહવાઇ શકાય છે. જે માજદયસ્નાન પુરૂષ પોતાના મહજબની વિધિ મુજબ તેણી સાથે જોડાય તે વિધિને લગ્નનુ નામ મલે છે અને તે મુજબ માજદયસ્નાંન જરતોસ્તીઓની લગ્નની અને તે પ્રત્યેની સર્વ ફરજયાતોના વ્યાખ્યાનને આ પુસ્તકનુ નામ "પએવન્દ નામે ઇરાણી જરતોસ્તી' કરી આપવામાં આવ્યું છે.

આ પએવન્દ નામેમાં-ઇરાણના-જરતોસ્તીઓના લગ્ન કરવાની રૂઢી અને રેવાજનુ મુફસેલ બ્યાન આપવામાં આવેલું છે-જો કે તે હિંદુસ્તાનના જરતોસ્તીઓની લગ્ન કરવાની રૂઢીથી મુફારેકત ધરાવે છે. કેમ કે હિંદુસ્તાનના જરતોસ્તીઓ ઇરાણ છોડયા પછી લાબાં વખતના વસવાતથી લગ્નની ક્રિયામાં પણ કેટલીક હિંદિ રસમો આમેઝ થએલી છે. જયારે ઇરાણના જરતોસ્તીઓની લગ્નની વિધિ સાથે કેટલીક રસમો જોડાઇ છે તે તેમાં કાંઇક ધર્મનુ સાર તથા કાઇક દેશ અનુકળ અર્થસુચક લાગેછે. વળી-હિન્દુસ્થાનના જરતોસ્તીઓની લગ્નની ક્રિયામાં પરણતી વખતે પરસપર લગ્નના કોલ કબુલાવ્યા પછી તેઓને માત્ર ભલી દુવાઓના અશિર્વાદ દીધામાં આવે છે. જયારે ઇરાણીઓના લગ્નની ક્રિયામાં એક કુંવારી જીંદગી અને પરણેલી જીંદગીના બે જુદા તબક્કા પાડી પરણેલી જીંદગીવાલાએ ખોદા અને તેની સર્વ કુદરત તરફ કેવા નિયમથી વર્તવું તથા માતા પીતા, ભાઇ બેહન, સાસુ સસરા, સ્ત્રી, ફરઝંદ, ઉસ્તાદ વિગેરે સર્વે ખેશાવન્દો અને મોહલ્લેદાર હમવતનીઓ, પરગામીઓ અને મેહમાનીઓ, મિત્રો અને ગરીબ દુરવેશો તરફ અને ગુજર પામેલા સર્વે ખેશાવન્દો તરફ કેવી મોહબત, પ્યાર અને મમતાથી વર્ત્તવુ તે એક ધાર્મિક ફરજ રૂયે સ્વીસ્તર રીતે બોધ આપી ભલી દુવાઓના અશિર્વાદ દે છે. જે એ પએવન્દ નામેમા જણાવામાં આવ્યું છે અને એથી આ ખ્યાલથી આપણને દુર રાખે છે કે લગ્ન એ એક પસંદગીનું સાટુ છે જે જયાસુધી પસંદગી હોય ત્યાં સુધી તે કાયમ રેહે. પણ નહી. લગ્ન એક ધર્મની ફરજ છે. જે પરણનાર શખ્સ હમેશગી સુધી લગ્નના ગાંઠથી જોડાયલો રેહવાને કોલ આપે છે જે પએવન્દ નામેમાંથી ખુલ્લુ તેહકીક થાય છે.

લગ્ન જે ધર્મની પવિત્ર ફરજછે તે હરેક સ્ત્રી પુરૂષે પોતાની લાયક ઉમરમાં આવતાં એ ફરજનુ પાલન કરવુ આવશ્કયતા ભર્યું છે જે માહાન ચૈતન્ય વડે આ સ્રષ્ટીની હયાતી જોવામાં આવે છે તેમાં પુરૂષ અને પ્રકૃતિ એવી બે જુદી

જુદી શક્તિઓ કામ કરી રહેલી જોવામાં આવે છે. અને એ બન્ને શક્તિઓના એકત્રપણુ હોવાથીજ સૃષ્ટિનું ઉત્તપતી કાર્ય ચાલે છે. એ બે શક્તિ જરાયુ-ઓરથી પેદા થનારી, સ્વદેંજ—પરસેવાથી પેદા થનારી, અંડજ—ઇડાંથી પેદા થનારી ઉદ્‌ભજ—જમીનમા રોપાયલા બીજથી પેદા થનારી એ ચેહારે પ્રકારની જીવ સૃષ્ટિમાં વ્યાપ્ત છે. જે નર અને માદા તરીકે ઓળખાય છે. જે નર મુળ પુરૂષને સ્થાને અને માદા મુળ પ્રકૃતિને સ્થાને છે. જે એનો સંયોગ થતાં સંસાર વ્યવહારના ઉપ્યોગમાં આવે છે—તેમ પુરૂષ જ્યાં સુધી પરણ્યો હોતો નથી ત્યાં સુધી અર્ધો અને સંસાર વ્યવહારને લાયક ગણાતો નથી તેમ તેને તે ગમે એટલી દોલત, પૈસો, માલમીલકત, ઘરબાર, વારી વઝીફા ધરાવતો હોય તોપણુ ગૃહસ્થની સંજ્ઞા મળી શકતી નથી કેમકે ખરી રીતે ઘરને ગૃહ કેવામાં આવતુ નથી પણુ ગૃહિણિને ઘર કેહવામાં આવે છે વાસ્તે સ્ત્રીને કામ, અર્થ, ધર્મ અને મોક્ષના સાંધણુ રૂપ માનેલી છે અને.

१ अर्द्धं भार्या मुनुष्यस्य भार्यास्य श्रेष्टतम सखा।

असहायसय कोफे ऽ स्मिन लोकयात्रासहायिनी ॥

२ नास्ति भार्या समो बधुं नास्ति समो गति।

नास्ति भार्या समोसहायो धर्म संग्रहे ॥

(૧) સ્ત્રી પુરૂષનુ અર્ધું અંગ તથા ઉતમો ઉતમ મિત્ર છે કારણુ કે સહાય વિનાના પુરૂષને આ જગત વિશે લોક વ્યવહારમાં સ્ત્રી સહાયતા કરનારી છે (૨) પુરૂષ લોકમા સ્ત્રી સમાન કોઇ સગું કોઇ ગતિ કે ધર્મ સંગ્રહ કરવામાં સહાયકાર નથી. આથી વંદીદાદમાં અશો અહુરમજદ, જરતોશ્ત પેગામ્બરને કેહે છે કે "આય દુન્યામાં કુંવારા કરતાં પરણેલા માણુસ મને વધું ગમે છે અને પરણેલા કરતાં બચ્ચાં છોકરાવાલા મારી વધુ ખુશી મેળવે છે. અને એ મુજબે આપણા પેગમબર અશો જરથોસ્ત સાહેબને અવસ્તા અને તવારીખી શેહાદતથી ગૃહસંસારી જીંદગી ભોગવતા જોઇએ છીએ. અને તેથી લગન સ્નેહ માટે ખાસ તાકીદ ફરમાવે છે જે લગન સ્નેહની ઉપ્તતી મનુષ્યની ઉતપતિ સાથેજ થયલી છે તે દેશ કાળ અને આપણી કલ્પનાઓ ઉપર નથી તે મનુષ્ય જાતિની પ્રકૃતિના મુળમાં અને સ્વભાવિક છે લગન સ્નેહથી સ્ત્રી પુરૂષના શરીર મન અને આત્માના સંસર્ગ થતા તેઓમાં રહેલા ગુણોની એક પછી એક વૃદ્ધિ થાય છે તેમજ તેઓના સુખની મર્યાદા વધતી જાય છે. લગન થવા પેહલા જેઓ સ્વાર્થી હોય છે તે લગન થવા થછી સ્વભાવ તબદેલ થાય છે જેથી તેઓ પોતાને માટે પોતાની પ્રજાને માટે તથા દુન્યાની આબાદી કરવા માટે પ્રમાર્થમાં પરિણામે છે. આથી લગ્ન સ્નેહનો નિયમ અખંડ રહે એમ કુદરતનું ચાહતું છે. તેમ થાઓ.

લા૦ મેહરવાનજી ખુરશેદજી બેહરામ

કામદીન દસ્તુરના.

કલકત્તા.

સાંકલીયું.

સફે.

પએવન્દ નામે, ઈરાંની જરતોસ્તી

પુરૂષાર્થની વય

માજદયસ્નાન જરતોસ્તીનુ પુરૂષાર્થમાં ક્યારે આવવું થાય છે તે માટેની (તીર યસ્ત ફ઼ા ૧૩ અને બેહેરામ યસ્ત ફ઼ા ૧૩ મામાં) એવી સુચના કરવામાં આવે છે કે "તેસ્તર અને બેહરામ યજદ ૧૫) વર્ષની ઉમરના ખુબસુરત. સફેદ આંખવાલા બુલંદ હિમ્મતથી કામ કરનારા મજબુત અને મરદાનગીવાલા એક મરદના રૂપમાં દેખાય છે. અને એ પછી કહેછે કે એ ઉમરે માણસ પેહલ વેહલો કામ કરતો થાય છે પેહલ વેહલો હિમ્મતવાન થાય છે અને પેહલ વેહલી મરદાનગી મેળવે છે અને એ મુજબ જ્યારે એક જરથોસ્તી જવાનની પંદર વરસની ઉમરે પુગે છે ત્યારે તેને ઉમરના આંકડા ગણીને પરણવા લાયક વિચારવામાં આવે છે. ત્યાર પછી એક ઠરેલો દિવસે તેના નજદીકના સગાં વાહાલાંઓ, ઘણુંકરીને બાનુઓ તેની પોતાની મરજી પુછ્યા વિનાં ભેગા મલીને તે જવાનને માટે એક કુમારિકા પસંદ કરી શુભ દીવસ જોઈ તે જવાનની મા અથવા બેહન અથવા તેનાં નજદીકના સગા વાહાલાઓ માહેલી કોઈ બીજી એક બાનુ પેલી પસંદ કરેલી કુવારિકાને ઘેરે જાય છે.

ત્યાં થોડીએક વાતચીત કીધા પછી તેણી પોતે શું કારણસર પધારી છે તેને લગતી વાત ઘટ્ટા શબ્દોમાં પેલી ચુંટી કાઢેલી કુમારિકાના માબાપો અથવા વાલીઓને કેહેછે અને જો આ માગણી તે કુમારિકાના વાલીઓના ધ્યાંનમાં ઉતરે છે તો તેઓ તેનો ઘટ્ટી રીતે સ્વીકાર કરે છે અને પેલા લાયક થયલા પરણનાર જવાન તરફથી ગયલી બાનુઓ પોતાને ઘેર પાછી ફરે છે ઘણાખરાં તો છોકરીના મા બાપ અથવા વાલી થોડા દિવસ સુધી વિચાર કરીને જવાબ આપવા જણાવે છે અને તે દરમ્યાન પરણવા નિકળેલાં જવાન વિષે ઘટ્ટી પરપુછ કરેછે એક છોકરીના બાબમાંતો તેણીના મા બાપની મરજીથીજ ગોઠવવામાં આવેછે પણ જો એકવાર તે છોકરીને એ બાબે ઇસારો કરી ચેતવવામાં આવે છે તો તેણીની મરજી પણ એક અગત્યની બાબદ થઈ પડે છે. અને ઘણીકવાર એમ બને છે કે પોતાની મા બાપની રાજી ખુશી હોવા છતાં એક છોકરી કોઇ પુરૂષને પોતાના પતિ તરીકે સ્વીકારવાને સાફ ના પાડે છે પણ સાધારણ રીતે તો છોકરી અને છોકરાઓ પોતાના મા બાપની મરજી પ્રમાણેજ અમલ કરેછે અને તે નિયમથી ઉલટા દાખલાઓ જે મળે છે તે અપવાદો સરખાજ ગણાય.

લગ્નને લગતું સાટુ નક્કી કરવા પછી તેને આગળ હાર પાડવા માટે એક શુભ દિવસ ઠેડવવામાં આવે છે આ દિવસે પરણવા નિકલેલાં જવાનના કુટુંબની થોડીએક સ્ત્રીઓ એક લીલા રેશમી રૂમાલમાં ત્રણ દાડમ થોડાક ફુલ અથવા મેદીના પાવાં શાકરનો એક ગાંગડો એક વીંટી અને થોડુ આવીશન (તુલસીના પાલાનું પાણી) લઈને પસંદ કરવામાં આવેલી છોકરીને ઘેર જાય છે અને ત્યાં અરસપરસના આવકારના શબ્દો પસાર થવા બાદ આ પરોણાઓ છોકરીની મા તેમજ પિતાને આ પ્રસંગોનું સાર શબ્દો ઓચરીને એકેક દાડમ ભેટ તરીકે આપે છે પરોણાઓ પોતાની બેટક લેવા બાદ છોકરીના કુટુંબીઓ તેઓની ઉપર ગોલાબ છાંટે છે અને તેઓની સન્મુખ એક આરસી મુકયા બાદ તેઓની હજુરમાં એક રકાબીમાં થોડીએક મીઠાઈ રજુ કરે છે તે મીઠાઈનો સ્વાદ ચાખવા તેઓને શરબતનું એકેક જામ આપવામાં આવે છે. ત્યારપછી પસંદ કરવામાં આવેલી છોકરીને બોલાવવામાં આવે છે પરણવા નીકલેલા જવાનના કુટુંબીઓમાંથી પરોણા તરીકે હાજરે રહેલી ઘણું કરીને તેની બ્હેન અથવા તો કાકી હમેશ રહે છે તેઓમાંથી એક જણ છોકરીને લાવવામાં આવતી તેને એક દાડમ અને જે સાકરના ગાંગડા તેઓ સાથે પોતે લાવ્યા હતા તે તેના મ્હોમાં મુકે છે તેણીના એક આગળા ઉપર વીંટી પહેરાવે છે અને તેણીના માથા ઉપર 'આવીશન' છાંટે છે આ સઘળી ક્રિયા વેલાએ હાજેર રહેલી સર્વે બાનુઓ ભલીદુઆ અને આશિર્વાદના ભલા શબ્દો ઉચ્ચારે છે અને નવી સગાઇનો ગાંઠ લાંબો વખત કાયમ રહે અને પરણવા નિકલેલું જોડું લાંબી જીંદગી ગુજારે હેવી ઇચ્છા જાહેર કરે છે. આ પહેલી ક્રિયા પુરી થવા પછી સઘળા પરોણાઓ પોતાને ઘેર વિદાય થાય છે આ દિવસથી લગ્નનું સાટું નક્કી થયલું અને જોડાનું વેશવાળ થયલુ ગણવામાં આવે છે પણ હજુન સુધી આ જોડાંને એક મેકને મળવા અથવા અચાનક તેઓ સાથે મળે તો અથવા વાત કરે તો તેમ કરવા દેવામાં આવતું નથી ઘણું કરીને તેઓ એક મેકને મળતાં અથવા વાત કરતાં શરમાય છે. એક મેક સાથે વારંવાર વાત કરવાનો મેળાપ કરવાનો એકમેક તરફ પોતાના ચાહની લાગણી જાહેર કરવાનો અરસપરસ ખેર આફીઅત પુછવાનો મુખતેસરમાં કહીએ તો એકમેક સાથે પ્યાર કરવાનો વખત હવે પછી આવે છે જ્યારે ઘરેણા વિગેરે કીંમતી ચીજો પરણવા નીકળેલા વરરાજા અને કન્યાને અરસપરસ ભેટ આપવાથી લગ્નનું સાટુ વધારે મજબુત કરવામાં આવે છે આ વખતને 'શીરીની ખારાન' તરીકે ઓળખવામાં આવે છે.

શીરીની ખારાન.

બંને બાજુની મરજીથી એક દિવસ ફરીથી નક્કી કરવામાં આવે છે. બંને

બાજુવાલા પોતાના સગા મિત્રો અને ઓળખીત્તાઓને પોતાને ત્યાં પધારવાનુ તે દિવસે ઈજન કરે છે બાનુઓ સહવારથી અને ગૃહસ્થો સાંજે પધારે છે તે વખતે પરણવા નીકળેલાં જવાન તરફથી પોતાની મોહરદારને માટે નવા:કપડાનો સપુરણ પોશાક એક સોનાની વીટી અને તેણીના મા બાપને વડે શાકિરના બે ગાંગડા તૈયાર રાખવામાં આવે છે તે ઉપરાંત મહોટા રેશમી રૂમાલમાં મીઠાઈ (૨૧) અથવા (૫૧) રીયાલ નામના સીક્કા અને એક સોનાની વીટીપણ રાખવામાં આવે છે.

સહવારે પરણવા નીકલેલા જવાનને ત્યાં બાનુ પરોણાઓ પધારે છે અને આવકાર આપવામાં આવે છે ખુશહાલી ભરયા પ્રસંગો જેવાંકે લગ્ન, નાવર, વિગેરે વખતે પરોણાઓને સાધારણ રીતીએ ચોકકસ નિયમ મુજબ આવકાર આપવામાં આવે છે પરોણાઓ તેમના મેહમાન થોડાંક ફૂલો અથવા દાડમ વિગેરે ફળ અરસ પરસ ભેટ આપે છે નાસ્તો કીધા પછી સઘળા પરોણાઓ ઘરની બાનુઓ પહેલ વેહલી ભેટો લઇને પરણવા નીકળેલી છોકરીને ઘેરે સીધારે છે તે વેળાએ આખે રસ્તે તેઓની આગળ એક મરદ પોતાના હાથમાં એક સળગેલી મોમબતી લઇને ચાલે છે છોકરીને ઘેરે સઘળા પરોણાઓ ઘટટો આદર સત્કાર કરે છે. અને તેઓને ખુશી ખુરંમીથી આવકાર દેવામાં આવે છે પરોણાઓએ પોતાની બેઠક લીધા પછી તેઓની સન્મુખ મીઠાઈ અને શરબત મેળવામાં આવે છે તેને ઇન્સાફ આપ્યા પછી પરણનાર છોકરાની બેહન અથવા તેની કાકી પોતાને વહેવાઇને ઘેરનાઓને તેઓને માટે લાવવામાં આવેલી ભેટ સોગાંદો અર્પણ કરવામાં આવે છે અને તેમ કરતા હરવખતે તે ભેટ લેનાર ઉપર " આવીશન " છાંટવામાં આવે છે આ રીતે કરવામાં આવેલા છંટકાવને સારા સગુન તરીકે ગણવામાં આવે છે બાનુ પરોણાઓની પરણનાર છોકરીના ઘેરમાં સારી પરોણાઘત કરવાંમાં આવે છે અને ખાણુ લીધા બાદ છેક સાંઝને તેઓ પોતાને ઘેરે પાછા ફેરે છે પરણનાર છોકરો આ વખત પોતાનેજ ઘેરે રહે છે અને તેને માટે તેની ભવિસ્ય મોહરદારના ઘેરથી ખાણુ મોકલી આપવામા આવે છે આ સર્વે ક્રિયાને લગ્ન કરવા નીકળેલા બંને કુંટુંબોમાં સહાજને વખતે ગૃહસ્થો પરોણા તરીકે આવવા માંડે છે તેઓને રેવાજ પ્રમાણે આવકાર આપવામાં આવે છે અને ત્યારબાદ ખાણાની મેજ ઉપર તેઓને લઇ જવામાં આવે છે અને શરાબ અને અરકસાથે હલકો ખોરાક તેઓ સન્મુખ મેલવામાં આવે છે પરણતા છોકરાનાં ઘરમાં બીજા પરોણાઓ જોડે એક ' દેહ મોબેદ ' પણ હાજર થાય છે.

"દેહમોબેદ".

'દેહમોબેદ' કોણ છે તે અત્રે સમજવવુ વાજબી થઇ પડશે. એક 'દેહમોબેદ'ની નેમણુંક જુદા જુદા કામો માટે કોમ તરફથી કરવામાં આવે છે તેનુ કામ ગાહમબારને ટાંકણે કોમના લોકોને સુકો મેવો વિગેરે વહેંચી આપવાનું છે અને તે નાવર નવજોત, લગ્ન અને મરણ વેળાએ પણ ચોકકસ નાની ક્રિયાઓ કરવામાં આગેવાન ભાગ લેછે.

અને દેહમોબેદ કાંઈ ધર્મગુરૂ વર્ગનો હોય એવું કાંઈ નથી પણ મઝકુર ક્રિયાઓ જાણનાર બેહદીન પણ હોઈ શકે છે.

"વરરાજાની પોતાની ભવિસ્યની મોહરદાર સાથની પ્રથમ મુલાકાત.

વરરાજા પોતાની ભવિસ્યની મોહરદાર સાથે પ્રથમ કેવા સંજોગો વચ્ચે મુલાકાત લેછે તે અત્રે જાણવુ અગત્યનુ થઈ પડશે. ઉપર જણાવ્યા મુજબ સઘળા પરોણાઓ એકઠા મળીઆ પછી આગળ જણાવેલી ભેટ સોગાદો મેળાવડા સન્મુખ રજુ કરીને તે દેહ મોબેદના હાથમાં મુકવામાં આવે છે. પણ વીટી અને પૈસા પરણનાર છોકરો પોતાની પાસે રેહવાદે છે હવે સઘળા પરોણાઓ છોકરાને લઇને વહેવાઇને ઘેરે સીધારે છે અહિઆં પરણનાર છોકરીનો બાપ તેઓને ઘટટો આવકાર આપે છે અને સઘળા પરોણાઓ ખુશ ગોફતેગોમાં વખત ગાલે છે તે પછી આસરે સાત આંઠ વાગતાને શુમારે સઘળા રાતનુ ભોજણ લે છે જે વેળાએ બાનુઅ અને ગ્રહસ્થોની બેઠક જુદી જુદી રાખવામાં આવે છે છોકરીના મા બાપો પણ કેટલીએક ભેટ સોગાદો તયાર રાખે છે પરણનાર છોકરાને માટે કપડા તૈયાર રાખવામાં આવે છે અને એક રેશમી રૂમાલમાં મોહાઇ બાંધી મુકેલી હોએ છે હવે એક અનયબ જેવી રસમ પ્રમાણે અમલ કરવામાં આવે છે એક એકાંતિક ઓરડામાં પરણનાર છોકરીને એકલી બેસાડવામાં આવે છે અને ત્યાં પરણનાર છોકરાને પધારવામાં કેહવામાં આવે છે તે વેળા તેના હાથમાં એક વીંટી પૈસા અને શાકરનો એક ટુકડો હોય છે આ ઓરડામાં ભવિસ્યના કદ-ખુદા અને કદ-બાનુને એકલાં મુકીને દરવાજો બંધ કરવામાં આવે છે ત્યાર પછી પરણનાર છોકરો થોડીએક આંચકી પછી પોતાની મોહરદારને વીંટીથી સીંણગારે છે તેણીના હાથમાં પોતાની પાસના પૈસા મુકે છે શાકરનો ટુકડો તેના મોઢાંમાં મુકે છે અને તેણીને એક ચુંબન લે છે આ સઘળી ક્રિયા વેળાએ પેહલીજવાર મલેલુ જોડું તદન ગંભીર ચુપકીદી એખ્તીઆર કરે છે એ સ્વાભાવિક છે આ ખુશહાલી ભર્યું પણ મુશકેળ કામ બજાવ્યા

પછી પરણનાર છોકરો ઓરડાની બાહેર તેની રાહ જોતાં ભેગા મળેળાં મેળાવડા સન્મુખ પાછો ફરે છે અને પરોણાઓની સાથે ભેલાઈ જાય છે ત્યાર પછી તેને પોતાને તેની સાસુ તરફથી તેને માટે રાખવામાં આવેલો પોષાક અર્પણ કરવામાં આવે છે અને તેના માથા ઉપર જ્યારે તેની તોપી પેહરાવે છે ત્યારે સઘળા પરોણાઓના ખુશાલીના અવાજોથી મેળાવડો ગાજીરેહ છે ત્યાર પછી 'દેહમોબેદ' પોતાને હાથે પસ્તાન, બદામ, વિગેરેનો સુકકો મેવો અને મીઠાઈ હાજેર રહેલા બાનુઓ તથા ગ્રહસ્થોમાં વેહચી આપે છે. અને રાત્રે અસુરેથી પરોણાઓ પોતાને ઘેરે સીધારે છે જે વેળાએ બળતી મસાલો લઇને તેઓના નોકર આગળ ચાલે છે પરણનાર જોડાનો મેળાપ આપણે જોયું તેમ પેહલીવારનો છે અને હવે પછી પરણનાર છોકરો પોતાની બાનુને તેણીના ઘેરે અવાર નવાર સીધારે છે ત્યાં તેણીને માટે કાંઈ ભેટ અર્પણ કરવા લાયક ચીજ લઇ જાય છે. પણ પરણનાર છોકરીને તેણીના ભર્તાર ને ઘેરે લગ્નની ક્રિયા થયા આગમજ મોકળવામાં આવતી નથી ઉપર જણાવેલી રૂઢી મુજેબ અદરાવવાની ક્રિયા થયા પછી ચોકસ જુદે જુદે વખતે પહેરામણીઓ કરવામાં આવે છે તેવા એક તાંકણાંનો 'જ્યારત' તરીકે ઓળખવામાં આવે છે.

'જ્યારત—ગાહ'

એ જ્યારત શું છે તે અત્રે સમજાવવું પ્રસંગોપાત થઈ પડશે ઇરાણમાં સાત જુદી જુદી જગ્યાઓ છે જે માહેલી ૬)જગ્યાઓ યજદમાં વસતા જરથોસ્તીઓના રેહઠાણથી ૨—૧૫—૩૬—૪૨—૭૨ અને તીસ માઇલને છેટે આવેલી છે આ જગ્યાઓને જે પવીત્ર ગણવામાં આવી છે અને તેઓંને 'જ્યારત ગાહ' નું નામ આંપવામાં આવેલું છે એવું માનવામાં આવે છે કે સાંસાની વંશના પડી ભાગવાની વખતે જ્યારે યઝદેઝરદ શેહરીયાર અને તેના કુટુંબોને દુશ્મેનો તરફથી જુલમાત ગુજારવામાં આવતો હતો ત્યારે તેઓ જુદે જુદે ઠેકાણે નાશભાગ કરવા લાગ્યા હતા જ્યારે તેઓ દુશ્મેનેનો દોર ખમી શકયાં નહિ ત્યારે તેઓએ ખોદાંની પોતાનું રક્ષણ કરવા માટે બંદગી કીધી હતી અને એમ કહેવામાં આવે છે કે આ બંદગીના પરિણામે પહાડો વચ્ચેથી ફાટ પડી અને શાહેનશાહના કુટુંબીઓ તેમાં જેવા ભરાઈ ગયા કે તુરતજ તે પહાડો પાછા સંધાઇ ગયા હતા દુશ્મેનના દોરથી નહાસી ભરાઈ બેઠેલાં આ કુટુમ્બને હજી પણ પહાડોમાં હયાત માનવામાં આવે છે અને તેઓને પીરની ઉપમાં આપવામાં આવી છે.

"જ્યારત—ગાહે સતીપીર"

આ પહેલ્લી 'જ્યારત ગાહ' ને સતીપીરનું નામ આપવામાં આવે છે

શાહેનશાહ યઝદેજરદની મોહદદાર તરીકે 'સતી'ને ઓળખવામાં આવે છે તેણીને અર્પણ કરવામાં આવેલી જગ્યા તરફ પાક દીવસોમાં ઘણા જરથોસ્તીઓ જાય છે.

'જ્યારત—ગાહે નારેસ્તાન'

આ બીજી જગાને નારેસ્તાનને નામે ઓળખવામાં આવે છે યજદેઝર્દનો દીકરો અર્દશીર અહિં ખોવાઈ ગયલો ધારવામાં આવે છે આ પવિત્ર જગ્યાએ સપંન્દારમદ મહિનામાં લોકો હજ કરવાને જાય છે.

'જ્યારત—ગાહે હયાત બાનુ'

આ ત્રીજી જગાનું નામ 'હયાત—બાનું' અથવા પીરે—સબઝ છે આ પાછલું નામ આપવાનું કારણ એ છે જે ત્યાં હમેશાં બારેમાસ સજીવન રહેતાં ઝાડપાણ ઉગે છે. અને ત્યાં પહાડપરથી ટપક ટપક પાણીના ટીપાં ચાલુ પડતા કરતાં હોવાથી તે જગા 'ચક—ચકુ' તરીકે પણ ઓળખાય છે. યજદેઝરદની દીકરી હયાત—બાનુએ અહિંઆ રક્ષણ લીધેલું માનવામાં આવે છે. આ જગાની મોલાકાત લેવાને જરથોસ્તીઓ કદીમી બેહમન મહિનાના આસ્તાદ રોજે પધારે છે અને ત્યાં ૬) દિવસ સુધી તેઓ રહે છે.

'જ્યારત-ગાહે પીર-એ હરીશ્ત'

ચોથી પવિત્ર જગાને 'પીર એ હરીશ્ત'નું નામ આપવામાં આવેલું છે. અહિંઆ યજદેઝર્દની બીજી દીકરી મુર્વારીદે રક્ષણ લીધેલું માનવામાં આવે છે. કદીમી આદર મહિનાના જશનને દિવસ લોકો આ જગાની મુલાકાત લે છે અને ત્યાં આસરે એક અઠવાડીઉં તેઓ ગુજારે છે.

'જ્યારત—ગાહે બાનુ પારસ'

આ પાંચમી જ્યારત ગાહને બાનુ-પારસ નામથી જાણીતી છે દંતકથા પ્રમાણે આ જગ્યાએ 'ખાતુન-બાનુ અન્દીદ થયાં છે કદીમી સ્પન્દાર મહિનાના દએપમેહેર રોજે અહિઆં ઇરાણીઓ હજ કરવાને આવે છે અને આસરે ૬) દિવસ તેઓ ગુજારે છે.

"જ્યારત-ગાહે પીર એ નારકી"

આ છઠ્ઠી જગાનું નામ 'પીરએ નારકી' છે આ જગાની પીર 'નાજબાનુ' છે ફરવરદીન મહિનાના દએપમહેર રોજે એ જગાની મુલાકાત લેવામાં આવે છે અને ત્યાં ૭ દિવસ ગુજારવામાં આવે છે.

'જ્યારત આહે પીર એ શહરબાનુ"

આ સાતમી જગા તેહરાનની નજદીકમાં છે. ત્યાંની પીરનું નામ 'શહરબાનુ' છે આ જગ્યા યજદથી બહુ દુર હોવાથી ત્યાંના રહેનારાઓ કદાચજ તે તરફ જાય છે પણ જે મુસાફરો તેહરાન તરફ જાય છે તેઓ ત્યાં ઘણું કરીને એક ફેરો ખાઇ આવે છે.

દર વર્ષે ઉપર જણાવેલા જુદા જુદા વખતે ઘણાક જરથોસ્તીઓ ઉપલી જગ્યાઓ તરફ પધારે છે, અને ત્યાં બંદગી કરી પોતા માટે કાંઇ આશિર્વાદ માંગે છે. અથવા તો ફક્ત મોજશોખને માટેજ તેઓ ત્યાં ઉતરી પડે છે. પાંચથી છ દીવસની આ મુસાફરીને 'જ્યારત'નું નામ આપવામાં આવેલું છે જ્યાં એક અદરાયલો છોકરો જ્યારતની મુસાફરી કરવાનું જાહેર કરે છે. ત્યારે તેના મુસાફરી નિકલવાના દિવસે તેની સાસુ તેને ઘેરે મુલાકાત આપે છે. તેણી પોતાની સાથે બે રેશમી રૂમાલો લેતી જાય છે એકમાં 'શીરીની' અથવા મીઠાઇઓ અને બીજામાં 'નુકલીઆત' અથવા પસતાં બદામ આલુ વિગેરે સુકકા મેવાને તરીને બનાવેલી મીઠાઇ બાંધેલી હોય છે. પોતાના જમાઇને ભલી દુવા ગુજારી તેને એક સફળ સફર ઇચ્છી તેણી આ બંને રૂમાલો ભેટ કરે છે ત્યાર બાદ તેણી શરબત પીને પાછી પોતાને ઘરે રવાના થાય છે 'જ્યારત'ની મુસાફરીથી જ્યારે એક અદરાયલો જવાન પાછો ફરે છે ત્યારે પણ તેની સાસુ તેને ઘેરે જાય છે. તે વેળાએ તેણી પોતાની સાથે જમાઇને માટે કપડાનો સંપુર્ણ પોષાક લઇ જાય છે અને પોતાના હાથમાં શાકરનો એક ટુકડો અને ખુલ્ફેના રસથી ભરેલું એક જામ પણ રાખે છે. હમેશના રેવાજ મુજબ પોતાના જમાઇને તેણી પોતાને હાથે પેલો પોશાક અને સાકરનો ગાંગડો અર્પણ કરે છે અને પેલા રસનુ જામ ઘરમાંની બાનુને સ્વાધીન કરે છે 'ખુલફે'ના રસમાં શાકર નાખીને તેનુ શરબત બનાવામાં આવે છે. અને અદરાયલા પુરૂષ પોતાની મુસાફરીથી સહીસલામત પાછો ફરવાથી સઘળાઓને ઉપજેલી ખુશાલીની નીશાન તરીકે આ રીતે બનાવેલું શરબત પીવામાં આવે છે બીજે દિવસે અદરાયલો પુરૂષ પોતાની મોહરદારને માટે પણ કાંઇ ભેટ મોકલે છે. આગલે દિને તેની સાસુ જે જામ તેના ઘરમાં મેલી ગઇ હતી તેની અંદર સોના ચાંદીની કાંઇ ભેટ અથવા તો તે જામની જોડે કોઇપણ જાતના કીમતી કપડાં પોતાની બાનુને માટે તે મોકલી આપે છે આ રીતે જ્યારે પણ એક અદરાયલો જવાન 'જ્યારત' ની મુસાફરીએ અથવા તો કોઇપણ બીજી લાંબી મુસાફરીએ જાય છે ત્યારે અરસપરસ ભેટો હમેશાં કરવામાં આવે છે.

હવે આપણે લગ્નની ક્રિયા અને લગ્ન દિવસને લગતી તૈયારીઓ ઉપર આવીશું આસરે એક મહિના અગાઉથી લગ્નનો નક્કી દિવસ બન્ને બાજુ તરફથી મુકરર કરવામાં આવે છે તે દિવસની થોડા દહાડા આગમજ લગ્ન કરવા નિકલેલાં કુટુમ્બો તરફથી લગ્નને દિવસે હાજેર રહેવાને આમંતણ કરવાને બે માણસો પોતાના સ્નેહીઓ અને ઓળખાણવાલાઓને ઘરે જાતી મુલાકાત આપીને તેઓને ઘટટા શબ્દોમાં ઇજિન કરે છે બાનુઓ પણ આજ રીતે બાનુ પરોણાઓને ઇજન કરવાને જાય છે. બન્ને ઘરમાં લગ્નની ધામધુમ ચાલી રહે છે. નજદીકના સગા વ્હાલાઓ આખો દિવસ ઉતરી પડે છે, પણ બીજા પરોણાઓ તો ફકત સાહાજનને વખતેજ પોતાંની હાજરી આપે છે.

પરણુતી છોકરીને ઘેર લગનને લગતી ખાસ ચીજોની કરવામાં આવતી ગોઠવણ.

(૧)–બે તખ્તાઆના ગલેફ બનાવી શકાય તેટલી લીલા અથવા પીળા રંગની શાતીન.

(૨)–કપડાનો એક મ્હોટો ટુકડો અને સીવવાનો દોરો.

(૩)–પરણતા છોકરાને માટેનો સપુરણ પોષાક અને તેની સાથે ખીસામા રખાય એવી એક છરી એક નિખ્યો એક ખુર્દેહ અવસ્તાની કેતાબ રૂપેરી કલમ વિગેરે લખવાની ચીજોની કલમદાન કેટલાએક જુના સીક્કાઓ સાથની એક નાની પૈસા મુકવાની કોથળી એક કમ્મરબંધ. એક શાલ અને એક ટોપી.

(૪)–પરણતી છોકરીના સઘળા નજદીકના ખેશીઓને માટે અકેકી ટોપી અને અકેક શાકરનો ગાંગડા.

(૫)–એક મ્હોડી પેટી કે જેની અનદર લગ્નને દિવસે પરણતી છોકરીને માટે પોતાના સાસરેથી તેમજ તેણીના બીજા ખેશાસો વિગેરે તરફથી જેજે ભેટ કરવામાં આવે છે તે મુકવામા આવે છે લગ્નની ક્રિયા ખતમ થવા બાદ રાત્રે આ પેટી પરણનાર જવાનને ઘરે લઇ જવામાં આવે છે.

(૬)–મીઠાઇ અને સુકકા મેવાનો એક જહેડો, એક ઇંડું, એક કાતર એક દાડમ અને લીલા રેશમી કાપડનો એક ટુકડો.

ઉપર જણાવેલાં અનુક્રમ–માહેલી પહેલી અને બીજી ચીજો પરણનાર પુરૂષને ઘેરે મોકલી આપવામાં આવે છે ત્યાંપણ કેટલી તૈયારીઓ આગમચથી કરી રાખવામાં આવે છે ત્યાં ગોદરાં, તકયા, વિગેરે બનાવી રાખવામાં આવેલા હોય છે અને તે તકયાઓના ગલેફ ઉપર જણાવેલા સાતીનના ટુકડા વડે બનાવામાં આવે છે લગ્નને દિવસે પાછલા પોહરે પરણનાર છોકરીની મા થોડાંક

નજદીકના ખેશીઓની જોડે પોતાના વહેવાઇને ઘેરે સીધારે છે. તેણી પોતાની સાથે શાકરના ત્રણ ટુકડા રાખે છે, અને તેણીની સાથની બીજી બાનુઓ પણ પોતાના હાથમાં એકેક ગાંગડો લેતી જાય છે. પોતાના જમાઇને માટે તૈયાર કરવામાં આવેલાં બિછાના ઉપર થોડુક 'આવીશન' છાંટીને ભલી દોઆના શબ્દો તેણી ઓચરે છે, અને તે વેળાએ શાકરનો એક ટુકડો પણ તે બિછાના ઉપર તેણી નાખે છે આ ટુકડો ગોડરાં વિગેરે સીવનાર દરજી લઈ જાય છે ત્યારપછી પરણનાર પુરૂષની સાસુની જોડે આવેલી બાનુઓ વહેવાઈ વહેવાણ સન્મુખ હાજેર થઇ તેઓને શાકરનો અકેક ગાંગડો અર્પણ કરે છે પરણનાર પુરૂષનાં મા બાપ પણ પોતાનાં પરોણાઓ આગલ મીઠાઈ, શરબત વીગેરે રજુ કરે છે જેને ઇન્સાફ આપ્યા બાદ તેઓ પોતાને ઘેરે પાછા ફરે છે સહાંજનો વખ્ત થતાં પરણનાર છોકરીની માં ઉપલા અનુક્રમમાં જણાવેલી ત્રીજાં અને ચોથા નંબરવાલી ભેટો લઇને એકવાર ફરીથી પોતાના વહેવાઇને ઘેરે પધારે છે અને જે દરેકને માટે તે ભેટો તૈયાર કરવામાં આવેલી હોય તેઓને તેણી પોતાને હાથે તે અર્પણ કરે છે અને પોતાના જમાઇને માટેનો તૈયાર કરેલો પોશાક તેણી તેના સગાઓને સ્વાધીન કરે છે. હમેશ મુજબના આવકાર, આદરમાન અને મેલાપ પછી તેણી પોતાને ઘરે પાછી ફરે છે.

પરણનાર છોકરીને ત્રણ દિવસ અગાઉથી માથાં વેરથી નહવાડવામાં આવે છે. અને ત્રણ દિવસ સુધી તેણીના માંથાના બાલ તદન સ્વચ્છ હાલતમા રહે તેની સઘળી સંભાળ રાખવામાં આવે છે લગ્નને દિવસે પણ તેણીને નહવાડવામાં આવે છે. પણ તેણીના બાલના ચોટલા ગુઠવામાં આવતા નથી અને અમોરો પણ વાલવામાં આવતો નથી સહાંજને વખતે તેણીને સાસરેથી થોડીક બાનુઓ તેણીને ઘેરે શાકરનો એક ટુકડો, એક નિખ્યો અને એક ગુલાબાશ લઇને આવે છે તેઓ પોતાને હાથે પરણતી છોકરીના માંથાં ઉપર ગોલાબજળ ધોળે છે, અને પોતાની સાથે લાવવામાં આવેલા નવા નિખ્યાવડે તેણીના બાલ હોરે છે, અને પછી તેણીનાં મ્હોમાં શાકરનો ગાંગડો મુકીને તેઓ પાછા ફરે છે.

'પરણતા છોકરાને ત્યાં લગનને લગતી ખાસ ચીજોની ગોઠવણ'

પરણતાં છોકરાને ત્યાં જે ચીજો તૈયાર રાખવામાં આવે છે તે નીચે મુજબ છે.

૧) બાયડીને માટે કપડાંનો તૈયાર સીવી રાખેલો પોષાક, અને થોડાક સીવ્યા વગરના કપડાંના કટકા.

૨) પરણનાર કુમારિકાની માતા, બ્હેન, શિક્ષક, કાકા, અને માસીને માટે એકેક સપાટની જોડ, જે તેઓ દરેકને શાકરના એકેક ગાંગડા સાથે અર્પણ કરવામાં આવે છે.

૩) એક જોડ સપાટ કે જેની અન્દર સાત 'રીયાલ' નામના સિક્કા મુકવામાં આવે છે.

૪) થોડાક 'રીયાલ, ની સાથે મુકેલું એક દાડમ.

૫) ત્રાંબાનુ ખાસ ઘડાવેલું એક વાસણ જેમાં મીઠાઈઓ અને ઉપર જણાવેલું દાડમ મેલવામાં આવે છે.

૬) મીઠાઈનો એક મ્હોટો ખુમચો.

૭) થોડાંક સોના ચાંદીના ઘરેણા

૮) એક તકીયો કે જેની ઉપર બાયડીને ઘરેથી આવેલા સાટીનના ટુકડા વડે બનાવેલો ગલેફ લપેટવામાં આવે છે. કે જેને 'પુસ્તી' કહેછે.

પરણનાર કુંવારિકાને લગનના લેબાસથી સહજ કરવાની ગોઠવણ"

ઉપર જણાવેલી સઘળી ચીજો થોડીક બાનુઓ પરણનાર કુંવારિકાને ઘેરે લઇ જાય છે, જેઓની આગળ આગળ એક પુરૂષ બળતી બતી લઇને ચાલે છે. સહાંજને છેડ ત્યા આ પ્રમાણેનું 'સહાજન' આવી પુગે છે. અને તેઓને ઘણા આવકાર સાથે દાખેલ કરવામાં આવે છે. તથા તેઓ સનમુખ મીઠાઇ અને મિષ્ટાંન મેલવામાં આવે છે. ત્યાર પછી પરણનાર કુમારિકાને બોલાવવામાં આવે છે. અને જેણીને પરોણાઓ વધાવી લે છે. ત્યાર પછી પરણનાર પુરૂષની મા અથવા બહેન અને પરણનાર કુવારિકાની બહેન અને શિક્ષક તયાં ઉભાં થાય છે. અને ઉપર જણાવેલા સાહજનમાં આવેલી બાનુઓ પોતાને હાથે પરણનાર બાયડીને તેણીને માટે લાવવામાં આવેલો સઘલો પોષાક પહેરાવે છે. સીવ્યા વગરના કપડાંઓ. અને મિઠાઇ. દાડમ વગેરે સાથનુ વાસણ તેણીના ખોળામાં તેઓ મેલે છે. અને ત્યારબાદ તેણીને માટે] તૈયાર કરેલા ઘરેણા તેઓ તેણીને પેહરાવે છે તે ઘરેણા નીચે મુજબ હોય છે.

(૧) એક અથવા બે ' પીશ-સરી ' એક અથવા બે સોનાના અથવા ાંદીના સીકકાઓ તેવીજ ધાતુના એક તારવડે બાંધીને આ નામનુ ઘરેણુ બનાવાંમાં આવે છે અને તેવડે પરણનાર કુવારિકાનુ કપાળ સીણગારવામાં આવે છે.

૪૨૯૩

(૨)—એક અથવા બે ગળાની આરસી. આ આરસીઓ ઘણુ કરીને એક ચાંદીના કેસમાં જડવામાં આવે છે અને ચાંદીની એક સાંકળીવડે પરણુ-નાર કુવારીકાના ગળાપરથી તેની છાટી સુધી ઝુલટી રાખવામાં આવે છે.

(૩)—'પર–એ–દસ્તમાલ ' આ સોનાના સીકકાઓ છે જેઓને એક નાની રૂપાંની સાંકળીવડે બાંધીને 'દસ્ત માલ–એ સર' નામના માંથાં બાંધણાને બાંધવામાં આવે છે.

(૪) ' ગુપ ' અથવા રૂપાંની બાંગડીની એક જોડી.

(૫)—મીલ ની એક જોડી જે પણ પાતળી રૂપાંની બાંગડીઓ જેવીજ છે. જે બ્રેસલેટની મુવાફેક પેહરાવામાં આવે છે.

(૬) એક અથવા બે વીંટીઓ.

આ સઘળાં ઘરેણાં પહેરાવામાં આવ્યાબાદ પરણનાર કુવારિકાની માં અથવા બેહન અથવા કાકી જે કોઈ સોહાસણ હોય છે તે પોતાને હાથે પહેલાં તેણીના જમણા પગમાં અને ત્યાર પછી તેણીના ડાબા પગમાં સપાટ પહેરાવે છે. એ મુજબે તેણીને લગ્નના લેબાસથી સહજ કીધા પછી રાતના સાત વાગતાનો વખત થવા આવે છે. તે વેળાએ પરણનાર કુમારિકાના ઘરમાં એક મ્હોટાં દીવાનખાંનામાં ઘણીક બાનુઓ ભેગી મલેલી હોય છે. ત્યાં શેત્રંજી બિછાવામ. આવે છે અને તેની ઉપર એક ગાદી નાખીને પરણનાર કુવારિકા, આગળ જણાવામાં આવેલી ભેટો મેલવા માટેની પેટીને અઢેલીને, બેસે છે. લીલાં રેસમી કાપડના એક ટુકડા વડે તેણીનો ચેહરો ઢાંકેલો રાખવામાં આવે છે તેણીના જમણા હાથ ઉપર પેણીના વરની બ્હેન અથવા કાકી બેઠક લેછે. અને તેણીની ડાબી બાજુએ તેણીના પોતાનાં અનલગનાં બેશીઓ બેસે છે. આ સઘળા મેળાવડાની અધવચમાં એક બતી બળતી રાખવામાં આવેછે. કુટુંબની અને બીજી બાનુઓથી દીવાનખાનુ ચીકાર ભરાઇ ગયલું હોય છે અને ઘરની અગાસીઓ ઉપર પણ બાહેરનાં લોકો આ દેખાવ જોવાની આતુરતાથી આવીને એકઠાં મળે છે અને હમેશની રીતમુજબ ભેગા મલેલા મેળાવડાની બાનુઓએ પેહરેલા કપડા ઉપર જુદી જુદી ટીકાંઓ ચાલે છે પરણનાર છોકરીને પુર દબદબાથી સીણગારવામાં આવે છે અને તેણીના પોષાક તરફ પોતાના પસંદગી યા ના પસંદગી દર્શાવ્યા વિના રહી શકતી નથી. હવે કુમારિકાને તેના લગ્નની તેણીની પસંદગી માટેનો વાદવિવાદ ચલાવવામાં આવે છે. જે

સવાલ જવાબને લગતી ક્રિયા

શુરૂ કરવામાં આવે છે. અને તે વેળાએ પરણનાર કુવારિકાને તેણીની

પડોશમાં બેઠેલી બાનુઓ જવાબો કેમ આપવા તે શીખવે છે પરણનાર પુરૂષને ઘેર સઘળા ગૃહસ્થ પરોણાઓ ભેગા મળે છે, અને તે વેળાએ, 'દેહમોબેદ'–હાજેર થયલા ઓમાના જેઓ 'વકીલપુર્સીદન' ની ક્રિયામાં ભાગ લેવાને પોતાની ઇચ્છા દર્શાવે તેઓને એકેક મોમબતી સળગાવીને આપે છે સાધારણ રીતે ઉમરે પુગેલા ગ્રહસ્થોને એ કામ માટે વધારે લાયક ગણવામાં આવે છે. આ સઘળા ગૃહસ્થોને શાક્ષિઓ તરીકે કામ કરવુ પડે છે. ઓછામાં ઓછી સાત સાક્ષિઓની હાજરી અવસ્યની ગણવામાં આવે છે જો કે સાધારણ રીતે તો બીજા ઘણા સાક્ષીઓ તરીકે કામ કરવા બાહેર પડે છે. સઘળા ગૃહસ્થ પરોણાઓ હવે એક સેહાજનનાં આકારમાં પરણતી સ્ત્રીને ઘરે જાય છે. અને તેઓમાં સાક્ષીઓ સળગેલી મોમબતી લઇને ચાલે છે. ત્યાં પહોંચતાં તેઓ પોતાની બેઠક લેતા નથી. પણ જે દીવાનખાનામાં પરણતી સ્ત્રીને બેસાડવામાં આવેલી હોય છે, ત્યાં તેઓ ઉભારહે છે. સઘળાઓ ખુશી ખુરમીની વાતો કરે છે અને તેઓને ઉભા ઉભાજ શરાબ વિગેરે આપવામાં આવે છે. હવે દેહ મોબેદ સઘળાંઓને ચુપકીદી એખ્તીઆર કરવાને ફરમાવે છે અને ત્યાર પછી તે પરણતી સ્ત્રીને નીચે મુજબ સવાલ કરે છે

(પરણતી સ્ત્રીનું નામ રૂશતમની બેટી મેહરબાનું છે એમ વાચનારે માની લેવુ)

"રૂશતમની બેટી મેહરબાનુ" આ રીતે તેણીને નવથી અગ્યાર વખત બોલાવામાં આવે છે પણ તેની તેનો કશો પણ જવાબ આપ્યા વિના મુંગી બેસી રહે છે આ વેળાએ હાજેર થયલી મિજલસના લોકો તરેહવાર મશ્કેરી કરે છે, કોઇ કેહશે કે તેણી પીરએ સબઝની જ્યારતપર ગઇ છે અને ત્યાં માર્ગમાં અટકી પડી હશે?' જો પરણનાર સ્ત્રી ખેડુત વર્ગની હોય તો કોઇ કેહશે કે એતો તેણી બાગમાં ગઇ હશે. અને ત્યાં ગોલાબ તોડવામાં રોકાઇ ગયલી હશે; હમણા તેણી આવી લાગશે" એવા એવા ટુચકાઓની વચ્ચે નવમી કે અગ્યારમી વાર 'દેહમોબેદ' પરણનાર સ્ત્રીનુ નામ પોકારે છે ત્યારે તેણી 'બલે' અથવા 'જી' શબ્દથી જવાબ આપે છે સઘળા ગૃહસ્થો આ શબ્દ સહમજતાંવાર ખુશાલીના પોકારો કરી મેલે છે એકવાર ફરીથી મીજલસને શાંત પાડવા બાદ 'દેહમોબેદ' પરણનાર સ્ત્રીને મહોટે અવાજે દાદાર અહુરમજદ અને યજદ અમેશાસ્પન્દોની નીચે મુજબ ખુસ્તુદી ચાહતાં તેણીને સવાલો કરે છે:—

("બ-રોખસ્તેહ દાદાર અહુરમજદ. બરોખસ્તેહ દીનપાક અહુરમજદ, બરોખસ્તેહ ફરેસ્તેહ વેહમન અમેશાસ્પન્દ, બ-રોખ-

સ્તેહ અર્દિબેહુસ્ત પાક પાદશાહે બેહસ્ત, બરોખસ્તેહ શાહ આદર યજદ. આદર ખરોહ વ આદર ગુશાસ્પ વ આદર બુર્જીન મેહર, બ-રોખસ્તેહ માહ યજદ રોશન દીદાર રોશન કેરદાર બ-રોખસ્તેહ તેશતર યજદ નુરમંદ બુલંદ અર્જમંદ, બરોખસ્તેહ મેહર યજદ મેહરબાંન વજીરે અઝ્મેયજદાંન બરોખસ્તેહ ફરેસ્તેહ શરૂશયજદ અશુએ ફીરોજગર દીદબાને રૂજ વ પાસબાને શબ નેગેહદારે તનોરવાને જમીઅ બેહદીનાંન વ બસ્તે કુશતીઆને હુફ્તકેશવર જમીન બરોખસ્તેહ રશને યજદ ત્રાજુદાર-બરોખસ્તેહ શાહ વરહેરામ યજદ ફીરોજગર અર્થએશતાર દરશફદાર દુશમેને દીને વેહી જદાર ગેહાન દારતાર બરોખસ્તેહ આસ્તાદ યજદ ફર શાખદાર બ-રોખસ્તેહ અનારામ યજદ અનગ્ર રોશન ગાહે બોદા બ-રોખશતેહ અમેષાસ્પન્દાન વફરેસ્તેગાન કે જુમલેસર હાઝરંદ બરોખસ્તેહ શોમાવહાન કે જુમલે દરીન મજલેસ હાઝરીદ.

અર્થ—દાદાર અહુરમજદ અને તેની ભલી દીનની ખુસ્નુદીથી બેહમન અમેષાસ્પન્દ અને બહેસ્તનો ભલો પાદશાહ અરદીબેહસ્ત અમેષાસ્પન્દની ખુસ્નુદીથી. આદર યજદ અને આદર ખરોહે આદર ગોશઅસ્પ તથા આદર બુર્જીન મેહરની ખુસ્નુદીથી. પ્રકાશિત ચેહરાના કિર્તીવંત માહયજદની ખુસ્નુદીથી. નુરમંદ અને બુલંદ દબદબાવાલા તીર યજદની ખુસ્નુદીથી. દાદાર અહુરમજદના વડા વજીર કૃપાલુ મહેર યજદની ખુસ્નુદીથી. હફ્ત કેશવર જમીનના ભલી દીન ધરાવનારા અને કુસ્તી બાંધરાના લોકનું રાત દિવસ તન મનનું રક્ષણ કરનાર અશો અને ફતેહમંદ શરોશ યજદની ખુસ્નુદીથી ઇન્સાફનો પલ્લુ ધરાવના સાચ્ચા રશ્ને યજદની ખુસ્નુદીથી બહેરામ યજદ જે ફતેહમંદ અને લડાયક ફ-તેહનો વાવટો ધરાવનાર દીન દુશ્મેનને મારનાર અને દુન્યાનુ રક્ષણ કરનાર છે તેની ખુસ્નુદીથી ફરાખી આપનાર અને દુન્યાની આબાદી કરનાર આસ્તાદ યજદની ખુસ્નુદીથી અનંત રોશની ધરાવનાર અનારામ યજદની ખુસ્નુદીથી તમામ અમેષાસ્પન્દો અને ફરેસ્તાઓ જેઓ આ મીજલસમાં હાજેર થયા તેઓની તથા તમો સર્વે નેક મીજલસીઓની ખુસ્નુદીથી.) તુ—

“ રૂસ્તમની દીકરી મેહરબાનું મેહરવાનના દીકરા શોહરાબ શાથે પરણવાને રાજી છો?” પરણનાર સ્ત્રી એકવાર ફરીથી હાકારમાં જવાબ વાલેછે અને એકવાર ફરીથી મિજલશના ખુશહાલીના પોકારોથી દીવાનખાણું ગાજી રેહેછે

ત્રીજો સવાલ 'દેહમોબેદ' નીચે મુજબ પુછે છે "તમારો વકીલ કોણછે" અને તમારી તરફથી કામ કરવામે સતા કોણને આપીછે પરણનાર સ્ત્રી પોતાના બાપનુ અને તેની ગેરહાજરીમાં પોતાના ભાઇ અથવા કાકા અથવા કોઇ બીજા વાલીનુ નામ દે છે એકવાર ફરીથી ખુશાલીના પોકારો કરવામાં આવેછે સઘળી મિજલસ પરણનાર સ્ત્રી પોતાની રાજી ખુશીથી લગ્નના ગાંઠથી બંધાવા તૈયારછે એવી ગવાહી આપવાને કામ લાગેછે આટલી ક્રિયા થવા બાદ સઘળા પરોણાઓ વચ્ચે એક-વાર ફરીથી શરબત અને શરાબ વહેંચવામાં આવેછે.

પરણનાર સ્ત્રીના ઘેરમાં લગ્નને દિવસે શું શું ચીજો ત્યાર રાખવામાં આવે છે તેનો અનુક્રમ આપણ આગળ જોઇ ગયા છીયે તે માંહેલી પાંચમાં અને છઠ્ઠા નંબર વાલી ચીજો દેહમોબેદનાં સ્વાધીનમાં હવે આપવામાં આવે છે અને તે સઘળી મીજલસને લઇ પરણનાર પુરૂષને ઘરે પાછા ફરેછે તેઓની પુઠે પરણનાર સ્ત્રીની મા પણ આવે છે.

લગ્નને લગતી છેલ્લી ક્રિયા

અહિં કરવામાં આવે છે સઘળાં પરોણાઓ માટે એક મોહટાં દીવાંનખાં-નાંમાં જગા કરવાંમાં આવે છે. ક્રિયા કરનાર મોબેદ, પરણનાર, પરણનાર સ્ત્રી તરફનો પ્રતિનિધી, પરણનાર જવાન પોતે અને તેના ભાઇ અથવા કોઇ નજદીકનો ખેશી આવેલા એ હાજર થાયછે. પણ પરણનાર સ્ત્રીને એકદમ આ મેલાવડામાં હાજેર કરવાંમાં આવતી નથી. ઉપર જણાવેળા સઘળાઓ જેઓને ક્રિયામાં અગતનો ભાગ આપવામાં આવે છે તેઓ પાદીઆબ કુસ્તી કરેછે. ત્યારપછી પરણનાર જવાન અને પરણનાર કુવારિકાના પ્રતિનિધીને એકેકની સામુ મ્હોં-ફરી ક્રિયા કરનાર મોબેદની સન્મુખ બેસાડવામાં આવે છે આ ક્રિયા માટે ખાસ તૈયાર કરવામાં આવેલી ગાદી જે ઉપર આગલ પરણનાર કુવારિકાને તેણીનાં ઘરમાં બેસાડવામાં આવીહતી તે ઉપર તેણીનો પ્રતિનિધી બેઠક લેછે. 'દેહેમોબેદ' ને જે ચીજો પરણનાર સ્ત્રીને ઘરેથી સ્વાધીન કરવામાં આવીહતી તે મેલાવડાની વચ્ચોવચમાં, ક્રિયા કરનાર મોબેદની સનમુખ મેલવાંમાં આવેછે. પરણનાર પુરૂષના જમણા હાથમાં થોડોક સુકો મેવો દેહ મોબેદ મુકેછે અને પછી પરણનાર સ્ત્રીના પ્રતિનિધીના જમણા હાથમાં તેનો હાથ મેલાવે છે હાથમાં હાથ મેલાવાની આરસમ લગ્નના ગાંઠની એક નીશાની તરીકે ગણવામાં આવેછે અને સઘળી ક્રિયા સંપુર્ણ થાય ત્યાસુધી આજ રીતે આ બન્ને પુરૂષોને બેસવુ પડેછે પરણનાર પુરૂષના ભાઈ અથવા અથવા બીજા ખેશીને તેની પછવાડે પરણનારનાં માંથાં ઉપર પોતાના હાથ જોડેલા મુકીને ઉભો રાખવામાં આવેછે. અને તે હાથોમાં 'દેહેમોબેદ'

પોતાની સાથે લાવવામાં આવેલી "શેપ" માંહેલું હીડું દાડમ કાતર, અને થોડોક સુકકો મેવો મેલેછે આ રીતે જોડીને મેલેલા હાથો આખી ક્રિયા દરમ્યાંન પરણનાર જવાનના માંથા ઉપર ધરીનેજ આ પુરૂષને ઉભું રહેવાની ફરજ છે. હવે આશિર્વાદની ક્રિયા શુરૂ કરવાનો વખત આવેછે. પણ તે પેહલાં 'દેહમોબેદ' ક્રિયા કરનાર મોબેદની સનમુખ પોતે પરણનાર સ્ત્રીને જે સવાલો પુછયા હતા તેના જે જવાબો મલ્યા હતા તેનો હવાલો આપેછે. અને પોતાના કેહવામાં ટેકામાં હાજેર થયલી મિજલસની ગવાહી તે આપેછે આશિર્વાદ દેવાની અને વઅજ કરવાની ક્રિયાની આગમચ પરણનાર જવાનને અને પરણનાર કુવારિકાને પ્રતિનિધિને એકેક પછી સાદમારીને નીચલી પરપુછ કરેછે-: "હુ ધારૂંછું કે તમોએ આ આગમચ કોઈ બીજાંની સાથે લગ્નનું સાટું કર્યુંનથી અને તેનુ કોઇ સાટુ રદ કર્યું નથી. હું આશા રાખુંછુ કે લગ્નના આ સાંટાં સામે વાંધો લેવા જેવું કાંઈ નથી જો તે સામે કાંઇ પણ વાંધો હોય અથવા તો આ ક્રિયાની આગમચ કોઇ બીજાની સાથે તમોએ લગ્નનુ સાટું કરીનેતે તોડયું હોય તો તેમાટે હુ જોખમદાર રહીશ નહિ. આ લગ્નના સંબંધમાં કોઈપણ રીતનો વાંદો અથવા હરગાઇ હસ્તી ધરાવતી નથી એવી ખાતરીથી અને એવીજ ધારણથી, હું આ લગ્નની ક્રિયા કરૂંછુ એપછી હમેશની રીત મુજબ પરણતાં જોડા સન્મુખ ભલી શિખામણોથી ભરપુર એક વઅઝ કરેછે કે

(ત્રીમાસિક-જરતોસ્તી. ફા૦ ૪. અંક ૧ લો.)

કુવારી અને પરણેલી જીંદગીના પાપ-અને પુણ વિષે.

ફ૦ (૧) બનામે ખુદા મુબારકે એમ રોજે ફ્રરેહે કદ-ખોદાઇ બરેતાઈ. ફુરેહે કદ-ખોદાઈ માનીઅશ આનોન કે રેહ-ખોદા વ પયગમ્બર પીશગારી.

(૨) વ કેરફેહ વ સવાબી કે અજ અઝબી કેરી યકી દેહ-ઓન, વ ગુનાહી કે અજ મઝબી કેરી યકીયકોન, વ કોદામીકે કદ-ખોદાબેન કેરફેહ વ સવાબી કે કેરન યકીયકોન. ખોદા ન-ખાસ્તેહ અગર ગોનાહી અજાંન સરઝને યકી દેહોન.

(૩) વચન્દ કેર્ફેહ વ સવાબ ઓન કે ફરજયાતે રેહદીન ઓન કે વે વા-કરતે વ દર વકતે ખા તકસીર નવા-કરતે.

અર્થ- (ફા.૧) ખોદાના નામથી (કહુછુ કે) આજના મોબારક દિવસે તમો ગૃહસ્થાશ્રમના તખકકામાં પ્રવેશ થાઓ છો જેથ હસ્થાશ્રમના તરીકાની મત-

લબ એ છે જે-ખોદાઇ રાહ અશો જરતોસ્ત મેહરે સ્પેન્તમાન અનોશેહરવાનના ફરમાવ્યામુજબ એખતીઆર કરવી.

(૨) અને જે કુવારી જીંદગીમાં સવાબના નેક કાંમ કરો તે દરેકનુ દસધણું સવાબ લેખાયછે અને ગુનાહના કામ થાય તે દરેકનુ એક ધણો ગુનાહ લેખાય છે. પણ જેકોઇ કદ-ખોદા (ગૃહસ્વામી.) થાય અને સવાબના નેક કાર્ય કરે તે દરેકનુ એક ધણુ સવાબ લેખાય છે. અગરજો તેનાથી ખોદા ન ચાહે ને ગુનાહ વાકેઅ થાય તો તે દરેક નો દસધણો ગુનાહ લેખાય છે.

(૩) તથા કેટલાંએક સવાબના કાર્યો છે જે માજદયસની દીનની ફરજ સવાબ કરવાને સજાવાર ગણે છે તે માટેની પોતાના એયામમાં કસર કોતાહી અને ખામી કરવી નહિ.

અ૦ (૪) અવ્વલ ખુર્શીદ ન્યૉયસ ઓન ફઝીસે વકત વૉજેબ ઓન ખુર્શીદ ન્યૉયશ વે વૉખન. દર અવ્વલ સોબહ, વ નીમ-રૂજ, વ પસીન, વ અગર કસી ખુર્શીદ ન્યૉયશ નઝાના બરાબર ખુર્શીદ વીસ્તા વ કુસ્તીનો વેકેરા વસદો સીઓ પંજ યથા અહી વૈર્યો વ પંજ અષેમ વોહી વે ખીનન ચને ઓનકે ખુર્શીદ ન્યૉ-યશ શેખના.

(૪) અર્થ-પ્રથમ-ખુરશેદ ન્યાયશના સવાબને લગતી ફરજ છે. જે દર-રોજ ત્રણવાર-સહવાર, બપોરે અને સાંહજે (હાવન, રપીથ્વીન અને ઉજયેરિન ગાહમા) ખુરશીદ ન્યાયસ ભણવી-સજાવાર છે પણ જેકોઇને ખુરશીદ ન્યાયશ ભણતાં આવડતી નહિ હોયતો આફ્તાબ સનમુખ ઉભા રહી. નવી નીરંગ કુસ્તી કરી યથા અહી વૈર્યો (૧૩૫) અને અષેમ વોહી-(૫) ભણે તે જાણે ખુરશેદ ન્યાયશ કીધા સમાન છે.

અ૦ (૫) દુવ્વેમ કેર્દેહ મૉહ ન્યૉયશ ઓન શવી યકી વો-જેબ ઓન કે વે ખીનન વ અગર મુયસર ન-બુત. હરનો-માહી સે બૉર મૉહ ન્યૉયશ વે વાખન શવી કે નોબુત શવી કે નીમે રસા શવીકે પનહાન બુત.

અગર આંનકસ મૉહ ન્યૉયશ નઝાના બરાબર મૉહ વીસ્તન વ કુસ્તી નો વેકરન વ હફ્તાદો પંજ યથા અહી વૈર્યો વ પંજ અષેમ વોહી વે ખીનન. ચને ઓન કે મૉહ ન્યૉયશ શેખના.

(૫) અર્થ-બીજુ સવાબ માહ બોખ્તારની ન્યાયશને લગતુ છે જે દર રાત્રે એક વખત ભણવી-સજાવાર છે. અને દરરાત્રે ભણવાને બની શકતુ નહિ

હોય તો દર મહિને ત્રણવખત જ્યારે એકમને દિવસે ચંદ્ર વ્યુત્પત થાય. તથા પુર્ણિમાને દિવસે ચંદ્ર પુરણુ થાય. અને અમવાસ ને દિવસે ચંદ્ર અદર ક્યમાન થાય તે રાત્રિએ માહન્યાયશ ભણવી સજાવાર છે. પણ જો કોઇ શક્ષ માહન્યાયશ ભણી જાણુતો નહિ હોયતો માહ બોખ્તાર (ચંદ્ર) સનમુખ ઉભારહી નીરંગ કુસ્તી તાજી કરી. (૭૫) યથા અહી વૈર્યં અને (૫ અશેમ વોહી ભણે તે જાણે માહ યજદની ન્યાયશ કરવા સમાન છે.

અ૦ (૬) સેવ્વોમ કેરફેહ ગાહમ્બાર-યશતઓન. હશતનીરા વૅાજેબઓન કે યકી ગાહમ્બાર વે કરન અગર યકીનશે કરતે નેસફી અગર નેસફી નસે કરતે ચેહૅાર યકી અગર ચેહૅાર યકી નશે કરતે હશતયકી અગર હશતયકી નસે કરતે યા ગહીકે ગૅાહામ્બાર બુત કહમે બયર ઉનન વ, આફ્રીંગાને ગૅાહામ્બાર અર્ખીનન વ ચૅાશની વ મ્યજદે ગૅાહમ્બાર વે ખરન કે હમ કેર્ફેહમવસવૅાબ ગાહમ્બાર બન.

(૬) અર્થ–ત્રિજુ–સવાબ ગાહમ્બારની–આરાધણા કરવાને લગતુ છે (ગા૦ વરસ(૧)ના(૬)અધ્યામ પર આવે છે) જે દરેક મા૦ જરતોસ્તીને તેના અખ્તિઆપર એક ગાહામ્બાર કરવાને સજાવાર છે પણ જો એક ગાહામ્બાર એકલાથી બની શકતો નહી હોય તો (બીજા શક્ષ સાથે શરીક થાઈ ગાહમ્બાર ખરચનો) $\frac{1}{2}$ કે $\frac{1}{4}$ કે $\frac{1}{8}$ મા હીસ્સા સુધી ભાગ આપી ગાહમ્બાર કરવો અગર તેમ પણ બની શકતુ નહિ હોયતો જયા ગાહામ્બારની આરાધણા થતી હોય ત્યાં જઈ ગાહામ્બારની આફ્રીંગાનની ક્રિયામાં હમશરીક થવુ–અને ગાહામ્બારની ઇંજેલી મેજ વીગેરેની ચાશ્ની કરવી કે ગાહામ્બારના સવાબનો હમએહરેં હાસેલ થાય.

અ૦ (૭) ચેહારૂમ કેર્ફેહ પંજવેહ જરતોશત સપન્તમાન ઓન કેહમા રવાનાન વ ફરવહરાને બેહશ્ત વ દોઝખી રેસ્તગારી યાબન વ દુન્યા તાયન બરમા વૅાજેબઓન કે આન પંજરૂજ પંજ ખેદમતે ફ્રવહરાંન વેકરીમ વ આનચે કાનુન રેહદીન ઓન થારસનીમ વ વરેબુત વ દરૂન આફ્રિગાન તકસીર નવૅા કરતે કે 'રવાનાન વ ફ્રહવરાન ખુરસુદ વ તસસલીબન,વ આફ્રીન વેકરન વ હીમત નેકે વ વેહમુન હમરાહ વેકેરેન વ દોઆએ ખયર વેકરન.

(૭) અર્થ–ચોથુ સવાબ જરતોસ્ત સપીતમાનના (ફરમાવેલા) પાંચ

મુજોગે ફરવરદેગાનના દિવસોને લગતુ છે કે જે દિવસોપર સર્વ બેહસ્તી અને દોજખી રવાનો અને ફરોહરો છુટકારો પામી આએ ગેતીની દુન્યા ઉપર આવે છે જેથી આપણને સજાવાર છે એ પાંચ દીવસો ઉપર ફરોહરોની આરાધણા કરવી અને જે કાંઈ દીનધર્મનો કાયદો હોય તે મુજબ બજ લાવ્યે તથા દરૂન (બાજ) તથા આફ્રીનગાન કરવાની કુતાહી-કસુર નહી રાખ્યે કે જેથી રવાનો અને ફરોહરો ખુસ્નુદ અને રાજી થાય તથા તેઓ દુવા ગુજારે માટે ભલી હીમતથી નેક સવાબના કામ કર્યે અને દોવા ગુજાર્યે.

અ૦ (૮) પન્જુમ કેઈહ રોજ હા, વ મૉહગુન વ સાલે પેદરો મૉદરો મમસો બૉમેસો ખીશુન વ ખીશૉનવન્દુન કે દારીમ દરૂન વ મયજદો આફ્રિનગાન વ ખેર ખેરાત વ કેરીમ કે ખુશ્નુદ બન વ દોઆએ ખેર વેકરન, કે બરકતે ખાન માન બુત.

(૮) અર્થ-પાચમુ સવાબ આપણા ગુજર પામેલા માત. પિતા, મમાઈ, મમાવા, વીગેરે પોતાના સંગાં સનેહીઓના રોજ મહિના અને વર્ષાના અવસરો પર તેઓની યાચના માટે દરૂન બાજ મ્યજદ આફ્રીનગાન કરયે તથા સબાવનના કામ કરયે કે તેઓ ખુસ્નુદ થાય અને ભલી દુવા ગુજારે જેથી આપણુ ઘેર આબાદી ભર્યુ રેહ.

અ૦ (૯) શશોમ કેરફેહ રપિથ્વીન યશતઓન. હુરતનીરો વૉજેબઓન, કે સાલી યકબાર રપિથ્વીન વે યજન, અગર યકતન રપિથ્વીન યશતન મુયસર ન-બુત વેશુત યા ગહી કે રપિથ્વન વે યજન, વાજે રપિથ્વીન અફનારેહ, કે અગર ના-દાનેસ્તેહ ખુની, યા મેદી, યા નુવની, યા હેદરી, શો ઓવ યા આતેશ રસ્નાદેહ બુત રપિથ્વીન આન બપહેરીઝદ. કે પાદ ફ્રરાહે આન કસ નરસદ.

દીગર આનકે તમામ જીંદગીએ ખલક અજ એનસો જી જેનસ અજ રપીથ્વીન ઓન, વ રપિથ્વીન દરતોવેશ્તાંન દર આસ્માંન મકૉન વ મેસકન દૉરેહ અજ હમરાહે-ખુર્શીદ પર્વરશે દખલે મીવેહ દારો દેરખ્ત તે, વ દર જમેસ્તાન શીવ જમીન શુત વ રીશેહે દારો દેરખ્ત વ ઓર્વરાન નેગેહદૉરી કેરા કે હુશ્ક ન-બુત. હાસેલ વનફ્એ ગેતી અજ રપીથ્વીન ઓન, વ ફરજયૉતે રેહદીન ઓન કેહુરસાલ યકબાર રપિથ્વન વે યજન, કે શરીકે રપિથ્વન બન.

(૯) અર્થ—છઠ્ઠુ સવાબ રપીથવીન ઇંજવાને લગતું છે જે દરેક—મા૦ જરતોસ્તીને દરસાલ એકવાર (રપીથવીન ફરવરદીન માહ હોરમજદ રોજથી શીરૂથાયછે) રપીથવીન ઇંજની સજાવાર છે પણ જો એકલાથી રપિથવન ઇજાવી અનુકુળ નહિ થતુ હોયતો જયાંક રપીથ્વી ઇંજાતી હોય ત્યાં જઈ રપીથ્વનના આફ્રીગાનના ભણતરની વાજ લઈ ક્રિયાંમાં શામેલ થવું જેથી જો અંજાણપણે પાણી અથવા આતશમાં લોહી, યા નખ, યા બાલ અથવા કોઈ પ્રકારનો 'નસો' પોહચાડવામાં આવ્યો હોય તો રપીથ્વીન પરહેઝ રાખશે અને તે શક્ષના રવાંનને આઝાબ નહિ પોહચે.

બીજુ એ જે દુન્યાની તમામ હયાતી આદમીથી તે ઝાડપાણ વનસ્પતિ વિગેરે સર્વ જીવજંતુ સુધાની રપીથવીનથી છે અને તે (રપીથવીન) ગરમીની રૂતુમાં આકાસમાં પોતાનુ સ્થળ અને રેહેઠાણ કરી સુર્ય સાથે ઝાડપાણ ઓષધી ફળફળાદિ વીગેરે પૈદાયશનુ એફાજત અને રક્ષાણ કરે છે તથા શિયાળાની રૂતુમાં પૃથ્વિમા નિવાસ થઈ ઝાડપાણ, વનસ્પતિ ઓષધીના થડ અને રેષાઓનુ રક્ષણ કરે છે. કે જે સુકઈ નાંહી જાય.

દુન્યાની સર્વ. પેદાયશ અને આમદની રપીથ્વીનથી છે. જેથી—દીની ફરજ છે કે હર સાલ યક વકત રપીથ્વીન ઇંજનવે યા રપીથ્વીનના સવાબમાં હમશરીક થાય.

અ૦ (૧૦) હફ્તોમ કેર્ફેહ સુદરાહ વ કુશ્તી બસ્તઓન હર ફરઝન્દી દેહ સાલેબુત વૉજેબ ઓન સુદરાહ વ કુશ્તી અબનેહ. હરકે રેહદીન અહુરમજદ દૉરેહ વ બન્દે દીન શે—મ્યૉન બસ્તેહ હરગૉમીનેહ હજારે દાવીસ્ત દેરમ સવૉબ દૉરેહ, વ સવૉબી કે વહાન હસકેશ્વર જમીન કેરન આંનકસ હમ બેહરએ વ હમ દૉખેલઆંન સવૉબ ઓન—અગર બોદા ન—ખાસ્તેહ કે સુદરાહો કુશ્તી શે મ્યોન ન—હા. વ હરગૉમી કે બી સુદરાહ વ કુશ્તી નેહ. હજારે દાવીસ્ત દેરમ ગુનાહ દૉરેહ. વ. ગોનાહી કે ગુનાહ કારાને હફ્તકેશ્વર જમીન કેરન આનકસ હમ દૉખેલ આન ગુનાહ ઓન. ગરઝકે સુદરાહ વ કુશ્તી અઝખા બોદા નવૉ કરતે વ હમીશેહ નો વેવૉ કરતે. કે સેતાયશે અહુરમજદ વે કરન.

(૧૦) અર્થ—સાતમુ સવાબ સુદરહે પેહરી તે ઉપર કુસ્તી બાંધવાને લગતુ છે. માજદયસ્નાન ફિરકાનુ એક ફરઝંદ જે દસ વર્ષનુ થાય કે તેને સુદરેહ

કુસ્તી પેહરાવવો સજાવાર છે જે કોઈ અહુરમજદી દીન ધરાવનાર હોય અને તે દીનનો કમ્મરબંધ બાંધી ફરે તેને દરેક કદમે બારસો (૧૨૦૦) દેરમના પ્રમાણનો સવાબ હાંસેલ થાય અને દરેક સવાબ જેમ હમેકેસ્વર જમીનના નેક લોકો કરે છે તે સવાબમાં હમશરીક થઈ સવાબનો હમએહરે માટે શામેલ થાય છે. અગર જો ખોદા ન કરે ને જે કોઈ સુદરેહ અને કુસ્તી કમ્મરપર નહી બાંધીને ફરે તો દરેક કદમે બારસો દેરમના પ્રમાણનો ગુનાહ લાગુ પડે જે દરેક ગુનાહ હમેકેસ્વર જમીનના ગુનાહકારો કરે છે તે ગુનાહમાં–શામેલ થાય છે માટે સજાવાર એ છે જે પોતાના બદન ઉપરથી સુદરેહ કુસ્તી દુર નહી કરતાં હમેશ પેહરી રાખવાં અને હમેશ દર ગેહ ગેહ કુસ્તી કરયા કરવી જે અહુરમજદની સેતાયશ અને સ્તુતિ બજા લાવવા બરાબર છે.

અ૦ (૧૧) દીગર પંજ તન ઓન કે હક દર ગર્દન ઈનકસ દારાહ. અવ્વલ પેદર દુવ્વેમ મોએર સેવ્વોમ પેદરજન, ચેહારૂમ માદરેજન્ પન્જુમ ઉસ્તાદ. ગોફ્તેહ દીનઓન ખુશનુદીય અહુરમજદ ખુશનુદીએ પેદર વ મોએર ઓન. હરગાહ પેદર વ મોએર અજ ફરઝન્દ રાજી ન–ઓન અગર હજાર કેર્ફે અષાયશે કરતે બુત બ–બેહશ્ત નરસા. વે ઝાનેકે હક ઓસ્તાદ. ઝયાદ અઝ– હકે પેદરો મોએર ઓન ચેરાકે પેદરો મોએર તન પર્વરન ઓશાતાદ રવાંન પરવરા–ચને વા કાકે હર પંજતન ખુશનુદ વ તસસલીબન કે ઈનકસ પદ દેહશ વે ચોવેહ.

(૧૧) અર્થ–(એ સિવાય) બીજાં પાંચ જણો છે જે પ્રત્યેની ફરજનો હક–છે જે અદા કરવો સજાવાર છે પ્રથમ પિતા, બીજી માતાં, ત્રીજા સસરા, ચોથી સાસું, પાંચમા ઉસ્તાદ. દીની ફરજ છે કે એક ફરઝન્દ પોતાના પિતા માતાને ખુસનુંદ કરે છે ને ગોયા દાદાર અહુરમજદને રાજી રાખ્યા બરાબર છે પણ ફરઝન્દથી માત પિતા રાજી ન થયા હોય–અને ફરઝન્દે બીજા હજાર સવાબના કામો કીધા હોય–તો પણ બેહસ્ત–પામી શકે નહી. જાણવુંકે ઉસ્તાદનો હક–પોતાના માત પિતા કરતાં વધારે છે કેમ કે માત પિતા પોતાના ફરજંદનાં તનની પરવર શી કરે છે. જ્યારે ઉસ્તાદ રવાંનની પરવરશી કરે છે માટે એવીરીતે વર્તવુ. જોઇયે મઝકુર પાંચ શક્ષો રાજી અને ખુશી થાએ જેથી–નેક બદલો પામે.

અ૦ (૧૨) ખુબ અજ હમા હાલ અવ્વલ અમેષાસ્પન્દી

કબુલ વે કેરી કે યાર વ મદદગાર બુત. વ અગર બલાહી વ ઑફ્તી રેહબુત આંન અમેષાસ્પન્દ ખેર વ દવારના વ નેગેહદૅારી વેકેરા વ હર મૉહગુન કે રૂજે આન અમેષાસ્પન્દૅાન કેબુત દસ્તુર વૅાજેબ ઓન કે દરૂન વે યેજે વ આફ્રિગાંન વે ખીને વ આંનચે દસ્તરસ દાર બુત ખેર વ ખેરાત વેકેરા કે આન અમેષૅાસ્પન્દ ઘોર રસી દરહમા બલાહા વ કારહા વેકેરા અમેષાસ્પન્દ કે કબુલ કેરી મેહર યજદ વરહરામ યજદ વ આસ્તાદ યજદ હર કોદામ કબુલ કેરા.

(૧૨) અર્થ—આ સર્વ બાબદમો ઉત્તમ પ્રથમ એક અમેષાસ્પન્દને મદદગાર મિત્ર તરીકે માન્ય રાખવો જોઇયે કે જે રક્ષણ કરે અગર જો માર્ગમા ભલા દુઃખ વિપત પડવાનો સંભવ હોય તો તે અમેષાસ્પન્દ બાખુબી દુરકરી રક્ષણ કરે છે અને દર મહિને તે અમેષાસ્પન્દ નામનો રોજ પડે ત્યારે દસ્તુર પાસે દરૂનવાજ, આફ્રીનગાન મ્યજદ કરાવવુ સઝાવાર છે. અને જે કોઈ શકિતવાન હોય તેને ખેર ખેરાત કરવી કે જે અમેષાસ્પન્દ દરેક ભલા કામમાં મદદ કરવાને અને બલાગત દુર કરવાને રક્ષણ કરે. અમેષાસ્પન્દોમાં—મેહરયજદ આસ્તાદ યા વરહેરામયજદ માંથી કોઇપિણ માન્ય રાખવો.

અ૦ (૧૩) દુવ્વેમ—દસ્તુરે તનખીશ કબુલ વે વાઓકા. કે હરકારો કેર્ંકેરી રજાઈ આન દસ્તુરે તનેખીશ વેકરન કે કામે અહુરમજદ શુત. હમેશે વા ઓશું કે બા દસ્તુરે તને ખીશ સલ્લાહ વ મશવરત વેવીનન વ દસ્તુર આનચેહ નસીહતે રેહદીન બુત વેકેરા વ ઈનકસ રાહે રાસ્ત વ તરીકે ખેર વે દૅારાહ.

(૧૩) અર્થ—બીજુ—તમારો પોતાના એક દસ્તુરને મીત્ર તરીકે માન્ય રાખવો કે દરેક ક્રિયા કામ અને સવાબ કરો તો તે દસ્તુરની પરવાન્ગી સલાહ લઇ કરવો કે જે અહુરમજદની ઇચ્છાનુ કુળ થશે અને હમેશે પોતાના દસ્તુરની સલ્લાહ મશરવત લઇને ચાલવુ. અને દસ્તુર જે કાંઈ દીનની નસીહત હશે તે કરશે તેમજ તમારે ભલો માર્ગ એખ્તીઆર કરી ભલા તરીકાવાલા થવુ જોઇયે.

અ૦ (૧૪) સેવ્વોમ દાનાઈ દા. કબુલ વે વાકા કે કારી મોહમી વ શોધલી કે દવોત વેકેરી વેશુ વ મશવરતે આન દાના વેવીન—વહરચે દાના વ વજા આન બ—અમલ આરન કે આનકાર

બ ફરજાંમ રસા વ કાર બી–મશવરત કેરી ફરજાંમ રસા વ હુર-કારી કે બા મશવરત કેરી કામે અહુરમજદ શુત વ મકસદ હાંસેલ બુત વ–પશેમાની ન–દારાહ.

(૧૪) અર્થ–ત્રીજુ–એક દાનેશમંદ શક્ષને મિત્ર તરીકે માન્ય રાખવો જોઇયે કે જ્યારે દુન્યાઇ મહાન કાર્ય કરવાની જરૂર પડે ત્યારે તે દાનેશમંદ આગળ જઇ સલ્લાહ મશરવત લેવી અને દાનાવ જે કાંઇ સલ્લાહ આપે તે મુજબ અમલ કરવો જેથી તે કાંમ સરંજામ પોહચે અને પુછપરછ કીધા વગર જે કામ કરશો તે સરંજામ પોહચે નહી તથા જે કાંમ સલાહ અને મશરવતથી કરશો તો તે અહુરમજદની ઇચ્છાનુ કુળ થશે તથા દેલની મોરાદ બર આવવા સાથે–પસ્તાવો નહી રહેશે.

અ૦ (૧૫)ખુબ હમા હાલ હપ્તદાદ ઓન કે વેવાં તારત.
દાદે અહુરમજદ મર્દુમ દોસ્તઓન
દાદે બેહમન આક્તેહ ખ્વાહે ઓન
દાદે અરદીબેહશ્ત રાસ્ત ઓન
દાદે શેહરીવર ખીશાવન્દ દારેહ ઓન
દાદે અસ્પન્દાદ ઇરમનશ્ને વ બુન્દેહ મીનશ્ને ઓન
દાદે ખુર્દાદ રાદી વ સેપાસ દારી ઓન
દાદે અમરદાદ હમપોરસ વ પદમાન્યે ઓન

(૧૫) અર્થ–સર્વથી સરસ આ સાત આઇન સાતે અમેષાસ્પન્દને લગતી છે જે બજા લાવવી વાજેબ છે.

અહુરમજદની આઇન આદમી સાથે મિત્રાચારી ધરાવનારી છે.

દાદે બેહમન અમેષાસ્પન્દ યાને બેહમની આઇન સુળેહ સંપજ ચાહનારી છે.

આર્દિબેહસ્ત અમેષાસ્પન્દની આઇન રાસ્તી યાને સાચુ બોલવાની છે.

શેહરીવર અમેષાસ્પન્દની આઇન ખેશીપણુ તથા પોતાવટપણુ રાખનારી છે.

અસ્પન્દાદ અમેષાસ્પન્દની આઇન સભ્યતા તથા ભલુ ડાહપણુ ધરાવનારી છે.

ખોરદાદ અમેષાસ્પન્દની આઇન સખાવત કરવી અને સંતોષી રેહવાની છે.

અમરદાદ અમેશાસ્પન્દની આફ્રીન અરસ પરસ પરપુછ કરવી અને અન્દાઝથી વર્તનારી છે.

અ૦ (૧૬) દાદે અહુરમજ્દ મર્દુમ દોસ્ત ઓન માનીઅશ આનોન કે હુ ચશમે વીનન વ હમગી વેહતર ખા જાનન વ અજ બુજોર્ગતર વ કુચકતર કેરસી પીશ સલામ બા તવાઝુ વે વૉબા. વ અગર ગોરઓ યા મેહમાની દેહવરે રસા આંનુચે દસ્ત રસદાર બુત ખેદમત શાન વેકરન કે અજ શોમૉ ખુરનુદ વ રાજી બન ચનાંન ઓનકે અહુરમજદ અજ શોમો ખુરનુદ વ રાજી ઓન

(૧૬) અર્થ—અહુરમજદની આફ્રીન મનુષ્યો સાથ મિત્રાચારી ધરાવનારી છે. જેની મતલબ એ છે જે સર્વેને ભલી નજરથી નિહાળવું અને દરેકને પોતાના કરતા ભલા જાણવાં અને જ્યારે તમો અદના આલા મળો ત્યારે સભ્યતાથી આગળ જઈ સલામ કરવી જોઈએ અને જો કોઇ પરગામી મુસાફર કે મેહમાન તમોને મળે તો મકદુર મુજબ તેની મેહમાની અને આગતાસ્વાગતા કરવી કે જેથી તે તમારેથી રાજી અને ખુશી થશે. તે જાણેકે અહુરમજદ તમારેથી રાજી ખુશી થયા સમાન છે.

અ૦ (૧૭) દાદે બેહમન અમેષાસ્પન્દ આફ્તહે ખ્વાહે ઓન. માનીઅશ આનોનકે સુલહ કામે વૉબુ જંગ કામે નવૉબુહે વ ચાગહી દા બંદે ખોદૉ જંગી કદુરતી વ નેઝાઈ શૉન મ્યૉન બુત પીશ વે વૉશુ કે હરફી બેરી વે વજન, વ સુલહ વ સલાયતી મ્યૉન આરન. નાકે હરફી વે વજન કે આઝારી જંગી અજમ્યોનશાન હમરસા ચને વાકા કે દા બંદેહ ખોદા સલાયતી મ્યૉન આરન કે દાદે બેહમન અમેષાસ્પન્દ દેહ આરતે બુત. વ હરકે દા બન્દ-ઈ-ખોદા ને ઝાઈ શાન મ્યૉન હમરસા ચને ઓનકે દાદે અકોમન દીવ શે પીશે ગેરફ્તા કેહમ બીદેહ વેહમન અમેષાસ્પન્દ ઓન.

વહરચે ગોસ્પન્દ વ હઈવાનાત ચરંદાઓ પરંદા ઓન હમા તઆલોક બ બેહમન અમેષાસ્પન્દ દૉરન આઝાર શાન નવૉ દાદેહ વ ઑારે સંગોન નવૉ કરતે વ વકત વે વૉદેહ આવ વ અલફ્શાન વે વોદેહ વ કાર જ્યાદ કેસબ નવા હરમાની દેહ વગુરત

ન-યશ્તે વૉઝેબ ન-હ્રા કે વેખશ્ન ચને વા કાકે વેહુમન અમેષા-સ્પન્દ ખુશ્નુદ વ તસ્સલી બુત.

(૧૭) અર્થ—બેહમન અમેષાસ્પન્દની આફ્રીન–સુલેહ સંપ ચાહનારી છે. તેની મતલબ એછે જે સુલેહ ચાહનારા થવુ જંગજુઈ નહિ થવું અને કોઈ જગ્યાએ ખોદાના બે બંદાઓમાં લડાઈ ટંટા અને મારામારી થતી હોય ત્યા જઇ તેઓને ભલીવાતો સમજાવી તેઓ વચ્ચે સુલેહ અને મિલાચારી કરાવવી અને હેવા સખુનો તેઓને નહિ કેહવાં કે જેથી તેઓને લડાઈનુ દુઃખ પોહચે એવી રીતે કામ કરવુ જે તેઓ વચ્ચે પાછી સુલાહ સંપ થાય. જે બેહમન અમેષાસ્પન્દની આફ્રીન બજા લાવ્યા બરાબર છે. તથા જેઓ આપસ આપસમાં લડાઈ ટંટા કરયા કરે તેઓએ જાણે બેહમન અમેષાસ્પન્દ વિરૂધ્ધ 'અકોમન દેવ' છે તેની આફ્રીન એખતીઆર કીધા–સમાન છે.

અને જે કાંઇ ગોસ્પન્દ અને ચરનારા ઢોર પશુઓ–તથા પક્ષીઓ દુન્યામો છે તેઓ બેહમન અમેષાસ્પન્દ સાથે સંબંધ ધરાવે છે. માટે તેઓને દુઃખ પોહચાડવુ નહિ. તથા ગોસ્પન્દ અને પશુઓ ઉપર ભારે બોજ લાધવો નહી અને તેઓને વખતો વખત ઘાસ ચારો અને પાણી આપી રક્ષણ કરવું અને બોજા ઘસાડાવાનુ વધારે કામ નહી કરવું તથાં ઈજ્યા વગરનુ ગોશ ખાવુ મુનાસેબ નથી માટે એવી રીતે વર્તવુ જે બેહમન અમેષાસ્પન્દ–ખુશ્નુદ અને રાજી થાય.

અ૦ (૧૮) દાદે અરદિબેહશ્ત અમેષાસ્પન્દ. રાસ્તીઓન માનીઅશ આનોન કે સરેહમા કેર્ફેહ રાસ્તીઓન વ સરેહમે ગુનાહ દરૂધ ઓન વ અજ દરૂઆત વ કજી વ મોખયળે આદમી યા ગહી નરસા. અઝ રાસ્તે વ દોરોસ્તે મંજલે મોરાદ રસા.

અ૦ (૧૯) મસ–વ–વેહબુત કે દાદાર અહુરમજદ વરજ-ખરે ખાદુશ શે દોન્યા નેહોફ્ત કેતશબુત રૂજી કે અહુરમજદ દોન્યાઅશ આફ્રીનશ કરતે શેવ યોદ કે તશ ગેતી હીનવા. આર્દી-બેહશ્ત અમેષાસ્પન્દ કે મુવક કલેતરા ઓન પીશે અહુરમજદ એલતે મારા ઓરા કરત કે ગેતીશે વ બંદેગાને તા ખોરાહ વ નેઝારા મે વેકરન ચને કે ખુર્શીદ વ માહ દર આસમાન રોશનાઈ તન મેહ જી દર આસમાન રોશનાએ બ–બબં દગાને તાતે. અહુ-રમજદ જવાબ ઓરાદાદ બીતા બંદગાને મે દરજફા બન, વ-જંદગાની નશન.

કરતે વ એખ્તીઆર બર બેહશ્તે મે તોદાદ કે બરહરકે રાજી બી શે બેહસ્ત વહા વ અગર ન-મહા.

અ૦ (૨૦) વે જાનેકે સીઓસે રેહ બેહસ્ત ઓન હમા એખ્તીઆરશ અર્દીબેહશ્ત દૅારાહ વ અગર કેર્ફે અષાએ દેહ કરતે બુત કે અર્દીબેહશ્ત ખુશ્નુ દનહા બ-બેહશ્ત નરસી.

અ૦ (૧) વ તશ ખુબ ગોશ વે વૅાકા વ દસ્તેશવીન તને ન-શોશ્ત સરેતશ નવૅાશાહે વ હીઝમેતર નવૅા નાં દેહ વ પી. નષ્કે આતશ વરહેરામ વે વાદાદ કે નેગેહ દૅારી વે કેરા વ નવૅા હશ્તે કે તશે કદેહ સર્દ બુત કે કમી ઓમ્ર વ નુકસાને માલ વ ફ્રરઝન્દ ઓન.

(૧૮) અર્થ—અરદીબેહશ્ત અમેષારપન્દની આઈનિ સચ્ચાઇ અને પવિત્રાઇને લગતી છે જેની મતલબ એ છે જે સર્વે સવાબનુ મુળ રાસ્તી રાહે ચાલવાથી છે અને સર્વે ગુનાહનુ મુળ જુઠી રાહે ચાલવાથી છે. જુઠુ બોલવાથી અને ફરેબ કરવાથી તથા પ્રપંચ રચવાથી આદમી કોઇપણ મતલબને પોહચતો નથી પણ રાસ્તી—વ દોરોસ્તીથી આદમી પોતાના મનની મુરાદને પોહચે છે.

(૧૯) બુજોર્ગ અને બરતર હોજો કે દાદાર અહુરમજદે આએ દુન્યામાં પોતાનુ નુર રોશની અને પ્રકાશ મોકલ્યો તે જે આતશ હતો જ્યારે દાદાર અહુરમજદે પોતાની દુન્યા પૈદા કીધી ત્યારે ચાહતો હતો કે દુન્યામાં આતશ મોકલ્નુ પણ અર્દિબેહશ્ત અમેષારપન્દ જે આતશપર મવકકલ છે તેણે દાદાર અહુરમજદની હજુરમાં અરજ ગોજારી કે જ્યારે હુ ગેતીની દુન્યામાં જાઉ તો તારા સેવકો દુઃખ અને રંજ મને પોહચાડશે માટે જેમ સુર્ય અને ચંદ્ર આકાશમાં રહી-રોશ્નાઈ અને પ્રકાશ આપે છે તેમ હુ પણ આકાશમાંથી રોશની તારા બંદાઓને આપું છું. ત્યારે દાદાર અહુરમજદે તેને જવાબ આપયો કે તારા વગર મારા બંદાઓ જુલમમાં રહેશે અને જીવન ગાળી શકશે નહી એટલા માટે હુ તને બેહશ્તપરની સર્વ સત્તા આપુછુ જે જેણેથી તુ રાજી રહે તેને તે (બેહશ્ત) પસાર કરાવજે અને જેની ઉપર તુ રાજી ન હોય તેને બેહશ્ત પસાર કરાવીશ નહી.

(૨૦) તેત્રીશ રસ્તા બેહશ્તના છે જે સર્વેનો એખ્તીઆર અરદીબેહશ્ત અમેષારપન્દ ધરાવે છે માટે જાણવુ જોઇયે કે હજાર અશોઇ અને સવાબના કામ કીધા હશે અને જેમાં અરદીબેહશ્ત અમેષારપન્દ ખુશી નહિ થયા હશે તો તમો બેહશ્ત પામી શકશો નહી.

(૨૧) તથા આતશનુ સારી રવેશે રક્ષણ કરવુ અને વસીદા હાથે તથા સ્નાન કીધા વગર તેની (આતશ) આગળ જવું નહી તેમજ લીલી કાહી આતસપર મુકવી નહી. તથા ચરબી અને બોય જે આતશ બેહરામનો ખોરાક છે તે અરપણ કરવો કે જેથી તમારૂ તે રક્ષણ કરે અને હેવી કોઇબી ચીજ તેપર બાળવી નહી, કે ઘરનો આતશ સરદ થઇ જાય જેથી જાન માલ અને ફરજંદને નુકસાન પોહચે.

અ૦ (૨૨) દાદે શેહરીવર અમેષાસ્પન્દ ખીશાવન્દ દારી-ઓન માનીઅશ આનોનકે અવરમજદ બંદેગાને ખાહુશ યક-સાન આફ્રીનશ કરત. દરવીશી વ તવાનગીરી વતવાનાઇ આ-દમી અઝફલક વ સેતારેગાન ઓન, તોખમદાની ન-ઓન કે ખીશાવનદ દરવીશ ન-દારબન વ આન ખીશાવન્દ દરવીશ નંગ નવૅાઝાને વ ખ્વાર નવૅા દૅારતે વ અગર એહુતી-આજદાર બુત દસ્તગીરશ વેકરન વ અગર વશને બુત સયરશ વેકરશ વ અગર બરહેને બુત પુશાશ વેકરન વ બંદગાને હુમ દીગર શાન ગોશ વે વાકા કે નેગેહદારી હુમદીગર વેકરન.

(૨૩) વ-જર ઓ સીમ વ મેસ વરૂય વ આહુન વ અર-ઝાઝો બેરંઝ હુમા તઆલોક બ શેહરીવર અમેષાસ્પન્દ દોરાહ પાકીઝેહ વ શોસ્તેહ વ રોશન શેવૅાબો નવાહશ્તે કે યંગુદ વ સ આહુ નશોશ્તે બુત, વ દસ્તગીરીએ દરવીશાન વેકરન કે શેહ-રીવર અમેષાસ્પન્દ ખુરનુદ વ રાજી બુત.

(૨૨) અર્થ-શેહરીવર અમેષાસ્પન્દની આઇનિ ખેશીપણુ અથવા ભાઇ બંધી-ધરાવનારી છે જેની મતલબ એ છે જે દાદાર અહુરમજદે પોતાના બંદા-ઓને સર્વ એકસાન રીતે પેદા કીધા છે. જે આદમીઓમાં ગરીબાઈ અને તવન-ગીરીની અસમાનતા છે તે આકાશ અને ગૃહ મંડળની ગેર દેશથી છે ખાનદા-નથી ઉતરી આવેલી નથી કે જે કોઇ પોતાનો ખેશી ગરીબી ધરાવનારો નહી હોય અને તે ગરીબ ખેશી માટે શરમ રાખવી નહી અને તેને હીણવો નહી અગર તે મોહતાજ મંદ હોય તો તેને મદદ કરવી અગર જો ભુખ્યો હોય ખવરાવી. તૃપત કરવો અગર નગ્ન હાલત ધરાવનારા હોયતો વસ્ત્ર કરાવી આપવા અને બંદાઓએ પરસ્પર રક્ષણ કરી લેવુ જોઇયે જે અરસ પરસ રક્ષણ કરવાની ઉમીદરેહ.

(૨૩) તથા સોનુ, રૂપુ, ત્રાબું, કાંસુ લોખંડ સીંસુ અને પિ-તળ કે જે સર્વે ધાતુઓ છે. તે શેહરીવર અમેષાસ્પન્દ સાથે સંબંધ ધરાવે છે માટે તે ધાતુઓના પદાર્થોને ધોઈ ધાઈ સાફ અને પવિત્ર રાખવા એવી રીતે નહિ મુકવા જે કાટ ખાઈ કાળી મારી જાય અને ગરીબોનુ રક્ષણ કરવુ—જેથી શેહ-રીવર અમેષાસ્પન્દ ખુશી અને રાજી રેહશે.

અ૦ (૨૪) દાદે સફનદારમદ અમેષાસ્પન્દ ઈરમનશ્ને વ બુનદેહ મનશ્ને ઓન માનીઅશ આનોનકે દરવીશ સેફત વ-ખાકસાર વૉબો વ કમ આઝાર વૉબૉ ખાકે આન બુજોર્ગી કે હરચે અઝ દોન્યા હા હમા અઝ ખાક હૉસેલ બુત વ ઑફ્તા-દગી શેખા કરાર દાદેહ વ આદમી ખા ચેરા બુજોર્ગી વેકેરા આદમી હરચન્દ માલ વ ખાસ્તેહ દારબુત વં એલમો દાનેશ ઝાના-બુત મુલાયમ-તર વ મઆકુલ-તર વ ખાકસાર શેવૉબો મેશલ દેર-ખ્તી કે મીવેહ દૅારેહ હમગી કે પીશે આન દેરખ્ત શન વરાહત. વીનન. આદમી જી ખુબઓન બેરશે હમગી દેહરસા અઝ મસ-તર વ કસતર ખાકે દેહ વરેરસા પીશ સલામ બા તવાઝું વોબૉ વ આદમી હરચન્દ ખાકસારી કેરા મરતબે ઓશ જીઆદેહ બુત.

(૨૪) અર્થ—સપન્દારમદ અમેષાસ્પન્દની આઇન નમનતાઈ અને ભલુ ડાહપણુ ધરાવનારી છે જેની મતલબ એ છે કે આદમી પોતે દરવીશી ગુણુ ધરાબનાર નમૃતાવાલા અને કમ આઝાર યાને નિર્દોશ રેહવુ વાજેબ છે. તે બુજોર્ગે સાહેબની પેદા કીધેલી પવિત્ર ખાકના મિશ્રણથી સર્વે આ દુન્યામાં પેદા થયા છે. અને આદમી પોતે પોતાની અશકિત—યાને આજેજી સવીકારી છે. ત્યારે તે શા માટે પોતાની વડાઈ કરે (કેમકે આદમીને દરેક નઆમતોનુ પહોચવુ ગેબી મદદગારોને વસીલે થાય છે) આદમી ગમે એટલી માલ મીલ-કત અને દૌલત ધરાવનાર અને એલમો હુન્નરની કળામાં કુશલ હોય તોપણુ તેને અતિ નમ્ર અતિ ડાહપણવાલા અને અતિ સભ્યતાવાલા થવુ જોઇયે જેમ એક ફળદ્રુપ ઝાડ આગળ સર્વે આદમીઓ જઈ આસાયશ મેળવે છે તેમ જો આદમી-પણુ નેક હોય છે તો તે સર્વે આદમીને નેકી પોહચાડે છે ત્યારે અદના આલાની મોલાકાત થાય ત્યારે તેઓને નમનતાઈ સાથે દુવા ગુજારી સલામ કરવી વાજેબ છે અને જેમ આદમી નમનતાઇથી વૃતશે તેમ તેનો મરતબો અતિ જીઆદેહ થશે.

અ૦ (૨૫) દાદે ખોરદાદ અમેષાસ્પન્દ રાદી વ ઓપાસ દારી

ઓન માનીઅશ આનોન અજ દરગાહે અવરમજદ સેપાસ દાર વ ખુરસન્દ વેર્ઑા ના સેપાસી નવો કરતે હરચે ખોદા કેસમતી તષે કરતે રાજી વ તસ્સલી વાબો વ ચમે ચોમે વીશ નવોકરતે કે નાસેપાસી વેકરન કે ફલાનકસ ચનીન માલ દારેહ મુ ચેરા ન દારમ વ દાદ ખોદા વ કેસમતે ખા રાજી વાબો નાસેપાસી નવો કરતે કે રવાને ખા દોઝખી કેરન.

(૨૬) આવ તઆલોક બ ખોરદાદ અમેષાસ્પન્દ દારેહ, વ આવ અઝીઝ ગોશ વાકા, વ અવ્વલ સોબહ કે ખરમ હમ તોસ્તી કુશ્તીએ નો વાકા, કે બયાયન વ ફજવ દસ્ત વરીયે કેરન, શેકસ્ત અહેરીમન કેરન, વ સેપાસ દારી અવરમજદ વેકરન, વ યકઝરફી આવ અસ્તીનન દસ્તેશવીન વેશુરન, બ અદ બ દાખેલે આવ રવાન શન, અગર યા ગહીબુત કે ફજવ હાજેર ન બુત મીવેહી યા ગયાહી યા અલફી દસ્ત વરીયે વે માલન વ યકઝરા આવ અસ્તીનન વ અજ કેનારે જુય દીરશન વ દસ્તેરીયે વે શુરન.

વ દીગર આવઝરાઅત એરન સેબાર વાશુ કે અઝ જુય કોરત વાબીન વેકરન કે હુઈદરી યા નસાઈ યા ચોમી પલસ્તી દરાન જમીન વ આંન મુકામ બુત બર બરન વ બઅદ આવ જરાઅત બેરન કે ખોરદાદ અમેષાસ્પન્દ રાજીબુત અગર ખોદા ન કર્દેહ કે ચોમી પલસ્તી દરસીત વ આવ શેરી બની ગોનાહે સંગીન ઓન.

(૨૫) અર્થ–ખોરદાદ અમેષાસ્પન્દની આઈન સખાવત કરવી અને સંતોષી રેહવાને લગતી છે જેની મતલબ એછે જે ખોદાની દરગાહથી ખુશી અને સંતોષી રેહવુ. નાસેપાસ નહીં થવું. જે કાંઈ દાદાર અહુરમજદ તમારાં નસીબમાં સૃજિત કીધું હોય તેપર ખુશી અને સંતોષી થજો. લોબી નજર ના રાખતાં કે અફસોશ કરવો પડે ફલાના આટલી બધી દોલત ધરાવે છે અને હુ કેમ નહી ધરાવું. માટે ખોદાની ઉતરેલી બખશેશથી અને પોતાના નસીબથી ખુશી રેહવું–અફસોશ નહી કરવો કે જે અફશોસ કરનાર પોતાના રવાનને દુઝખી કરે છે.

(૨૬) પાણી ખોરદાદ અમેષાસ્પન્દ સાથે સંબંધ ધરાવે છે માટે પાણીનુ સારી રીતે રક્ષણ કરવુ અને જ્યારે પરોઢીએ ખવાબથી જાગ્રત થાઓ

ત્યારે નવી કુસ્તી અને ગોમીજ (ગૌ–મુત) હાથ મ્હોડાને લગાડી અહેરી મનને વખોડી દાદાર અહુરમજદની સ્તુતિ કરવી એ પછી એક વાસણમાં થોડું પાણી લઈ પ્રથમ વસીદા હાથ ધોઇ અને પછી વહેતા પાણીમાં દાખેલ થવું અગર કોઈ જગ્યાએ નીરંગ (ગોમેજ) હાજર નહિ હોયતો ફળ અથવા લીલા ઘાસનો રસ હાથ મ્હોડાંને લગાડે અને થોડું પાણી ખેંચી નદી કીનારેથી દુર જઈ હાથ મ્હોડુ ધોવું

તથા બીજુ ખેતી માટે પાણી સીપવાલે તે પેહલાં ત્રણવાર નદીથી ખેતીના કયારાના માર્ગ સુધી જઇ તપાસ કરવી કે કાંઈ રીમની નસાની અથવા પલીદી ચીજ પડી હોય તે ઉંચકાવી લે ત્યારપછી ખેતી માટે પાણી લે. કે જેથી ખોરદાદ અમેષાસ્પન્દ રાજી થાય. શાયદ તે ખેતીની જમીનમાં નસો પડયો હોય અને તેમાં પાણી સીપે તો માણુસ સખ્ત ગુનાહને પાત્ર થાય છે.

અ૦ (૨૭) દાદે અમરદાદ અમેષાસ્પન્દ હુમપોરસ વ પદ-માન્યે ઓન માનીઅશ આનોન. કે બાસલ્લાહ વ મશાવરત વૉબો હરકારી કે કેરી મશાવરત દેવૉદીદ અઝકસ વ મસ વ ચુન દાનેશ પરાગન્દેહ ઓન હરકસી ચોમીઝાને કે આન બ ફરંજા મરસા. કારીકે કેરી આકેતબશ વેવીન વ નેક ઓન નુકસાન વજ-યાન ખુદવવહાંન ન દારેહ બેવકુ.

(૨૮) વ હરચેહ દેરખ્ત દારો મીવેહ વ દાને દાન્યા ઓન હમા તઆલોક બ અમુરદાદ અમેષાસ્પન્દ દારેહ વ પય આબા-દાની વ સબઝીએ દાન્યા વાબો કે દેરખ્ત દાને વ જુરદા સબ્ઝ વે કેરન કે હરકે આન મીવેહ વ દાને ખરે સવાબ વ બેહરે આન બરેકે શે સબ્ઝ કરતે. તકસીર નવો કરતે કે અમોરદાદ અમેષા-સ્પન્દ રાજી વ તસસલી બુત.

(૨૯) ગુજસ્તેહ બખયર વ આયન્દેહ બનીકે વ વેહ જુમલે વહાની હાજરીદ પતેતી વે બરીમ કે જસ્તેહ વનાહ હુરક બુત વ કેર્ફે અષાય સબ્ઝ બુત.

(૨૭) અર્થ–અમરદાદ અમેષાસ્પન્દની આઈન—અરસ્પરસ પુછપરછ કરનારી અને અન્દાજ ધરાવનારી છે જેની મતલબ એછે જે દરેક કારોબારમાં સલાહ લઇ અને મશવરત કરી આગળ ચાલવું સજાવાર છે જ્યારે કે દાનેશ (ડાહપણ) પરાગન્દેહ (વીખેરાયલી) હોય તો (દાનેશ પરાગન્દેહ છે કેમકે

દરેક પ્રકારનુ ડાહપણ એક માણસને હોતુ નથી) દરેક કામ નાહન મહોટાઓની સલ્લાહ સંપતી મુજબ કરવુ જે સારે સેવટે પોહચે અને દરેકાં કામ કરો તે પેહલા તેના પરિણામ વીશે વિચાર કરવો જે ભલુ હોય તે કરવુ કે પોતાને તેમજ ભલા લોકોને નુકસાન નહી પોહચે.

(૨૮) દુન્યામાં જે ઝાડ પાણ વનસ્પતિ ફળ ફળાદિ ધાન્ય વિગેરે સર્વ ચીજો પેદા થાય છે તે અમરદાદ અમેષાસ્પન્દ સાથે સંબંધ-ધરાવે છે. અને દુન્યામાં આબાદાની લીલોતરી કરવા પાછળ મંડવુ જોઇએ જેઓ ઝાડપાણ ફળ ફળાદી અને ધાન્ય વાવી ઉંધાડે છે અને તે ધાન્ય અને ફળ મેવો ખાય છે તેનો તે ખેતી કરનાર શક્ષને સવાબનો હમબેહરો પોહચે છે કે તે ખેડુતે ધાન્ય વાવી ઉધ્ધાડયું. માટે આબાદી કરવા માટે કસર નહી કરવી. જેથી અમેરદાદ અમેષાસ્પન્દ ખુશી થશે.

(૨૯) આજસુધી જે કાંઇ થયુ છે તે ગયુ ગુજરયું ને ખેરીઅતમાં હોજો. અને આયન્દેહ—આવતુ નેક અને ભલુ હોજો મીજલસના નેક લોકો તમો જેઓ હાજેર છેઓ તેઓ પતેત કરવામાં શામેલ થાઓ કે જે ગુનાહ થયો હોય તે નાબુદ થાય અને પવિત્ર સવાબ હાસેલ થાય.

અ૦ (૩૦) નામે યજદ વાજીમ મનરને ખુબ દારીમ પતેતી વે બરીમ અજ બેહરે વનાહ જારરની વ કેર્દેહ અફજાયરની બસ્તને રાહે દોઝખ કોશાદને રાહે બેહશ્ત ઉમીદ કે મદને ઉ-આને ફ્રશુમ અખાન અશવાન રોશન ગ્રોસમાન હ્મા-ખારેહ.

(૩૧) યથા અહી વૈર્યો પંજ અષેમ વોહી સે ગાહે (ફલાન) વાજે સરોષ હુમત વ હીખ્ત વ હવૃશ્ત નામે યજદ યથા અહી વૈર્યો (પ) અષેમ વોહી-(૩) ફ્રવરાને મજદયસ્નો જરથુશ્ત્રીશ વીદએવો અહુ દકએષો (જે ગેહ હોય તે પઢે) ફ્રસસ્તયએચ સ્રઓષહે અષ્યેહે તખ્મહે તનુ માંથ્રહે દ્રષિ દ્રઓષ આહી દાર્યેહે ક્ષનઓથ્ર. ય૦ વ૦ ક્ષ૦ ફ્ર૦ યથાઅહી વઇર્યો જઓતા ફ્રામે મરીતે અશારતુશ અષાદ ચીત હચ ફ્રાં અષવ વીધ્વાએ ફ્રઓતી યથા અહી વૈર્યો (૧)

(૩૦) અર્થ—ખોદાના નામથી હમો કહયે છીયે—કે ભલો વિચાર રાખીને ગુનાહ ઘટાડવાને વાસ્તે તથા સવાબની વૃધ્ધિ કરવાને માટે અને દોઝ-

ખનો રસ્તો બંધ-કરવા તથા બેહસ્તનો રસ્તો ખુલ્લો કરવાને અને તે જે સર્વથી સરસ અશો લોકોનુ પુર આસાની વાલુ પ્રકાશિત ગ્રોસમાન (બેહસ્ત મુકામ) છે તેને પહોચવાની ઉમેદથી પતેત કરયે છીયે.

(૩૧ માં ફકરા માટે જુવો સરોસબાજનો તરજુમો)

અ૦ (૩૨) ફરાજ યસ્તાએમ બહુર્વસ્પ હુમત વહીખ્ત વ હુવૃશ્ત બ મનશ્ને વ ગવશ્ને વ કુનશ્ને. અવાજ ઇસ્તાયમ બ હર્વસ્પ દુશ્મત વ દુજહીખ્ત વ દુજવ્રશ્ત અજ મનશ્ને ગવશ્ને કુનશ્ને. પે અવર ગીરશ્ને અવર ગીરમ. હર્વસ્પ હુમત હીખ્ત હુવૃશ્ત. કુ કેર્ફેહ કુનમ. બેહલશ્ની બેહલમ અઝ હર્વસ્પ દુશ્મત દુજહીખત દુજવૃશ્ત. કુ વનાહ ન-કુનમ.

અ૦ (૩૩) બરાસ્તીયસ્તમ કે ફ્રારૂને યસ્તમ. કે ખરેહ અવિઝેહ વેહ દીને માજ દયસ્નાન યસ્તમ પે ઇન દીન યસ્તમ. કે અવરમ જદ ખોદા વ અમેષાસ્પન્દાન ઓએ યશ્તફ રેહરે જરતોશ્ત સ્પેન્તમાંન ચાશીદ, જરતોશ્ત ઓએ વિશ્તાશ્પ આશીદ. વિશ્તાશ્પ ઓએ ફ્રૅષોશ્તર વ જામાસ્પ વ અસ્પન્દીઆર આશીદ. ઇશાન બ વેહાને ગેતીઆન ચાશીદન્દ પે પદવન્દ અષાએ આરાસ્તાર આદરબાદ મેહરેસ્પન્દ આમદ વ પદશ પે સાખત વ બોખ્ત, અવર યરતાદ મનજ બઇન દીન યસ્તમ. અજશ બને વરદમ. ન વેહંજીવશ્નેરા ન-વીશ જીવશ્નેરા ન-ખોદાય ન-ખાસ્તેહ અષાએ દુશારમરા અગરમ પરગસ્તેહ તન અજ બેહરે રવાંન બ આવાયદ દાદન બખુરસન્દીહા બેદહેમ અજીન દીન બન-વરદમ-

૩૨ અર્થ.—તમામ ભલા વિચાર ભલા વચન અને ભલા કામોને હું મનસ્ની ગવસ્ની અને કુનસ્નીથી વખાણું છું. અને તમામ ખરાબ વિચાર-ખરાબ વચન અને કામને હું મારી મનસ્ની ગવસ્ની અને કુનસ્નીથી ધીક્કારૂં છું. તમામ ભલા વિચાર ભલા વચન અને ભલા કામને હું મારી મનસ્ની ગવસ્ની અને કુનસ્નીથી ગ્રહણ કરૂં કે જેથી હું સવાબ કરૂં. તમામ ખરાબ ખરાબ વચન અને કામોને હું મારી મનસ્ની ગવસ્ની અને કુનસ્નીથી ત્યાગ કરૂં જેથી હું ગુનાહ નહિ કરૂં.

(૩૩) હું રાસ્તી ઉપર તથા નેકી ઉપર ઉસ્તવાર રહું. માજદયસ્ની ભલી પવિત્ર દીનના ખોરહે ઉપર હું ઓસ્તવાર રહું. હું આએ દીન ઉપર ઓસ્તવાર છું કે જે દાદાર અહુરમજદ અને અમેષાસ્પન્દોથી તે વખણાયલા ફરોહરવાલા જરથોસ્તે કબુલ કીધી (શીખ્યો) જે જરતોસ્ત સાહેબથી ગુસ્તાસ્પ પાદશાહે કબુલ કીધી અને ગુસ્તાસ્પ પાદશાહથી ફ્રષોસ્તર જામાસ્પ અને અસ્પન્દીઆરે કબુલ કીધી અને એઓએ દુન્યાના ભલા લોકોને કબુલાવી અને પછી પવિત્ર દીન સુધારક આદરબાદ મેહરેસ્પન્દ આયો તે દીનને પહોચ્યો અને તેણે દીનને સમારી તથા પવિત્ર કીધી અને તે ઉપર ઉસ્તવાર રહયો અને હું પણ તે દીન ઉસ્તવાર છું અને તે (દીન) થી હું નહી ભલી જીંદગી માટે કે નહી લાંબી જીંદગી માટે કે નહી પાદશાહી ભોગવવા માટે કે દોલતના લોભ માટે પાછો ફરૂં પણ હું પવિત્ર અશોઇપિર ઓસ્તવાર છું. અગર જો મને વખતે રવાનને માટે તન આપવું પડે તો હું ખુશીથી આપુ પણ આએ (ભલી) દીનથી પાછો ફરૂં નહી.

અ૦ (૩૪) ગેરેફતમ હુવંસ્પ હુમત વહીખ્ત વ હુરવૃત દાદ-વેહ હુરકારૂને હેશતમ બહુવસ્પ દુશ્મત વ દુજહીખ્ત વ દુજવૃશ્ત દાદ્દેવતર હુર અવારૂને.

(૩૫) ઇનકે દાનેશનીહા અસ્તવાનહુમ પે ઇન દીને અહુર-મજદ વ જરતોશ્ત.

(૩૬) નુતર અવીગુમાનતર અવીગુમાનમ પેહસ્તીએ દીન વેહ માજદયસ્નાંન વ બુદને રસ્તાખીઝ-તને પસીન વ દારદન પે ચેનુઅદ પુલ શોમાર પે સેદોસ-કેર્ફેહ મોજદ વનાહે પાદફરાહ હુસ્તીએ બેહશ્તો દુઝખ નીસ્તીએ અહેરીમન દીવાન ફરજામ ફીરોઝગર સ્પેનામીનો અફશાયશ્ને ગુનાહમીનો અવા દીવાને તમ તુમગાન.

અર્થ-(૩૪) ભલી રવેશના સરવે નેક વિચારો નેક સખુનો અને કામો હું એખ્તીઆર કરૂં છું અને બુરી રવેશના સર્વ નારાસ્તીના ખરાબ વિચારો ખરાબ સખુનો અને ખરાબ કામો ત્યાગ કરૂં છું.

(૩૫) હું આએ અહુરમજદી જરથોસ્ની દીન ઉપર તેની ખુબી જાણી જોઇને ઓસ્તવાર થયો છું.

(૩૬) હું માજદયસ્ની ભલી દીનની હસ્તી માટે તથા રસ્તાખીઝ તને પસીન થવા માટે ચિનવત-પુલ પસાર કરવાને માટે અને * ૬) સવાબના બદલાની ગણિત માટે તથા ગુનાહની શિક્ષા ભોગવવા માટે તથા બેહસ્ત અને દોજખની હસ્તી માટે અને એહરેમન દુજોને નાબુદી થવા માટે તથા આખેરશ સ્પેનામીનોની ફતેહ થવા માટે અને અંધારી તોખ્મના સર્વે એહરેમન અને દેવદુજોને નાશ પામવા માટેના વિચારોથી-નિસંદેહ અને શક વગરનો છું.

* ૬) સવાબમાં પ્રથમ વરસ ૧) ના ગાહંમાર ૬)-૨જુ દરરોજ મેહર ન્યાયશ ત્રણવાર-૩જુ ખુર્શેદન્યાઇશ ત્રણવાર-૪થુ દર મહિને માહ ન્યાયશ-૫મું-રપીથ્વન અને ૬) ફરવરદેગાનના સવાબો મળી ૬) સવાબ ગણાય છે.

અ૦ (૩૭) હરચમ આવાયસ્ત મનીદ ઓમ ન-મનીદ હરચમ, આવાયસ્ત ગોફ્ત ઓમ ન-ગોફ્ત, હરચમ આવાયસ્ત કર્દ ઓમ ન-કર્દ હરચમ આવાયસ્ત ફ્રમુદ ઓમ ન-ફ્રમુદ. હરચમન આવાયસ્ત મનીદ ઓમ મનીદ, હરચમ ન-આવાયસ્ત ગોફ્ત.-ઓમ ગોફ્ત હરચમ ન-આવાયસ્ત કર્દ ઓમ કર્દ હરચમન-આવા ફ્રમુદ ઓમ ફરમુદ.

(૩૮) મનશની વ ગવશની વ કુનશની તની વ રવાની ગેતીમીનુ અજશાહમે ગુનેહ વનાહી અવાક્ષ વ પશેમાન કે પતેતમહમ (સેબાર ગોફ્તન) યથા અહી વર્યો (૭) (હમગી દર અનજુમન બાશેદ સરી હરત યથા અહી વૈર્યો બખ્વાનંદ) યસનેમચ. અહમાએ રએશ્ચ. હજંઘરેમ. જસમે અવધંહે મજદ. અષેમ વોહી (૧).

અર્થ-(૩૭) જે કાંઇ મને વમાસવા ઘટતું હતું-તે મેં નહિ વમાસીઉ, જે કાંઇ મને બોલવા ઘટતું હતું તે હું નહિ બોલ્યો જે કાંઇ મને કરવા ઘટતું હતુ તે નહી કીધું અને જે કાંઇ મને ફરમાવવા ઘટતું હતું તે નહિ ફરમાવ્યું-તથા મને જે કાંઇ નહિ વિચારવા જોગ હતું તે મેં વિચારયું, જે કાંઈ મને નહિ બોલવા જોગ હતું તે હું બોલ્યો, જે કાંઇ નહિ કરવા જોગ હતું તે મેં કીધુ, અને જે કાંઇ નહિ ફરમાવવા જોગ હતું તે મેં ફરમાવ્યું.

(૩૮) જે સર્વે વિચારને લગતા, વચનને લગતા, કામને લગતા, તનને લગતા, કે શું રવાંનને લગતા, આએ દુન્યાને લગતા, કે શું મીનોઇ દુન્યાને લગતા, જે મારેથી ગુનાહ થયાં હોયતો હું તે સર્વે ગુનાહથી તોબાહ કરી પાછો ફરૂંછું.

મુબેદ બ હામાદ ગુયદ

અ૦ (૩૯) શોમા ફ્લાન પુરે ફ્લાન હેદ દાખ્ત ફ્લાન-બેન્ત ફ્લાન રવૅાઈ કે શે ખારસા સૅાલારી કે શે પેદર રસા ગેતીહા વ

મીનુહા દાદહા દીનહા અશુ દાદહા ફ્રેહમ તને ફ્રેહમ રવાને પાદશાહ જને. કદહ કદેહ બાનુએ માનમાન વેદેહ દાદહા દીનહા દસ્તહા પએમાનહા. ઓત બ પાદશાહજને પઝીરફ્ત (જ) (પઝીર ફ્તમ)

બ-પેદરજન ગુયંદ

શોમોકે ફ્લાન પુરે ફ્લાન યદ, દોખ્ત ખુદતાન, રઝાઇ કે શે ખારસા, વ સાલારી કે શે શોમો રસા, ગેતીહા વ મીનુહા, દાદીહા વ દીનહા, અશુ દાદહા, ફ્રેહમતને, ફ્રેહમ રવાંને, પાદશાહ જને, કદેહ બાનુએ, માન માન વેદેહ દાદીહા દીનહા દસ્તહા પએમાન હા ઓત પાદશાહ જને બ ફ્લાન પેસર દાદ

(પરણુતા છોકરાને પુછે) (જવાબ-દાદમ)

(૩૯) અર્થ-તમો જે ફ્લાનાના બેટા થાઓ છો અને કન્યા ફ્લાના શક્ષની બેટી થાય છે (તેનીના તમારી સાથના લગ્નની એખ્તાઆરી તેણીને પોતાને પહોચે છે અને તેણીની મુરબ્બીગીરીનો મસલેહત આપવાનો એખ્તી આર તેણીના પિતાને પોહચે છે. આએ જેહાન અને મીનો જેહાનમાં દીન આઇન અને પવિત્ર ઇનસાફથી તનમનના એક વિચારથી પાદશાહ-જનીને ઘરની ઘર ધણીઆણી અને ગૃહિણિ તરીકે તેણીને દીન અને આઇન તથા હાથના વચનોથી તમોએ કબુલ કીધી.

(જવાબ-કબુલ કીધી)

સસરાને-પુછે.

તમો જે ફ્લાનાના છોકરા થાઓ છે અને કન્યા જે તમારી છોકરી છે તેણીના લગ્નની રજામન્દી તેણીને પોતાને પોહચે તથા તેણીને મુરબ્બી-ગીરીની મસલેહત આપવાની મુખ્તીઆરી તમોને પોહચે છે આએ જેહાન અને મીનોઇ જેહાનમાં દીન આઇનિ અને પવિત્ર એનસાફથી અને તનમનના એક વિચારથી

(૧) પાદશાહ જનીને ફ્લાના છોકરાને ઘરની ઘરધણીઆણી અને ગૃહિણિ તરીકે દીન આઇનિ અને હાથના વચનોથી તમોએ આપી છે

(શરેહ) (જવાબ-આપી છે.)

(૧) પરણતી સ્ત્રી પાંચ વર્ગમાં વેહચાયલી છે.

(૧) પાદશાહજતી-જે પોતાના માત પિતાની રાજી ખુશીથી પરણે છે તેને કેહવામાં આવે છે.

(૨) ખુદ સરાજની જે પોતાના માત પિતાની મરજી વિરૂધ્ધ આપ-ખુદી પરણેછે તેને કેહવામાં આવે છે.

(૩) યુગજની તેને કેહવામાં આવે છે જે શક્ષ પોતાને ત્યા બેટાનું ફરજંદ નહિ ધરાવતો હોય અને તેને ત્યાં બેટીઓ હોય તે માહેલી પેહલી જે પરણે તેને કેહવામાં આવે છે કેમકે તેને જે બેટાનુ ફરજન્દ થાય તે મમાવાનો પાલક કરી આપે.

(૪) થી સેતરજન તેને કેહવામાં આવેછે કે એક જરતોસ્તી ૧૫) વરસની ઉમર બાદ કુવારો મરણ પામ્યો હોય અને એક બીજો જરતોસ્તી બીજીવાર એક કુવારિકા સાથે પરણનાર હોય તે કુવારિકાને મરહુમ કુવારા શક્ષની જોડુ તરીકે નામ લેહણું રાખવા માલમતા આપીને કેહવામાં આવે છે. અગરજો તે કુવારિકા પોતાની ખુશીથી કબુલ થાય તો અને તે બીજવર સાથે પરણે ત્યારે–સેતરજન તરીકે કેહવામાં આવે છે અને તેણીને જે દરજંદો પેદા થાય તેનો એક હીસ્સો ફરજંદો જે સવાલ કરે તે જેની સાથે નાંમ લેહણુ ચાલુ રાખીઉ હોય તેને પુગે છે અને એક હીસ્સો–બીજા ખવિંદ ને–પોહચે.

(૫) ચાકરજન તેને કેહવામાં આવે છે જે એક પાદશાહજનીનો ખાવિંદ ગુજર પામ્યો હોય અને તેને બચ્ચાં નહિ હોય અથવા થયા હોય અને ગુજર પામ્યાં હોય પણ આગલા ધણીની સેવા માટે બીજવર પરણે તેને 'ચાકરજની' કેહવામાં આવે છે અને તેણીને જે ફરજંદો થાય–અને તે સવાબ કરે તેનો અરધો હીસ્સો પેહેલા ખાવિંદને તા૦ બીજો અરધો બીજા ખાવિંદને પોહચે છે (એ માટે જુવો રેવાયતે દારબ–હોરમજદીઆર) પાને ૩૬૬ મે.

(મુબેદ બખ્વાન્દ) (કર્દેહ અહુરમજદ યસ્ત)

અ૦ (૪૦) ક્ષ્નઓથ્ર અહુરે મજદાઓ અષેમ વોહી (૩) ફ્રવરાને મજદ યશ્નો જરથુસ્ત્રેશ વીદએવો અહુર દકએષો (જે-ગેહ હોય તે પઢે અહુરહે મજદાઓ રએવતો ખરેનંઘહતો ક્ષ્નઓથ્ર ય૦ વ૦ ક્ષ૦ ૭૦ યથા અહી વૈર્યોજ ઓતા ફ્રામે મરોતી અથા રતુશ અષાદ ચીત હચ ફ્રા અષવ વીદવાઓ મરઓતી.

(૪૦) અર્થ–હસ્તી બક્ષનાર મહાજ્ઞાની સાહેબની ખુશ્નુદી હોજો–હું અહુર, રમજદની પરસ્તેશ કરનાર, હઝરત જરતોસ્તે જાહેર કીધેલી દીન પ્રમાણે ચાલનાર દેવના તરીકાથી દુર રહેનાર અને અહુરમજદના તરીકા પ્રમાણે ચાલનાર તરીકે એકરાર કરછું. દાદાર અહુરમજદને ખુશાલ કરવાને ફ્લાની ગેહમાં ખજાનો રાખનાર તથા ચલકાતવાલા અહુરમજદની આરાધના કરવા તેની ખુબીઓ ગાવાને તેને ખુસ્નુદ કરવાને તથા તેણી વખાણુ કરવાને જોતી મારી આગળ

યથા અહી-વૈર્યાના કલામોની ખુબી જાહેર કરે (રાસ્પી) જે અશો વિધ્વાન થયો તે અથા રતુશ અપાદચીત હચ (એક કલામોની ખુબી જાહેર કરે)

અ૦ (૪૧) નેપાયુએશ મર્યીમ ઉર્વથેમ યવએતાએતે જરથુશ્ત્ર અઉર્વતાદ પરોદુસ્મેન્યોદ. માતેમ ઉર્વથેમ ફ્રા યવએ યોઈશ સનથાએ મા દુજબેરેતેએ જયાનામ અપયતેએ, મા એસોએસ અઓમ નરેમ દાઈતીમ યોના મજિસ્તેમ યસ્નેમ યજાએતે ફસેરતેમ યસ્નાત ફ્રાયતાદ અહુમેયાંન અમેષે સ્પેન્તે.

(૪૨) એદ અસ્તે વોહુમનો મન દામ જરથુસ્ત્ર એદ અષેમ વહિશ્તેમ મનદામ જરથુશ્ત્ર એદ ક્ષથ્રેમ વએરીમ મનદામ જરથુસ્ત્ર. એદ સ્પેન્તે આર્મતોઈશ મનદામ જરથુશ્ત્ર. એદ હઉર્વત અમેરેતાત યોસ્તો મીજદેમ અપાઓનામ પરો અસ્તે જસેન્તામ મનદામ જરથુસ્ત્ર.

(૪૩) વીથાચ તદચ કથચ આએ અષાઉમ જરથુશ્ત્ર મનખ્રવાચ ચેસ્તેચ યાઇશ આ અંઘહુશ પઓઇર્યો બવત યથાચ અંઘહુત અપેમેમ અંઘહુશ.

(૪૪) હજંઘરેમ બીશજનામ બીવરે બીશજનામ (સેબાર)

(૪૧) અર્થ-અય જરતોસ્ત દોસ્તી ધરાવનારા (મિત્રને) ખરાબ વિચારવાલા દુસ્મેન આગળથી (તારે) બચાવવો જોઇયે તે દોસ્તને (દુસ્મેનનો) નહિ ફટકો ખાવાને માટે નહિ ખરાબીમાં લઈ જવાને માટે કે નહિ નુકસાન પહોચાડવાને છોડતો ના. હમો જે અમેષાસ્પન્દો છીયે (તેઓની) જે માણસ ઠેરવેલી યજસ્નેમાંથી સૌથી નાધલી તથા સૌથી મ્હોટી યજસ્ને ઈજે તે દીનદાર મરદને (અય જરતોસ્ત) દુખમા લાવતો ના.

(૪૨) અય જરતોસ્ત અહિઆં બેહમન અમેષાસ્પન્દ મારી પેદાયશ છે. અય જરતોસ્ત અહિઆ અર્દિબેહસ્ત અમેસાસ્પન્દ મારી પેદાયશ છે. અય જરતોસ્ત અહીઆં શહેરીવર અમેષાસ્પન્દ મારી પેદાયશ છે અય જરતોસ્ત અહિઆં અસ્પન્દાદ અમેષાસ્પન્દ મારી પેદાયશ છે અય જરતોસ્ત અહિઆ ખોરદાદ તથા અમરદાદ અમેષાસ્પન્દ જેઓ ભવિસ્યની હયાતીમાં જનારા અષો લોકોનો બદલો છે તેઓબી મારી પેદાયશ છે.

(૪૩) અય જરતોસ્ત તે તું જાણ કે કેવી રીતે છે કે મારી અક્કલ અને દાનાઇથી દુન્યા પ્રથમ હતી અને તે (દુન્યા) સેવટ સુધી રેહશે.

(૪૪) હજાર ઘણી તન્દોરોસ્તી હોજો દસ હજાર ઘણી તનદોરોસ્તી હોજો (૩, વાર).

અ૦ (૪૫) ક્ષનાયશ્નને દાદાર અહુરમજદ રાયોમન્દ ખરેહેમન્દ હર્વેસ્પ–આગાહ દાનાય તવાનાય તવાન કેરદાર અવક્ષાયસગર હર્વેસ્પ ને કે દાદાર હર્વેસ્પ ને કે દાશતાર હર્વેસ્પ અનાકે અવાજ દાશતાર પુર–ખોરહે વોસહુજ શીરોજગર ચમનાય તગીન ખાવર આફ્રીદાર બવજાય હુકરદાર હમાવન્દ અરીવેહ અફરીવેહ ફ્રેષોગર્દ કેરદાર હુવસ્તેગાન અંગીખ્તારેહ હરવેહ આવર તારેહ, હર અનાકે બર બુર દારેહ, હરદુશે જમનાય તમતુમગાંન, અવર વખતારેહ, રોશનાંન અષાએ વરજીદારાન, હવૃશ્ત વરજીદારાંન, ગાહ પાય અવરંગ કેનારે, ફે માક સામાન, ખોદાયબન બનસીબ હમા રોશનાંન યઝદાંન વ અમેષાસ્પન્દાંન કેશ આવાંયશ્ત હમા ફે વેહ કામે ફ્રારૂન ન્યુશશાન અવર રાસ્ત રાહે ફ્રમાન કાર કેર્દે વરજીદારેહ. અન્દરજ ઓય પરહેઝ ઓય વનાહ કારે.

(૪૫) અર્થ–દાદાર અહુરમજદની ખુસ્નુદી હોજો કે જે ખજાનો રાખનાર, ચળકાતવાલો, સર્વજ્ઞાની, ડાહપણવાલો, સર્વ શક્તિવાન, તવનગર કરનાર, બક્ષેશ કરનાર, તમામ નેકીનો સાહેબ, સર્વે નેકી ધરાવનાર, તમામ બદીને પાછી હટાડનાર, નુરમંદ, સવાબકાર, અતિ જોરાવર, ફત્તેહમંદ, સર્વે ચીજનો સબબ ઝહુર કરનાર, જોરાવર, બરદાસ્ત કરનાર, પેદા કરનાર, ભલા દોસ્તને છોડવનાર, જોરાવર ફરેબ વગરનો, રસ્તાખીજ કરનાર, તમામ ભલી પેદાયશને સચેત કરનાર–તમામ ખુબીનો લાવનાર, સર્વે બદીને દુર કરનાર અને અંધારી તોખ્મની સર્વ બદી–તથા દુઃખનો અંત લાવનારછે. તથા પવિત્રાઈના–નેક કામ કરનારા સર્વે કિરતિંવત યજદ અમેષસ્પન્દો કે જેણા રાસ્ત રાહેના સવાબોના કામ કરવાના ભલા ફ્રમાનો સાભળવાને તથા ગુનેહનાર ગનામીનોની નસીહતથી પરહેઝ રેહવાને વાજેબ છે.

અ૦ (૪૬) ઓરા આફ્રીદ વદાદ હર્વેસ્પ દામ–વેહ સેતારે વ માહ વ ખુરશીદ વ આસ્માંન બુલંદસીદ અનઘ રોશનગાહ ખોદા હર્વસ સ્પેનામીનો દામાને અષવાન. અષાએરદ.

(૪૭) ઓસફ્રર્મુદ ઓએ વેહ દેહશ્નાન ઈન વજોર્ગ કેર્દે અવરંગ

(૪૮) ઓશચાશીદ ઓય યશ્તે ફ્રેશહુરે જરતોશ્તે સ્પેન્ત-માન વક્ષીરાન ઓ વંન્દતુમ અશવાને અશોતુમ નામ્યાંને નામતુમ, કેરાદારાને કેરદાર તુમ રદ હુર્વસ્પ દીનીઆન, દીન બર દારાને હફ્ત કેશ્વર જમીન રેબાહુમ અવરનગીય કારમાદેહુ વરેહુ પદવન્દ રાયનીદાર ઓશ ફે મેહુ કેરફે દાદાર અહુરમજ્દ બર યજદાન કારમાદેહુ વરે હુ ચીરે ઓસ અજશ ફરાજ્યાશીદ ઓએ હુર્વસ્પ અખે અસ્તોમન્દ ઈન દો પદવન્દ રાયની દારેહુ યક પદવન્દ પેદ પોસ ફે પીલે ઓએ ફ્રેંગર્દ તનપસીન, યક પદવન્દ પોસ ફે વેદ પીલેઓએ કર્યુમસ ફર્દુમ પેદ હુમા દામાન કે હમ પદવન્દ રાયની-દારે બાદ.

હયુ વ ઓર્વા હુમને યજદાન રામનુમંદ વહાન વરજી દારાન અપાએ વરજીદારાન હુવરત વરજી દારાન ફરા મનશ્ને આવાન અવર વખતારેહુ રોશનાન હુ કામે ઈરાન પજ દુસસ્તરદ ગુનાહુ મીનો વ દીવાન વચીરે અવર વિજાન વ યજદાન વ અમે-ષાસ્પન્દાંન વ અવાજદારતાર અવિઝેહુ વેહદીન માજદયસ્નાન ઇન આફ્રીન અમા કે માન ગોફ્તા વ શોમો કેતાન શુનીદતાન અશમોરદાંન રોબા આફ્રીનગાન બાદ હુમીન ફીરોજગર તર વક્ષશનીતર હુનર પોર જશની વહુમાન દોખ્ત વહુમાન દામાદ કે તાન એમરૂજ ઈન વજોર્ગ અવરંગ કેફે અવરદત રાયનીદાર બાદ. ઓશ રસાદ અવદરાન અવર દારાન દોરસ્તેહુ દરૂદેહુ ઓર્વા હુમને વ ખયુ મરવાહે હયુ ફરંજામ ફે હુમાકાર સીઓસાનસ ફીરોજગરે પદવન્દબાદ અથ જમ્યાત યથ આફ્રિનામિ રસાદ બાદ ઈન આફ્રીન. ચંદ આસ્માન દરેહુના. જમીન ફે પેહુના ચંદ ખુરશીદ, કે તાવશ્ન. વ માહ કે વક્ષશ્ને ચંદ સેતારેહુ ફે આસ્માન આવાન તજશ્ને ઓર્વરાન વક્ષશને ચંદ યજદાંન કેરદાર હા વહાન પસંદ હારસાદ ફેયજદાન વ અમેષાસ્પન્દાંન કામે બાદ.

(૪૬) અર્થ—તે અહુરમજદે, સર્વ તારા, ચંદ્ર, સુર્ય અને શ્રેષ્ટ ફાયદેમંદ અનંત રોશનીવાલુ આકાશ વીગેરે ભલી પેદાપશો પેદા કીધી અને તે સર્વ સ્પેન્તામીનોની પવિત્ર પેદાયશોનો પવિત્ર સરદાર છે.

(૪૭) તેણે આએ બુજોર્ગ દાનાઈના સવાબ (મઝકુર) ભલી પેદાયશોના ફરમાવ્યા.

(૪૮) જે વખણાયલા ફરોહરવાલો અશો જરતોસ્ત વક્ષુરાન જે અતિ તેજ ડાહપણવાલો પવિત્રોમા અતિ પવિત્ર નામવરોમાં અતિનામવર, બુલંદોમાં અતિબુલંદ હુનેરમન્દો માનો અતિહુનેરમંદ કારીગરોમાં અતિ કારીગર અને હમ કેશવર જમીનના દીન ધરાવનારા અને દીન ફેલાવનારા લોકનો સરદાર હતો (તે) શીખ્યો. જે દાદાર અહુરમજદે ફરમાવેલા બુજોર્ગ દાનાઇના સવાબ શીખી આએ સર્વ હાડમંદ પેદાયશના બે પએવનદથી (જોડ) ચાલુ રહો પિતાનુ એક પએવન્દ (જોડ) છોકરાથી. રસ્તાખીજ તન પસીનના વખત સુધી અને બીજુ પએવન્દ બેટાનુ પિતા સાથે જે સર્વ પેદાયશનો પેહલો પિતા ગયુમરસ છે (તે સાથે જોડી હમપ એવન્દ) થાઓ.

નેક કામનારા પવિત્ર કામ કરનારા નેક મનસ્નીવાલાને ખોદાની ખુશ્નુદી હોજો અને ગુનાહમીનો દ્વન્દ-થી બચેલા રેહજો. તથા બહાદુર પવિત્ર યજદ અમેષાસ્પન્દો અને ફરી દીન સુધારકો ભલા માજદયસ્નાનો (ની) ગાલેબી હોજો આએ દુવા હમણા જે હમોએ કહી અને જે તમોએ સાભળી તેનો સુમાર રાખી ફેલાવો કરો તેમજ અતિ ફત્તેહમંદ અતિ વૃદ્ધિવંત અને હુનરમાં અતિ કુશળતા ધરાવનારા થાઓ અને જે વરવધુ આજે આએ બુજોર્ગ સવાબ કરવાને સાથે જોડાયા તેઓને સર્વ ભલી ખુશાલી અને સર્વ નેક કાંમમાં એક મત થવાની ફરંજામી પોહચો. આએ (પરણતું) જોડું (વરવધુ) સર્વે નેક કામો અને પવિત્રાઇથી તે ફત્તેહમંદ સોસીઓશને પોહચજો.

આએ જે દુવા દીધી તે તમોને આમીન થાઓ.

આએ દુવા આકાશની બુલંદી જેટલી જમીનની પોહલાઇ જેટલી, સુર્યના પ્રકાશ જેટલી, વૃદ્ધિ પામતી ચંદ્રની કળા જેવી, આકાશના ગૃહો જેવી, વેહતા પાણી જેવી, (ચલીત) અને વૃદ્ધિ પામતા ઝાડપાણ જેવી પોહચેલી થાઓ તથા યજદોના કામ જેવી પસંદગીને પોહચેલી થાઓ.

યજદ અમેષાસ્પન્દોની ઇચ્છાનુ ફળ થાઓ.

અ૦ (૪૯) વંઘહુચ વંઘહુયાએસ્ચ આફ્રીનામે વીસ્પયાએસ્ચ અષઓનો સતોએશ હચથ્યાંએચ બવાએથ્યાચ બુશ્યાંએથ્યાંએચ.

(૫૦) અષીમ રાસેન્તીમ દરેઘો વારેથ્મનેમ, મેષાચેમ હવો એષાચેમ આફ્ર સંઘહાએતીમ. બરેન્તીમ વીસ્પાએ બએષજાય અયામચ ગવામચ ઉર્વરનામચ ત ઉર્વયન્તીમ વીસ્પાએ

દબીષાએ દએવનામચ મષ્યા નામચ અરેષયન્તામ અહ્માએચ નામાનાએ અહ્માએચ નમાનહે નમાનો પએતે.

(૫૧) વંઘહીશ્ચ અદાએ વંઘહીશ્ચ અષ્યો હુ પઓર્વાએ વહેહીશ અપરાએ રાસેન્તીશ દરેઘો વારેથ્મનો યથનો મજેસ્તાએસ્ચ વહેશ્તાએસ્ચ સ્રએશ્તાએસ્ચ ક્રદથાએ અહે ન્માન્હે ક્રદાથાએ વીસ્પીઆએ અષઓનો સ્તોએશ હુમસ્તે વીસ્પાઓ દ્રવતો સ્તોએશ સતુઅસ અષાએ હુદાએ ચોએ હેન્તિ.

(૪૯) અર્થ અશો અહુરમજદની તમામ પેદાયશના ભલા પુરૂષો તથા ભલી બાયડીઓ જેઓ આગળ થઇ ગયા છે તથા હમણા છે અને હવે પછી થશે તેઓની હું વખાણ કરૂં છું.

(૫૦) અરદ યજદ કે જે ફરયાદને પોહચનાર મિત્ર લાંબો વખત સુધી નેગાહ રાખનાર મદદે પોહચનાર પુઠે ચાલનાર અને મદદ આપનાર તથા ઉપદેશ કરનાર છે અને પાણીઓના ગાવ ગોસ્પન્દ અને ઝાડપાણના સર્વે ઇલાજ ધરાવનાર તથા દેવો અને ખરાબ માણસો જેઓ આએ ઘેરને તથા આએ ઘેરના ઘરધણીને દુ:ખ દેનારા છે તેઓની તમામ ખરાબીને દુર કરનાર છે તેને હું વખાણુ છું.

(૫૧) ભલી બક્ષેશો અને ભલી અશોઇઓ કે જે અત્યુતમ પ્રકારની સર્વેથી સરસ સંવટના કામને મદદ પહોચનારી અને લાંબો વખત સુધી રક્ષણ કરનારી છે તેણે હું વખાણું છું.

અમેષાસ્પન્દોની આરાધણા કરવા માટે તેઓની યજશને કરવા માટે તેઓને ખુસ્નુદ કરવા માટે અને તેઓની સ્તુતિ ગાવાને માટે તથા આએ ઘેરની આબાદીને માટે અને એહેરેમન દોરવન્દની તમામ પેદાયશને સાભે થવાને માટે હમુને સર્વેથી બુજોર્ગ અને સર્વેથી સરસ સર્વેથી સોહામણી અશોઈ હાથ લાગે.

અ૦ (૫૨) વસસ્ચ તુ અહુરમજદ ઉશ્તાચ ખશેશ હુવનામ દામનામ વસો આપો વસો ઉર્વરાઓ. વસો વીસ્પ વોહુ અષચિથ્ર. ક્ષ્યમનેમ અષવનેમ દાયત અક્ષ્યમનેમ દ્રાવન્તેમ. વસો ક્ષથ્રો ખ્યાત અષવ. અવસો ક્ષથ્રો ખ્યાત દ્રવાઓ. ગતો હમેસ્તો નેજ એરેતો હચ સ્પેનતહે મઈન્યુસ દામ્બ્યો વરેતો અવસો ક્ષથ્રો.

(૫૩) હક્ષ્ય અજેમ ચેદ યો જરથુશ્ત્રો ક્રતેમાંન ન્માન નામચ. વીસામચ જન્તુનામચ દખ્યુનામચ અંઘહાઓ

દએન્યાઓ અનુમતયએચ અનુખત્યએચ અન વુરતયએચ યા આહુએરેશ જરથુશ્ત્રેશ.

(૫૪) રવસચ ખાથ્રેમચ આફ્રીનામી વીસ્પીઆઓ અષ-ઓનો સતોએશ આંજસચ દુજ઼દાંથ્રેમચ વીસ્પીઆઓ દ્રવતો સતોએશ.

અ૦ (૫૫) યથા અહીવૈર્યો (૨) યસ્નેમચ વ. ઓ. જ. આફ્રીનામિ. અહુરહે મજદાઓ રએવતો ખરેનંઘહતો. અષેમ વોહી (૧) અશાએ રએશ્ચ. હુજંઘરેમ. જસમે અંવઘહે મજદ. અષેમ વોહી (૧).

(૫૨) અર્થ અય અહુરમજદ તું તારી મરજી પ્રમાણે તારી પેદાયશો ઉપર રાજ ભોગવ. તારી મરજી પ્રમાણે પાણીઓ ઉપર, તારી મરજી પ્રમાણે ઓરવરો ઉપર, તારી મરજી પ્રમાણે પવિત્રાઇના મુળની સર્વે પેદાયશો ઉપર. નેક મરદને તું પાદશાહ ઠેરવ. દ્રવન્દ (નાપાક) ને નહિ રાજ કરનારો ઠેરવ. અશો માણસ પોતાની મરજી પ્રમાણે રાજ કરનારો થાય પાપી પોતાની મરજી પ્રમાણે નહી રાજકર્તા થાય અને તે સ્પેન્તા મઇન્યુશની પેદાયશમાંથી દુર હાકી કઢાએલો અને ધીક્કાર પામેલો શેકસ્તેહે દેલ થાય.

(૫૩) હું જે જરતોસ્ત છેઉ તે ઘરના, મોહલ્લાના, કસબાના તથા શેહેરોના સરદારોને આએ દીન કે જે હોરમજદી જરતોસ્તી છે તેના વિચાર પ્રમાણે, વચન પ્રમાણે અને તેના કામ પ્રમાણે (ચલાવવાને) રેહનોમાઇ કરીશ.

(૫૪) સર્વે ભલી પેદાયશને હું ક્રોશાદગી અને સુખ ચાહું છું અને સર્વે એહેરેમનની અપવિત્ર પેદાયશને તંગી અને નુકસાન ચાહું છું.

(૫૫) ખજાનો રાખનાર તથા ખોરહેમંદ અહુરમજદની આરાધણા કિર્તિ ચાલાકી તથા કુવ્વતને હું વખાણું છું.

મોબેદ બ પદરનજન ગુયદ. (સસરાને પુછે)

અ૦ (૫૬) વહમાન દોઅ્ત રઝાઇ કે શે ખારસા સાલારી કે શે પદર રસા ગેતીહા વ મીનુહા દાદહા દીનહા અશુ દાદહા ફેહમતને ફેહ મરવાંને પાદશાહ જને ક દેહ ક દેહ બાનુએ માન માન વેદેહ દાદહા દીનહા દસ્તહા પએમાનહા બ પાદશાહ જને હુમુન પેસર દાદ (જવાબ દાદમ.)

મોબેદ બદામાદ બોગુયદ. (જમાઈને પુછે)

વહુમાન કનીજક રઝાઇ કે શે ખારસા સાલારીકે શે પેદરસા ગતીહા વ મીનુ હા દાદહા વ દીનહા અશુ દાદહા ફ્રેહમતને ફ્રેહમરવાને પાદશાહુજને ક દેહુ ક દેહુ બાનુએ માન માન વેદેહ દાદ હા વ દીનહા દસ્તહા પએમાનહા બ પાદશાહુજને પઝીરફ્તં.

(જવાબ-પઝીરફતમ)

દામાદ મીગુયદ કે.

અ૦ (૫૮) કેશ અરશક ન નોમાયમ, ઓશ અજ સોગ તેશ સરમા વગરમા બ પેહરીઝમ, ઓશ બસ્તેહ પદશ અવાજ ન દારમ ઓશ ફ્રે હુમા કારેં ફ્રારૂન ઉ કામે સાજમ ઓશ અજઆને ખીશ ખાસ્તેહ તન પેરાય બહારા દો હુજાર દેરમ સીમે સફીદ હંગીન વ અવીઝેહ દો દીનાર જરે સુખ સુલતાની બ વજન મેસકાલ બ સંગદેહ બ મેહરોની કાહ ખીશ પેદાયનીદ ઓશ પદશકાર કર્દેહ યસ્તેદ ખાસ્તેહ ઈન મેહરે નેકાહ અગર ખુદ ખાહદ અગર ઓય બકસી ફર્માયદ ઓએશ દેહમ, ઓએ ઉસેપારમ, જોદત્તર ન કુનમ.

(૫૯) દાદાર અહુરમજદ મેહર સરૂશ વ રશ્ને રાસ્ત બશોમો ગવાહુ બન, આદર ખોરહે વ આદર ગુસસ્પ વ આદર બુર્જીન મેહર બ શોમો ગવાહુ બન, ફ્રવહરે જરતોશ્ત સ્પેન્તમાંન બ શોમો ગવાહુ બન, દીન વરવાને ખીશ બશોમો ગવાહુ બેન, જુમલે વહાની કે હાજરંદ બશોમો ગવાહુબન, મન કે ફુલાન હેરબદમ હાવશ્તે મુબેદાને મુબેદ ફ્રેન્યાવેહુ વહમ પોરસકે વ દસ્તુરે તને ખીશવ આદરબાદ મેહરેસ્પન્દ હુમાનરૂજ બ-શોમોગવોહુબન.

૫૬—અને ૫૭ ના ફકરા માટે ૩૯ મા ફકરાનો આપેલો તરજુમો જુઓ.

(૫૮) અર્થ—હું તેણી તરફ અદેખાઇ નહીં કરૂં હું તેણીને ભુખ પ્યાસ અને ગરમી થંડીથી બચાવીશ તેણીને (સદરહુ) અંધારણ (કોલ) થી પાછી નહિ ફેરવુ—તેણીના દરેક ભલા કાંમ તેણીની ઇચ્છા પ્રમાણે હુ કરીશ—તેણીને મારેથી માગવામાં આવેલા તનના સીણગારના ઘરેણા માટે ખાલેસ ચાંદીના બે હજાર દેરમ તથા પાદશાહી ચલણના દસ મેસકાલના વજનના સોનાના બેદેરમ લગ્નની પેહરામણીમાં આપવા જાહેર કરૂં છું (છોકરો પોતાની મકદુર મુજબ લગ્નની પેહરામણીનો અવેજ આપવાને કબુલાત આપે છે) તે અગર છોકરી પોતે માગે યા જેને આપવા ફરમાવે તેને આપુ—તે માટે હું વાંધો નહિ ઉઠાવું.

(૫૯) અર્થ-જેથી દાદાર અહુરમજદ મેહર સરૂશ અને રશ્ને રાસ્ત મારા સાહેદ હોજો. આદર ખોરહે આદર ગોશાસ્પ તથા આદર બુર્જીન મેહર (મારા) સાહેદ હોજો. સ્પેંતમાન જરતોશ્તનુ અશોફ્રોહર મારો સાહેદ હોજો. મારૂં રવાન અને દીન મારા સાહેદ હોજો. સર્વ નેક લોકો જેઓ અત્રે હાજર છેઓ તેઓ માહરા સાહેદ હોજો. તમો ફલાના, હેરબદ અને મોબેદાન મોબેદના સાગેદ છો તેઓ મારા પોતાના દસ્તુર તથા આદરબાદ મારેસ્પન્દ વતી હમપોરશેશ અને નેકાહ માટે તજવીજ ચલાવી તે માહરા સાહેદ હોજો.

મુબેદ બપદરન ગુયદ. (સસરાને પુછે)

અ૦ (૬૦) શોમોકે ફલાન પુરે ફલાન દોખ્ત ફલાન રજાઈ કે શે ખારસા વ સાલારી કે શે પેદરરસા ગીતહા વ મીનુહા દાદીહા વ દીનહા અશુ દાદહા પે હુમતને પે હુમરવાંને કદેહ કદેહ બાનુએ મોનમોન વેદેહ દાદહા દીનહા દસ્તહા પએમાનહા બ પાદશાહુજને હુમુન પેસરદાદ.

(જવાબ-દાદમ)

મુબેદ બ દામાદ ગુયદ. (જમાઈને પુછે)

(૬૧) કનીઝક હુમાન નામ રઝાઈ કે શે ખારસા સાલારી કે શે પેદરરસા ગેતી હા વ મીનુહા દાદીહા દીનહા અશુ દાદહા પે હુમતને ફે હુમ રવાને પાદશાહુજને કદેહુ કદેહુ બાનુએ માન માન વેદેહ દાદીહા દીનહા દસ્તહાપ એમાનહા ઓત બ પાદશાહુજને પઝીરફ્ત.

(જવાબ પઝીરફતમ)

(૬૦ અને ૬૧ ના ફકરા માટે (૩૯) મા ફકરાનો આંપેલો તરજુમો જુવો.)

મોબેદ બપદરન ગુયદ. (સસરાને પુછે)

શોમા દા દાદ (યાને તમે પાદશાહુજનીને પરણતા છોકરાને આપી)

(જવાબ દાદમ—સેબાર)

મુબદ બ દામાદ ગુયદ (જમાઈને પુછે)

શોમાદા પઝીરફત (સેબાર) (યાને તમો પોતે પાદશાહુજનીને કબુલ કીધી)

(જવાબ પઝીરફતમ)

અ૦ (૬૨) ફરોખન્દેહ વ ખોજસ્તેહ બાદ યકકજા ઓ નેકબખ્ત બાદ. અએદુન બાદ અએદુન તરજ બાદ. ક્ષનઓથ અહુરહે અપેમ વહી (૧).

(૬૨) અર્થ—મુબારકી ભલાઈ ભરેલાં નેકબખ્તી સાથે લાણુ જીવનારા તથા જીંદેગાંનીની છેલ્લી ઘડી સુધી મોહોબતથી સાથે રેહનારા હોજો. એ પ્રમાણે અને એથી પણ અધિક બેહતર થાઓ હસ્તી બખશનાર મહાજ્ઞાની સાહેબ (અહુરમજદ) ની ખુશાલી હોજો.

(આ નસીહત ખતમ થવા પછી વરકન્યાને ખુરસીપર સાથે બેસાડી બે મોબેદા દોવાએ તન્દોરસ્તી ભણે છે.)

આ પએવન્દ નામે ૧૨૭૩ યજદેઝરદીમાં આમુર ઝેન્દેહ શીરમરદ ફારસી અવસ્તાની પ્રગટ કાઢેલી કેતાબ ઉપરથી તેના તર્જુમા સાથે લખી છે. લગ્ન વખતે વર કન્યા તરફથી હાજર કરવામાં આવતી ચીજોનો ખુલાશો.

લગ્ન કરવાની યોજનામા સાક્ષીઓના સંગ્રહ કરવામાં આવે છે અને વરરાજા તરફથી સુકો મેવો, મીઠાઇ, અને કન્યા તરફથી લીલા રેશમી કપડાનો એક ટુકડા, અનાર, મરઘીનુ ઇંડું, એક કાતર, મળી સર્વ ચીજો હાજર કરવામાં આવે છે અને જ્યારે લગ્નનો ઉપદેશ આપવામાં આવે છે ત્યારે પ્રથમ છોકરીના પિતા અથવા તેના વકીલના હાથમાં મેવો મુકવામાં આવે છે અને તે મેવાના હાથ ઉપર જમાઇનો હાથ મુકવામાં આવે છે જે કોલ આપવાની રસમ મુજેબ બન્નેના હાથોને પએવન્દ કરાવે છે જે સાથે આખી નસીહત નામે પુરી થતાં સુધી જમીનપર બીછાવેલી સતરંજી પર બેઠક આપવામાં આવે છે અને કન્યા તરફથી સદરહુ ચીજો જે લાવવામાં આવી છે તે વરરાજાના ભાઇના હાથમાં યાતો તેના કોઇ ખેશાવન્દના હાથમાં આપે છે જે લગ્નને ઉપદેશ ખતમ થતા સુધી વરરાજાના માથા ઉપર બે હાથમાં પકડી ઉભો રેહે છે અને જયારે મોબેદ નેકાનુ કામ પુરૂ કરી રેહે છે તયારે તે ચીજો છોકરાના માથાપરથી ઓવારી સદકે કરી નાખે છે તે વખતે છોકરો ઉપર કહેલુ કાચું ઇંડું પોતે લઇને ઘણા જોરને હાથે ઉંચે હવામાં ફેંકી દે છે. અને અનાર પરણુતાં જોડાંને ભેટ આપવામાં આવે છે કે જે તે તેઓ તે દિવસે યા બીજે ફુરસદને દિવસે ખાય, એ ચીજોની રાખવાની–મતલબ અને ભેદનો ખુલાશો એ આપવામાં આવે છે કે જે મેવો મીઠાઇ છે તે (તેઓને) ભલી ખુશબકતી તથા ખોદા તરફથી અતિઘણી નએમતો સાથની રોજીનું પોહચવું થાઓ તેની નીશાન તરીકે છે. અનારની અલામત ઓલાદની વૃધ્ધિ અને જીંદગાનીનું ખુશી ખુરમી સાથે ગુજરવું થાય. લીલા રેશમી કપડાંની અલામત શાદી રામશની અને મિત્રાચારી ભર્યા વિચારથી નરોતાઝે રહેવાની છે. કાતરની નિશાની ભલો ઉદ્દેશ કરવાને લગતી છે અને કાચા ઇંડાની અલામત જે તે બાહેર ફેંકી દેવામાં આવે છે તેમ છોકરીનો બાપ તેણીની ઉપરના સર્વે

એખ્તીઆરીનાં હકો કાતરથી કાપી મરઘીના એક નાખી દેવામાં આવતાં ધ્ધાંની મીસાલે જમાઈને ધડો આપે છે. કે તેને પણ એમ તેણીનાં સર્વે હકો અદા કરવા અને પોતાની છોકરી જે એક તન મનના વિચારથી જમાઇને સપુરદ કરે છે કે આએ દુન્યામાં હમેશ સાથે જીંદગી ગુજારવી અને એ પછીની ઉપરની બીજી દુન્યામાં મળી ફરી એક સાથે થઈ પોતાના સર્વે હકો અને ઇચ્છિાઓમાં એકત્ર થાએ.

આતશની આસપાસની પ્રદક્ષિણા.

પરણ્યા પછી છોકરી છોકરાને ઘેર આવતાંજ એક જગ્યાએ ઉંચા કુડાંમાં આતશ રોશન રાખીને રજુ કરે છે તેની આસપાસ એક તરફ બાનુઓ અને એક તરફ ગ્રહસ્થો સફ મારી ઉભા રહે છે, તેઓની વચ્ચે સર્વે દેખતા છોકરો છોકરીની પાંખડી વળગીને રોશન આતસની આસપાસ ત્રણ કે સાત વાર ફેરા ફરી પ્રદક્ષિણા કરે છે તે વખતે પાસે ઉભેલાં બાનુઓ અને ગૃહસ્થો સર્વે મળી સુકા મેવાના દાણાથી તેઓ ઉપર નેશાર કરી વધાવી લે છે ને કોઇ વખતે એક બે મોબેદો ઉભા હોય છે તો ગાયન ગાય છે (આતશની નીઆઇશ પઢેછે) એમ આતાં ફરી વળતાજ છોકરો છોકરીને પોતાની સાથે હાથે હાથ ધરી ઘરના ઓરડામાં લઈ જઇ અન્દર બેસાડીને પાછો બાહેર આવી મીજલસીઓને અને છોકરીની તરફના આવેલાઓને માંન આપી વીદાય કરે છે.

(વરરાજાનું પાણીના ચશ્મા તરફ આગમન થવું)

અને પછી પહેલા ત્રીજા કે ચોથા હપ્તામે ગમે તે દાહાડે છોકરાને બાહાર હરવો પગ કરાવે છે જ્યારે પાંચ સાત જણા ખેશીઓ ઓજીરન ગેહની વખતે તેહને બાહાર નીકળતાં પરણેલી સ્ત્રી ઘરના ધાબાંપર જઈ સુકો મેવોને 'આબશન' નામના સુકાં પાત્રાં એક વાસણમાં ભરીને પોતાના વરના માથાં ઉપર નાંખી વધાવે છે પછી તે છોકરો પાણીના ચસ્માપર જઈ પોતાંના હાથમાં કલશીઆમાં દુધ શાકરને 'સંજત' નામનો સુકો મેવો લઈ આ હાતાંમચા નાહા સાથની આવા અરદુઈસુરની નીઆઅશ કરે છે જે કરતા મજકુર ચીજો પાણીમાં વધાવે છે અને ત્યાંથી પાછા ફરી આવી ઘરમા દાખેલ થતી વખતે પણ પ્રથમ મુજબ તેની સ્ત્રી તેને વધાવી લે છે.

જુવો એજહારે સીઆતે ઇરાણ નામની કેતાબ

કૃત—માણેકજી આતરીઆ.

ભાગ બીજો.

ઈરાંન અને ઈરાનીઓને લગતી જાંણવાજોગ વીગત.

(આ કેતાબનાં પેહલા ભાગમાં પેવંદનામે ઈરાણી યાને હાલના ઈરાંનીઓની લગન કરવાની રૂઢી કેવી છે, તેનું વરણુન આપેલું છે. આ પુસ્તકના બીજા ભાગ તરીકે "ઇરાંણ અને ઈરાંણીઓને લગતી જાણવાજોગ વીગત" દાખેલ કરવામાં આવી છે, જેમાં ઈરાણીઓનો એક ખોદા પરસ્ત ધર્મ, અને જરતોસ્તી પ્રજા પોતાનું ઇરાણનું રાજય ખતમ થવા પછી હિન્દુસ્તાન આવી વસીઆ તે આગમજ હિંદુસ્થાંન આવેલા મોબેદો અને તેનો વંશ વિશે મળતી વીગતો અને રસિક દંત કથા, ઇરાણનાં હાલના આતશ કદેહો, ઇરાણના જરતોસ્તીઓ ઉપર જજીયાનો કર, ઇરાંણના જરતોસ્તીઓની કેળવણીની થયલી વ્યવસ્થા અને ઇરાણના જરતોસ્તીઓની દરેક સધવડને પહોચી વળવા કીધેલી હિન્દુસ્તાનના સખી જરથોસ્તી ગ્રહસ્થોએ મદદો વિગેરેની સ્વીસ્તર બાબદો સમાયલી છે, જે વાંચનારને ઇરાણી જરતોસ્તીઓની લગ્નના વિષય સાથ અનુકુળ થઈ પડશે. પુસ્તકના ત્રીજા બાગ તરીકે "આતશબેહરામની રખીઆની તીલી" વિશે તહરીર કરવામાં આવ્યું છે. જે વિચારથી આપણ જરતોસ્તીઓ આતશબેહરામની રખીયાનુ તીલક કર્યે છીએ તેનું નિરાકરણ સુબોધ વિચારની પુષ્પમાળથી થયું છે, જેનું અનુકરણ કરવાથી મગજ ઉપર સારી છાપ પાડી માણસને સદગુણી બનાવે એવુ અનુભવવામાં આવશે. છેવટે આ પુસ્તકમાં લખાયલી "ઇરાણ અને ઈરાણીઓને લગતી વીગત" ની કેટલીએક બાબદો માંનવંત શેઠ મનચેરજી હોશંગજી જાગોશ સાહેબ તરફથી પુરી પાડવામાં આવી છે તેઓનો આ તકે મહોટો આભાર માન્યે છીયે.)

લા૦ મુબદ મેહરવાનજી ખુરશેદજી બહેરાંમ કામદીન દસ્તુરના મરહુમ શેઠ રૂશતમજી કાવશજી બનાજી સાહેબના આદરાંન

કલકતા.

સાંકલીયું.

ભાગ બીજો

ઇરાંન અને ઈરાંનીઓને લગતી જાણવાજોગ વીગત.

જરથોસતી લોકો ઈરાંનથી હીંદુસ્થાંનમાં આવી વસીઆ તેની અગાઉ થોડાક મોબેદો હીંદુસ્થાનમાં આવેઆ હતા તેને લગતી બાબદ.

પારસીઓ ઇરાનથી હીંદુસતાન ખાતે આવી વસેઆ, તે આગમજ કેટલાક પારસી મોબેદો હીંદુસતાનમાં આવી વસઆ હોય, એવું અનુમાન એક વાતથી થાએ છે. પરોફેસર ઉઇલિસનના જણાવયા પરમાણે હીંદુઓના પુરાણોમાનાં ભવીષય પુરાણમાં એક જગોએ એવું લખાણ આવ્યું છે કે પારશીઓના ધરમગુરૂઓને આ દેશ ખાતે બોલાવયા હતા કે જેઓ "મગસ" ને નામે ઓલખાતા હતા—તેમનું વતન ઇરાન નહી પણ શાક-ડવીપ નામે એક ટાપુ હતો એમ લખયું છે. આ "મગસ"-જે સબદ ગાથાવાણીના 'મગવસ' શબદને મલતો આવે છે—તે લોકોની ઉતપતી વીશે પુરાણમાં લખયું છે કે તેઓ આફતાબ અને આતશના વંશના હતા. કથાછે કે રીજુ અથવા રીજવાહવ નામે એક પવીતર ઓલમાએ નીશકુંભા નામની પોતાની દીકરીને અગની નામે દેવતાને અરપણ કરી હતી, પણ સુરય દેવ તેણીની ખુબશુરતી ઉપર મોહી પડયો અને અગનીનો વેશધારણ કરીને પેલી કનયા પાસે ગયો, જેણીએ તયારપછી જલગમણુ નામે એક દીકરાને જનમ આપયો. આ જલગમણુની ઓલાદમાંથી મગસ લોકોને ઉતપન થએલા ભવીશય પુરાણમાં જણાવયા છે. હવે નીશકુંભાની મજકુર વરતણુકને લીધે તેણીના પીતાએ તેણીનાં બાલકને તજયું, પણ આ ખુબસુરત અબલાની કાકલુદી ઉપરથી સુરય દેવતાએ જલગમણુને બરાહમણોના જેટલો દરજજો ન આપતાં તેને લગભગ તેમનીજ પાયરીએ ચહડાવીને તેના વંશજ મગસ લોકોને પોતાના પસંદ કીધેલા પુજારીઓ દાખલ કબુલ કીધા. ભવીશય પુરાણના બનાવનારા

બરાહમણોએ આ ઠેકાણે વડાઈ લીધેલી લાગે છે. પણ તેને સવભાવીક ગણીને આપણુ પસાર થવા દઇશું. હવે તયારે એ પરમાણે જે મોબેદો હીંદુસતાનમાં આવયા હતા તેઓ તો શુરજવરસત હતા એમ આ દંતકથા આપણને શીખવે છે. જે વખતે ઇરાનમાં આફતાબ, માહાતાબ, સેતારાઓ, તથા બીજા ગરેહોની પરસતેશનો જમાનો પુર જોશમાં ચાલુ હશે તે વખતથી, જે મગસ લોકો વીશે ભવશય પુરાણમાં હકીકત આપી છે, તેમની હઇયાતી હશે એમ સમજ પડે છે તે વખતે કદાચ પેદા કરનાર ઇશવરના કેબલા તરીકે આતશ કરતાં આફતાબ વધારે બુજરગી પામયો હશે—અને આ વાત ખરી છે કે ઇનિશાનનાં મનમ. ભકતીનો પેહેલવેહેલો ખયાલ પેદા કરનાર સુરય હતો પણ આ દંતકથાની ફીલસુફી—તેના છુપા ભેદ—નો સાર તો આ પરસતેશને ખોરશેદને બદલે આતશની દેખાડી આપે છે. કરૂશણા અથવા કાહાનને નામે વઇશણવો જે દેવને માને છે તે એક હઇયાતી ભોગવી ગયલો માનવી હતો, પણ વીશનુ પુરાણમાં લખવા પરમાણે તેનામાં મોટા દેવ વીશનુનો અંશ ઉતરેલો હતો, અને પરૂથવી ઉપર વધી ગયલા રાક્ષસો અને દઇતિયોને હનવા માટેજ કરૂશણને જનમમાં મલયો હતો. તેનો એક દીકરો સામબ નામનો હતો, જેણે હીંદુસતાનના વાવય ખુણાના મુલકમાં સુરયની પુજા દાખલ કીધી હતી. જેને શક-ડવીપ ખાતેથી મગસ મોબેદ—લોકોને બોલાવયા હતા તે એજ શાહજાદો હતો. આ કુંવર રગતપીતના મરજથી બહુ પીડાતો હતો. જેનો કશો ઉપાય નહી મલી શકવાથી અંતે તેણે જંગલમાં જઇ સુરય દેવતાની ભકતી કરવાનો ઠરાવ કીધો, કેમકે તેને ખબર હતી કે ખોરશેદની બંદગીથી રગતપીતનો મરજ દફે થાએ છે. એ વખતે હજીતો કરૂશણ જીવતો હતો, માટે તેની રજા લઇને સામબ ડવારકાથી નીકલીને સીધું નદીને ઉતર કાંઠેથી ચંદરભાગા (ચીનાબ) નદી તરફ ચાલયો અને તયાંના વખાણ પામેલા મીત્ર દેવ (મીત્રવાન-મીથરોપાનો) નાં આશરમમાં ગયો અને તયાં અપવાસ, તપ અને ભકતી કરીને સુરય દેવની પ્રસંનતા મેલવી, જેથી તેનો મરજ તદન દફે થઈ ગયો. વલી આવા ભકતીમાંનથી બહુજ રાજી થઇને સુરયે તેને એક દેહેરું બાંધવા ફરમાવયું. સામબે દેવ તરફની નીમકહલાલીને માટે ચંદરભાગા નદીને કાંઠે એક સારી જગા ઉપર શુરયદેવની યાદગારીમાં એક દેહેરું બાંધયું અને તેની આસપાસ એક શેહેર વસાવ્યું.

દેહેરું બાંધયા પછી સામબને વીચાર પડયો કે તેમાં સુરય દેવની મુરતી શી પરકારની ગોઠવવી ! એ વીચારમાં હતો એટલામાં એક દીને તે નદીમાં સનાન કરતો હતો તે વેલા એક મોજેજાની મુરતી નદીમાં તરતી તેને દેખાઈ,

કે જેનો ચલકાટ અતી ઘણો હતો. આ મુરતી પવનથી તણાતી કાંઠે લાગી અને સામબ સમજ્યો કે સુરયના દેહેડાંમાં મુકવા તે દેવે આ પોતાની શીકલ મોકલાવી છે. આમ માની લઇને તેણે તે નુરમંદ ગોળાને પુરતાં માન અકરામ સાથે દેહેડાંમાં પરતીષટા કીધો. આમ કરીને સામબે દેહેડાંની રખેવાળી તથા સુરય દેવની વખતે વખતની પુજા કરવાના હેતુથી બરાહમણોને મુકરર કરવા માંગયા, પણ મુરતી પુજા કરવાની તેમને વેદમાં મનાઈ હોવાથી કોઇબી બરાહમણ જનમશુધીના ધીકારમાં પડવાને રાજી થવાનો નથી, એવી સામબની ખાતરી થવાથી તે મથુરાના રાજા ઉગરસેનના કુળના વડા બરાહમણ અથવા "પુરોહીત" ગઉરમુખ (ગોરા મુખનો) કને ગયો, જેણે સલાહ આપી કે તેણે સુરય પુજા માટે મગસ લોકોને બોલાવવા પણ ગઉરમુખને પોતાને ખબર ન હતી કે આ મગસ લોકો કયાં વસે છે. આ ઉપરથી સામબે પાછી શુરયની ભકતી કીધી, જેણે ખબર આપીકે જામબુ–ડવીપ=હીંદુસતાન–માં જે દરજજો બરાહમણો ભોગવે છે તેવોજ દરજજો શક-ડવીપમાં મગસ લોકો ભોગવે છે, માટે તયાં જઇને તેમને બોલાવી લાવી દેહેડાંનો એખતીયાર તેમને આપવો.

શક–ડવીપ કયાં છે તેની સામબને ખબર ન હતી, તોપણ તેના પીતા કરૂષણે તેને પોતાનું ગરૂડ પરવાસને માટે આપયું, જેની સાહયતાથી તે શક–ડવીપ ખાતે જઈ પુગયો, તયાંના મગસ લોકોને પોતાનો હેવાલ કહયો અને તેમનાં ૧૮ કુટુંબોને સમજાવીને પોતા જોડે પાછો હીંદુસતાન ખાતે લઇ આવયો તથા દવારકા ખાતેના પોતાના ભોજ નામના બેશીઓને સમજાવીને તેમની દીકરીઓ સાથે મગસ મરદોને પરણાવી આપયા. ૫૬ ટોળાવાળા યાદુ લોકોમાનો આ ભોજ એક તાયફો હતો. આ પરમાણે મગસ અને ભોજ તાયફાઓના મલવાથી જે વંશજો થયાં તેઓ "ભોજક" ને નામે ઓલખાયાં.

પણ વાંચનાર પુછશે કે આ મગસ લોકો પારસીઓના મોબેદો સાથ શી રીતે સરખાવી શકાય? કદાચ મગસ નામનો કોઇ જુદોજ તાયફો ખોરશેદની પરસતેશ કરનારો કાંય નહી હોય?

ઉપલી દંતકથામાં ઇરાનના મોગ (માગી અથવા મોબેદ) નું નામ ભવીષય પુરાણમાં જણાવેલા મગસ સાથ મલતું આવે છે તે સીવાય બીજું એવું ઘણું છે કે જે ઉપરથી મોબેદ તેજ મગસ ઠરી શકે છે. અવસતાનો અસલ શબદ 'મગવસ' છે, જે નામ ધરાવનારા ધરમગુરૂઓને હજરત જરથોસતે મોટો દરજજો આપેલો જણાય છે. એ શબદ ઉપરથી ખીલારોકી તખતીઓવાલો 'મગુસ' શબદ નીકલ્યો, કે જે ઊપલા પુરાંણવાલા 'મગસ' શબદને લગભગ મલતો આવે છે. ઉપલાંજ પુરાંણમાં જણાવ્યા પરમાંણે સામબે

આ મગસ લોકો કોણ છે તે વીશે પરપુછ કીધી ત્યારે વેઆસ નામના વીદવાંને કીધેલા ખોલાશામાંથી નીચે ટપકાવેલી મુખય બાબતો પારસીઓના મોબેદોને આજે પણ કેવી રીતે મલતી આવે છે તે વાંચનાર પોતેજ તપાસી લેશે:—

૧. મગસ લોકો ખાનું ખાતી વખતે બોલતા નથી.—મોબેદ પણ બાજ ધરીને મુગે મોહડે ભોજણ લે છે.

૨. મગસ લોકો 'અવયંગ' નામે એક જાતની દોરી જેવી વસતુ કમરે બાંધે છે—મોબેદો અને દરેક જરથોસતી કુસતી કંમરે બાંધે છે તેને અવસતામાં 'અઇવિયોંગાનેમ' નામ આપેલું છે.

૩. મગસ લોકો 'વસરમ' અથવા 'વસરમ' નામની જીનસ પોતાની પવીતર ક્રીરીયાઓ કરતી વખતે વાપરે છે.—મોબેદો ક્રીરીયાઓમાં 'બરસમ' વાપરે છે.

૪. મગસ લોકો લાસને અડકતા નથી. એક પણ જરથોસતી લાસને અડકતો નથી.

૫. તેઓ ચોકસ વખતે અસતરીઓને પણ અડકતા નથી.—દસતાં-નવાલી અને સુવાવડી અસતરીઓને જરથોસતીઓ અડકતા નથી.

૬. તેઓ દહાડી રાખે છે.—પારસીઓ મોબેદો પણ એમજ કરે છે.

૭. તેઓ પગે ચાલીને મુસાફ્રી કરે છે—બરશનુમવાલા મોબેદથી ઇસિટીમર યા રેલવે ટરેનમાં મુસાફરી થઈ શકતી નથી.

૮. તેઓ બંદગી કરતી વખતે જમણા હાથમાં 'પુરણ' નામે કપડું પકડી મોહોડું ઢાંકે છે અને ડાવા હાથમાં કોડો પકડે છે.—આફ્રીગાન અને બીજી બંદગીઓ કરતી વખતે મોબેદો મોહોડે પદાંન ઢાંકે છે.

આ પરમાંણે જોતાં હીંદુસતાંનમાં શુરીયની પુંજા દાખલ કરવા માટે ઇરાંનથી જરથોસતી મોબેદો આવ્યા હતા, એમ ભવીષય પુરાંણની ઉપલી દંતકથા ઉપરથી જણાય છે. પણ શું ખરેખર જરથોસતીઓ ખોરશેદની પરસતેસ કરતા હતા? અને શું તેજ પરસતેસ પાછલ કુરૂપણના વખતમાં હીંદુસથાંનમાં દાખલ થઈ હતી? પરોફેસર ઉઇલસન ઉપલી કથા ઉપરથીતો એવો સાર ખેંચે છે કે ઇરાંનથી મોબેદોએ આવીને વાવય ખુણાનાં પરાંતોમાં ખોરશેદની નહી પણ આતશની પરસતેસ દાખલ કીધી હતી. આને એક ટેકો એ મલે છે કે વયાસે જયારે સામબ આગલ મોબેદોની હકીકત જણાવી ત્યારે તેણે સુરયની ઓલખ આપી કે તે આતશનો ગોલો છે, અને વલી નદીમાં જે નુરમંદ ગોલો સામબને મલી આવેઓ તેબી આતશના જેવોજ હતો. તેણે જે દેહેરું બાંધેઉં તેબી આતશ કદેહ હોવું જોઇએ, કે જયાં આતશની જોડે સુરીયની પણ બંદગી થઈ હશે.

ઇરાંન અને ઇરાંનીઓ વીશે આગલા આલમાઓએ ઉચ્ચારેલાં મત.

આગલા કદીમ ઇરાંનીઓ એકજ ખોદાને માંનનારા હતા તે વીશે તવારીખનો પીતા હીરોડોટસ જે ઈ. સ. પુરવે ૪૪૪ ના વરસમાં થઈ ગયો છે તે પોતાના પેહેલાં પુસતકના બાબ ૧૩૧ માં એમ જણાવી ગયો છે કે:—

મારી અજમાયેસ પરમાણે ઇરાંનીઓ મુરતી, દેવસથાંનો અથવા દેહેડાંઓ બનાવતાં નથી અને જે લોકો એ પરમાંણે કરે છે તેઓને ઇરાંનીઓ એવકુફ કરી ગણે છે; કાંએ જે હું એમ ધારૂંછું કે જે પરમાણે યુનાની લોકો ખોદાને આદમીઓના જેવું રૂપ આપે છે તે પરમાણે એ ઇરાંનીઓનો એતેકાદ નથી. તેઓમાં પાહડોના મથાલાં સુધી ચહડવાની ટેવ હોએ છે, તેયાં તેઓ જુપીતર (અહુરમજદ) ની પરસતેસ કરે છે અને આખાં આશમાનના ઘેરાવનેબી તેઓ જુપીટર કરી કહે છે. તેઓ ખોરશેદ, માહાતાબ, ખાક, પાણી તથા આબો—આતશને ભોગ આપે છે.૧ પુરાંતમ જમાનાથી તેઓ એ તતવોને બુજરગ કરી ગણુતા આવયા છે.

વલી નામીચો વીદવાન "જીયોરજ રોલીનસન" કે જેણે હાલના વખતમાં "હીરોડોટસ" નાં પુસતકનો સઉથી સરસ તરજુમો કીધો છે અને જેણે ખીલારોકા હરફોની મદદથી તથા બીજી કેટલીક વાકેફગારીથી તે માહેલી ઘણીક બાબદોનો નોટ અને રીશાલાના આકારમાં ખુલાશો કીધો છે, તે ધણી પોતાના ગરંથનાં પેહેલાં પુસતકના પાંચમાં નીબંધમાં એવું કહી જાય છે કે:—

"ખીલારોકા હરફોની તપાસ કરતાં આગલા ઇરાંનીઓ તતવોની પુંજા કરતા હોય એવું માલમ પડતું નથી. માતર એટલુંજ શાબેત થાય છે કે તેઓ અહુરમજદનાં નામથી એક ખોદાની બંદગી કરતા હતા, અને "હીરોડોટસ" જે તેમના ધરમ વીશે ખરાબ મત આપી ગયો છે, તેનું સીધાંત એવું છે કે એ ગરંથકારના વખતમાં ઇરાંન મધેનાં ઘણાંક પરાંતોમાં જુદદીનની કેટલીક ખરાબ રસમો દાખલ થયલી હતી, તે તે (હીરોડોટસ) ના જોવામાં આવી હતી, પણ શેહેરમાં અને પાદશાહની દરબારમાં કે જયાં ઇરાનીઓનો બાપીકો અને વગર બીગડેલો ધરમ ચાલતો હતો. તે વાતથી એ હીરોડોટસ તદન નાવાકેફ હતો. ૨

---

૧. હીરોડોટસનાં આ પાછલાં લખાણને પલુટારક, ડીઆન, સરીસોસટમ, અને લુશીયન નામના ગરંથકારો ખોટા પાડી ગયા છે.

૨. જીયોરજ રોલીનશનની માફક ડાકટર સટાવલી, મી૦ હાન કરવી, અને પરોફેસર ડાકટર બઇડે પણ પોતાનાં પુસતકમાં ખુલાશો કરીઓ છે.

"સ્ટ્રાબો" નામનો એક યુનાની ગરંથકાર કે જે ઇશુની પેહેલી સદીમાં થઈ ગયો છે. તેણે ઇરાંન દેશની પોતાની મુસાફરી સંબંધી ભુગોલને લગતું એક પુસતક બનાવેલું હતું, તેમાં તેણે ઇરાંનીઓના ધરમ અને રેવાજો વીશે એમ લખેલું છે કે:—

"ઇરાંની લોકોની રીતભાતો શુશીયન, મીડ તથા બીજા ઘણાંક ટોલાંઓના જેવી હોય છે, અને તે વીશે ઘણા ખરા ગરંથકારો લખી ગયા છે તોપણ મારાં દાસનાંન સાથ મલતી આવે એવી કેટલીક બાબદો મને પોતાને જણાવેઆ વીના ચાલતી નથી. ઇરાંનીઓ દેવસથાન અથવા મુરતીઓ બનાવતા નથી, પણ આકાશને જુપીટર (ખોદા) ગણી, ઉંચી જગાપર જઇ તાંહા તેઓ ભાગ આપે (જશંના કરે) છે, આતશ ઉપર છાલ વગરનાં સુકાં લાકડાં મુકી સલગાવે છે, અને તેને ફુક મારી રોશન કરતા નથી, પણ વીનાથી વીજનીને તેને રોશન કરે છે, જે લોકો બલતાંને ફુકથી બુજાવે છે, યા આતશ ઉપર હરએક મુરદાલ ચીજ (યાને નશા) અથવા નજીશાહ નાખે છે, તેઓને તેઓ (ઇરાંનીઓ) કતલ કરે છે. આતશને તેઓ માન આપે છે અને તેને મુરદાંની સાથ અડકાવતા નથી. ઇરાંનીઓ તથા આરમીનીયન લોકો ફકત જરથોસતી ધરમ પાલે છે અને તેઓ એકજ પરમેશવરને આતશનાં પાતરાંની સંનમુખ શર નમાવી ભજે છે તથા કીરીયા કામ કરે છે.

રોમના શેહનશાહ જુલીએન સાથે ઇ૦ સ૦ ૩૬૩ ના વરસમાં આસાનીઆન પાદશાહા શાપુર જુરકતફને ઇરાંનમાં લડાઇ થઈ તે વેલા આમીઆનસ મારસેલીનસ નામનો એક રૂમી ગરંથકાર રૂમી લશકરમાં હતો, તે પોતાન ૨૩) માં પુસતકના ૬) ઠા બાબમાં ઇરાંનીઓ અને તેઓના ધરમ વીશેની બાબદ લખતાં જણાવે છે કે:—

"માગી અથવા મેજાઈ (મોબેદ) લોકોના આ મુલકમાં યાને (ઇરાંનમાં) ફલવંત ખેતરો છે. અતરે આ ટોલાનું અને તેમના અભીઆસ વીશેનું થોડુંક વીવેચન ઉપયોગી થઇ પડશે. ફીલસુફી મતો વીશે સરવેથી નામીચો લખનાર પલેતો (અફલાતુન) માજી યાને (માગદીઅસનાન લોકો) નો અરથ "માખાજીસતીયા" નામના ભેદી સબદથી કરે છે. એટલે કે એ ધરમ ઇશવરી શકતીઓની સરવેથી નીરમલ ભકતી યાને (ખોદાની બંદગી કરનારાનો થાય છે,) બાકતરીઆ યાને (બલખ) ના જરથોસતે આ ધરમના જ્ઞાનમાં ખાલદીઆન લોકોની છુપી કીરીયાઓ ઉપરથી ઘણા દુરના જમાનામાં ઘણી બાબદો ઉમેરી હતી, અને તેના યાને (જરથોસતના) પછી દરાયસનો બાપ હીસતાસપ જે એક ઘણો ડાહયો પાદશાહ હતો તેણે કેટલોક ઉમેરો કીધો હતો."

"ડાયોજીનીસ લેઅરસીયસ" નામનો એક રૂમી ફીલસુફ કે જે ઇશુની બીજી શદીની આખેરીમાં થઈ ગયો છે તે પોતાનાં "ફીલસુફોની જીંદગી" એવે નામના પુસતકમાં પારસીઓનાં ધરમ અને રેવાજ તથા તેઓ મુરતી પુજાને ધીકારનાર છે, તે વીશેના હેવાલમાં એમ જણાવી ગયો છે કેઃ—

"મેજાઇ (મોબેદો) યજદ અમસાસપંદોની યાદ કરવામાં તથા યજશને કરી આરાધવામાં રોકાએલા રહે છે અને તેવો (મોબેદો) એમ સમજે છે કે ફરેસતાઓ માતરે હમારીજ આરાધના સાંભલે છે. આતસ તથા જમીન તથા પાણીને તેઓ ફરેસતાઓનું રૂપ આપીને તેઓની (ફરેએસતાની) હઇઆતી તથા પેદાયસ વીશેની હકીકતો તેઓ (મોબેદો) લોકોને વાયજો કરી સમજાવે છે અને મુરતીઓની રસમને તેઓ ધીકારે છે. જે લોકો દેવતા યા મુરતીઓને મરદ તથા ઓરતનું રૂપ આપે છે તેમને તો તેવો બહુ ધીકારે છે. ઇનશાફની તેઓ કદર પીછાણે છે, અને ગુજરેલાં રવાંનોના શરીરને આતસથી બાલવામાં મોટું પાપ કરી ગણે છે."

"પરોફેસર ડાકટર તામશ હાઇડ" નામનો એક અંગરેજ વીદવાન કે જે ઓકસફરડની પાઠશાલામાં હીબરૂ તથા આરબી ભાશાનો પરોફેસર હતો. તે વીદવાને શને ૧૬૮૦ નાં વરસમાં ઇરાંનની મુસાફરી કરી આવીઆ પછે કદીમ ઇરાંની તથા પારથીયન અને મીડીયન ધરમ અને તવારીખ વીશે ઇ૦ શ૦ ૧૭૦૦ માં "રીલીજીઓનીસ વીટરમ પરશારમ" હેવે નામનું લાટીની ભાશામાં જરથોસતી ધરમને લગતું પેહેલ વેહેલું એક પુસતક યુરોપ ખાતે છપાવી બાહાર પાડયું હતું, તેમાં તેને જરથોશતી ધરમની ઉતપનતી વીશે તથા આતશખાનાં, દાખમાંઓ, અને બીજી ધરમની જગાઓ અને કીરીઆઓનું વીગતવાર બયાંન કીનું છે, તેમાં માજદીયશની ધરમની ખોદાપરસતી વીશે તે એમ લખી ગયો છે કેઃ—

"ઇરાનીઓ જે વખતથી દુનીઆંની સપાટી ઉપર એક કોંમ તરીકે ગણાવા લાગયા, તીંઆંરથી તે આજસુધી તેઓ એક ખરા ખોદાની પરશતેશ કરનારા, તાખમથી દીનદાર ખશલતના, મુરતી પુજાને ધીકારનારા અને ખોદાતાલાને એકજ તથા શરવે શકતીવાન શાહેબ કરી ગણનારા છે. જેમ આપણે ખરીસતીઓ પરમેશવરની સઘલી શકતીઓ પીછાનીએ છીએ તેમ તેઓ પણ પીછાણતા આવીઆ છે. અને તેઓએ પોતાનાં ધરમ પુસતકોમાં બનાવનાર, પેદાનો કરનાર, હકુમતનો કરનાર તથા નેગેહેબાનીનો રાખનાર, એવાં ખોદાતાલાને નામો આપયાં છે."

નામાકીત ઇરાન દેશના મુસાફર "શર ઉલીયમ આઉશલીએ" ઇ૦ સ૦ ૧૮૧૧ માં પોતાની ઇરાંન દેશનાં મુસાફરીના બે પુસતકો છપાવી બહાર પાડ્યાં છે. તેનાં પેહેલાં પુસતકમાં જરથોસતી ધરમ બાબે એ વીદવાંન ગરંથકાર લખે છે કે :—

"પારશીઓના ધરમ સંબંધી જે માયાકુલ મત હું બાંધી ચુકયો છું, તે મત એ વાતથી મોતેબરી પકડતું ગયું છે કે એ ધરમ માતર નીતીનો મારગ દેખાડનારો છે, એટલુંજ નહીં મગર નેક ખશલતની ખરેખરી બુનીઆદી ધરાવનારો છે, જેથી એ ધરમ પાલનારા મરદો પરમાણીક તથા ઓરતો પરતીવરતા રેહે છે. પુરાતમ વખતના ઇરાંનીઓ કોઇબી ખેયાલી દેવ દેવીને માટે પુતલાં અથવા બાવલાં ઉભાં કરતા ન હતા, અને પરશીપોલીશના ખોહોલાં કોતર કામો તપાસતાં અજાયબી લાગે છે કે તેવો માહેથી એકબી મરદ કે ઓરતની મુરતીઓ મલી આવતી નથી. યુનાનીઓની માફક તેવો (ઇરાંનીઓ) એવું માનતા ન હતા કે દેવતાઓ માણસ રૂપમાં સંગારેલા હોય છે. તેવો તોમીડ તથા ઇસ્લામાઇત લોકો હતા કે જેવોએ સાઇરસના અમલ તલે બાબીલોનની સઘલી બનાવેલી મુરતીઓનો નાશ કીધો હતો. ૧ આવા તેમણા નેઆગાનો હતા. અસલથીજ મારો મજબુત વીચાર એવો છે કે પારશીઓ ખોદા પરસત છે. તેઓ એક ખોદાને માનનારા તથા પુજનારા છે. એક જુના અરબીરીશ દશતાવેજમાં જરથોસતને માટે જણાવેલું છે કે 'આયર–ગીયડ–લમહ' અને શુનેરી હાથવાલો, કે જે હાથે આકાશી આતશ મેલવી તેને (જરથોસતે) ફેલાવેઓ હતો."

"શર ઉલીયમ જોનસ" નામનો માહા કાબેલ વીદવાન દબેસતાન તથા દશાતીર નામની માહાભારત કેતાબો વીશે મુંબઇની એશીઆટીક સોસાયટી નામની મંડલી આગલ પોતાનું છઠીવારનું ભાશાણ આપતી પેલા, ઇરાંનીઓના ધરમ અને રીતભાત વાશે જે શખુનો બોલીઓ હતો તેનો સાર નીચે મુજબનો છે:—

---

૧ જાનહેલન નામનો એક વીદવાન ગ્રંથકાર "એપીટોમ ઓફ ધી હીશટરી ઓફ ધી વરુડ" નામનાં પુસતકમાં ઈરાનીઓ બુતપરસતીને ધીકારતા હતા તે વીશે લખેછે કે :—"મીશર તથા બાબેલોનો લોકોના ભયંકર વેહેમીપણાંને ધીકારવા તથા તેઓની મુરતીના ટુકડે ટુકડા કરી નાશ કરવાનો ઈરાની લોકો સદા તઇઆર રેહેતા હતા.

વલી દીન સતાનલી નાંમનો વીદવાંન પોતાના પુસતકમો જણાવે છે કે—"એક ખોદાને ભજણારા ઇરાની પાદશાહા સાઈરસે બાબેલોન તથા એસીરીઅન લોકોનાં દેહેડાંઓ તથા મુરતીઓને તારાજ કરી નાખી હતી."

"જે રીતે મોહશનફાની લખી જાય છે, તેની સતા ઉપર આપણે ભરોશો રાખીએતો અસલી ઇરાંનીઓનો ધરમ હેવો છે કે ("નીયુટન" કહી ગયો છે તેમ) સરવે ધરમ કરતાં તે ધરમ ઘણો પુરાતમ છે. ઇરાંનીઓનો એવો એતેકાદ હતો કે મોટામાં મોટો એક ખોદા કે જેણે પોતાની કુદરતથી દુનીયાંને પેદા કીધી છે, અને તે પોતાની કુદરતના કાયદાથી નીત્ય રોજ ચલાવીઓ જાય છે, તેને માનવો, અને પાકીજેપણાંથી તે ખોદાની ધાસતી તથા ખાએશ તથા તેનીજ પરશતેશ કરવી, અને તેઓ માબાપ અને જઇફ લોકોને ફરજ માંફક માન આપતા હતા, અને તમામ માણુસ જાત લોકોમાં ભાઇબંધી રાખતા હતાં. તથા તેઓ રેહેમ નજર અને દયાવંતપણાંની ખાશીયત ધરાવતા હતા. તે એટલાં સુધી કે વગર વાચાવાલાં પરાણીઓ ઉપર પણ રેહેમદીલી રાખતા હતા, અને તેમનો એબાદત કરવાનો કાયદો ઘણો નીરમલ અને પવીતર હતો, તથા તે કાયદો હાલના જમાના સુધી નીભી રહેઓ છે, એ ઘણું અજાયબ જેવું છે. દબેસતાન કેતાબોમાંથી મને એવું માલમ પડે છે કે પાદશાહ હોશંગના વખતમાં ઇરાંન દેશમાં જે કંઈ એબાદત ચાલતી હતી, તે ઘણી નીરમલ હતી.

"પરોફેશર મોનીયર વીલીયમ" નામના એક જાણીતા કાબેલ વીદવાંને "નાઇનટીનથ સેનચરી" નામનાં અંગરેજી માશીક ચોપાંનીયાંમાં જરથોસતીઓ વીશે એક બાબદ લખતાં જણાવીયું છે કે :—

"પારસીઓનું પવીતર વતન ઇરાંન અને તેવોનો ધરમ જે એક વેલા ઇરાંનના ગંજાવર વીસતારમાં ફેલાયો હતો. અને તે સઘલી ઇરાંની પરજાનો ધરમ હતો તેના તે (જરથોસતી) ઓ મુઠીભર હઈયાત સખસો રહેલા છે, તેવો હીંદુની મુરતી પુંજાને પસંદ કરતા નથી તથા લાકડ અને પથરના દેવોને માનતા નથી. પારસીઓ જાતે ચાલાક અને ઉલટમંદ છે, તથા અંગરેજી કેલવણી અને સુધારાની તેવોપર ઘણી સારી અસર થઇ છે. હીંદુ તથા મુશલમાનો કરતાં તેવો વધુ આગલ વધેલા છે. તેમના ધરમની ફરજોમાં સખાવત પેહેલી છે. આખી કોમમાં એકબી ભીખારી જડશે નહીં. હવે પછી પારશીઓ ઘણા વધી મોટી સંખયાના થાય, એવી સરવે કોઇને ઈછા છે."

"મી૰ બલાકવાલ" નામના એક વીદવાન ગરંથકારે દુનયાંના જુદા જુદા ધરમની ખોલ કરી તેનો એક ગરંથ બનાવેઓ છે તેમાં આગલા ઈરાંનીઓ એકલા એકજ ખોદાની પરસતેસત કરતા હતા તે વીશે લખે છે કે :—

"ઇરાંનીઓ બુત પરસત નહી હતા, તેવો એક ખોદાને માનતા હતા તથા તેને સઘલી ચીજોનો પેદાનો કરનાર કરી ગણુતા હતા. અને તેઓ ખોદાની બંદગી કરતી વેલા આતશને માતર ખોદાની નીશાંની તરીકે ગણુતા હતા."

"સી૦ સી૦ આર. મારકહામ" નામના એક કાબેલ અંગરેજ વીદવાને પારસીઓના કદીમ પાદશાહો તથા ઈરાન દેશ મધે બનેલા બનાવોને લગતી એક મુખતેસર તવારીખનું પુસતક લંડન શેહેરમાં છપાવી બાહર પાડયું છે, તેના દીબાચામાં તે એમ લખે છે કે :—

"ઇરાંનની સરજમીન ઘણુંજ જલકાટ ભરેલા બનાવોની યાદગારી ધરાવનારી છે. ઇરાંન શબદના ખુદ નામમાંજ તેજી અને ચલકાટ ભરેલા દેખાવો તલેશમાતીક રીતે ભેલાયલા છે. એ દેશ મધેના સઉથી કદીમ જમાનાના પેશદાદીયન ટોલાના પાદશાહો જે એકજ ખોદાને માનતા હતા. તે બનાવો ઉપર જયારે આપણ વીચાર કરીએ છે તીઆરે આપણા (અંગરેજોનાં) "અઇશાએઆ" અને "એઝરા" ના પુસતકોમાં આપણે વાંચીએ છીએ કે ખોદાતાલાની તાબેદારી, અને ફરમાનબરદારી કરનારા અશલ પાદશાહો તે એજ ઇરાંની પાદશાહો હતા, કે જેવોને તે ખોદાતાલાએ ગોયા પોતાના આડતીયા અથવા પેગમબરો તરીકે પસંદ કરી, આ પરૂથવીમાં કાંમે લગાડયા હતા, અને જેવો જમશેદી મેહેલના જેવી નાદર ઇમારતો અને મકાંનો બનાવી પોતાની કીરતી આજ સુધી પરકાશતી રાખી ગયા છે, એટલુંજ નહીં પણ પોતાની રઈયત અને ખોદાની ખલકની ભલાઇ તથા આબાદી ચાહીને પોતાના મુલકમાં પુશકલ પાણીની નેહેરો અને નાલાંનાં બાંધકામ કીધાં હતાં. તેવી બાબદપર આપણે ધેઆંન આપીએ છીએ, તેઆરે તેવોની ખુબી આપો આપ જણાઇ તથા સમજાઇ આવે છે. ફીરદોશી સાએરની રૂસતમ પેહેલવાન વીશે જહાંમરદી ભરેલી કોશેશ જે પાદશાહ અફરાશીઆબ શાથની કરવામાં આવી છે, તે લડાઇનું જે રંગ રૂપ દરશાવવામાં આવેઉં છે, તે સઘલું આપણાં જીગરને કેવું ધ્રુજાવનાર તથા આપણા મનને ઉસકેરનાર છે. એ ઉપરાંત વલી પાછલા જમાનાના સાસાંનીયન વંશના પારશી પાદશાહોના દોરદમામ અને ધુમધાંમોની તવારીખ જયારે આપણ વાંચીએ છે, તયારે ગોયા આપણી આંખો અચરતીથી દીપક મારી જાય છે. આ ઇરાંન દેશ જેવા માહા ઉપાયેગી મુલકની હાલત હવે પછે ગમે તેવી થાય, તોબી પારશીઓના આગલા પાદશાહોના જમાનાની તવારીખ ઉપર જયારે આપણ જોઇએ છે, તઆરે આપણા મન ઉપર ગોયા મોહોણીની અસરના જેવુ ખેંચાણ થાય છે, કે જેથી આપણું ધેઆન તે તરફ વલગેલું રહે છે, અને હવે પછેબી ગોયા વલગેલું રેહેશે. એજ ઇરાંનની શરજમીન ઉપર જરથોસત જેવા પેગમબરનો પવીતર ધરમ ફેલાયો હતો. એજ ઇરાંનનાં મુલકો ઉપર પારસીઓના કેઆંની પાદશાહઓએ રાજ ભોગવીને ખોદાતાલાની મરજી મુજબનાં કામો બજાવેઆં હતાં, અને એજ ઇરાંની ભુમી ઉપર જમશેદી મેહેલોએ પોતાના

રોનકદાર મીનારાઓ આકાશની બુલંદી ઉપર ઉંડાવેલા હતા, તેજ ઇરાંન ગોયા હવે પછેબી રોજે કેઆંમત તલક દુનયાંનાં લોકોનું દીલ પોતા તરફ ખેંચેલું રાખશે તથા તેનો સંબંધ અતીયત ખુશી ઉપજાવનારો ગણાતો રેહેશે."

હાખીઆમની વંશના જરથોસ્તી પાદશાહો એકલા એક ખોદાને માનતા હતા તે વિશે પાદશાહ "ઝરકસીસે" "પરસીપોલીસ"ના મેહેલ ઉપર એક ખીલા રોકા હરફવાલી તખતી કોતરાવી છે, તેનો તરજુમો "પરોફેસર લાસને" કરીને પોતાના પુસ્તકમાં આપેઓ છે, તેમાં એ પાદશાહ એમ કહે છે કેઃ—

"પાદશાહ ઝરકસીસ કેહે છે જે અહોરમઝદની કરમ બખશેશથી મેં આ મોટો દરવાજો બનાવેલો છે, મેં તથા મારા બાપે આ પરસીપોલીસ સીવાએ બીજાં ઘણાએક નામીચાં બાંધકામો બંધાંવેલાં છે, જેબી ઉમદા બાંધકામો હાલ જોવામાં આવે છે તે અહોરમજદની બખશેશથી અમે (બંને બાપદીકરાએ મલી) બનાવેલાં છે. પાદશાહ ઝરકસીસ કેહે છે જે માહારો તથા મારી શેહેનશાહતનો અહોરમજદ રખેવાલ હોજો, મેં તથા માહરા બાપે જેબી કાંમો કરેલાં છે તે બનેઓનો ઓ અહોરમજદ તું નીગેહબાન થજો!"

ઇરાંન ખાતેનાં હાલનાં આતશબેહેરાંમો અને દરેમેહરોની વીગત.

હીંદુસ્થાનમાંનાં હાલનાં જરથોસ્તીઓનાં કુલે આતશબેહેરાંમો આઠ તેમાં મુંબઇનાં ચાર, સુરતમાં બે, ઉદવાડામાં એક અને નવશારીમાં એક છે. અને દરેમેહેરો મુંબઈમા ૩૬) અને દેશાવરોની ૧૧૨) મલીને કુલે ૧૪૮) દરેમેહરો છે. પણ એ ઉપરાંત જરથોસતીઓનાં અશલ વતન ઈરાંન મધે જોકે આગલા ઇરાંની જરથોશતીઓનાં ખુદ પોતાનાં રાજની જાહોજલાલીને વખતે તો શેંકડો અને હજારો હેવાં આતશકહો અને ધરમનાં મકાંનો હતાં; પણ હવડાં ચાલુ વખતમાં શ્રી ઇરાંનખાતે બંધાયલાં બે આતશ બેહેરાંમો અને નજદીક ૨૨) આદરીઆંનો છે. એ બે આતશબેહેરાંમો માંહેલું એક યજદ શેહેરમા છે, જે આતશબેહેરાંમ સાસાનીઅન હકુમતના વખત ઉપરનું સથાપેલું કેહેવાય છે. ઇશવી શને ૬૪૨ માં આરબોએ ઈરાંન જીતવા પછી આરબોનો દોર ઇરાંન ઉપર ચાલુ થાવાથી જરથોસતીઓમાં નાશભાગ થઇ હતી તે વેલાએ એ આતશબેહેરાંમની શલામતીને ખાતર તે યજદથી અગદા નામનાં ગાંમ આગલનાં શેકફતેહ એજદાં નામના એક બુલંદ પાહાડપર લઇ જાવામાં આવેઆં હતાં; તેઆં તીશ વરશ સુધી રહેઆ પછી પાછી ઇરાંનમાં શુલેહ પંથરાવાથી પાછા યદજમાં લાવી તખતનશીન કરેલાં દેવાએ છે. એ આતશ-

બેરાંમનું હાલનું મકાંન સુરતવાલા મરહુમ શેઠ નશરવાંનજી કોયાજી નામના એક સુરતનાં આગલા જરથોશતીએ બંધાવેલું છે, ને તેના જાથુકના ચાલુ ખરચ સારૂ યજદ ખાતેની "બાગે ચીનાર" નામની એક જાગીર તેવણે ખરીદીને ધરમખાતે આપેલી છે. બીજું આતશબેહેરાંમ કેરમાન ખાતે સ્થાપેલું છે. અને ઉપલાં બાવીશ આતશઆદરીઆનોમાંનું એક આદરીઆન મુંબઇવાલા મરહુમ શેઠ અરદેશર દાદીશેઠનાનું બંધાવેલું માલમ પડે છે, ને તેના ખરચ સારૂ તેઓએ પણ તે તરફની એક જાગીર ખરીદી આપેલી છે. પણ યજદના આતશબેહેરાંમના ખરચ શારૂ જે શેઠ નોશેરવાંનજી કોહયાજી સુરતવાલાએ "બાગે ચીનાર" નામની મીલકત ખરીદી આપેલી હતી, અને તયારબાદ વલી શેઠ ખુરશેદજી કાવશજી બનાજીએ એ આતશબેહેરાંમની ઇમારતમાં વધારો કરાવી તેના ખરચ શારૂ "આબે મુબારક" નામની એક બીજી મીલકત ખરીદી આપી હતી, તે બનને મીલકતોની ઉપજ દર વરશે આશરે ૩૨૦૦) અંકે બશો સુધી આવતી હતી. તથા મરહુમ શેઠ ફરાંમજી કાવશજી બનાજી પોતે પોતાની હયાતીમાં અને તેઓના ગુજરવા બાદ તેઓના વારશો દર વરશે ૩૫૦) અંકે પચાસ મોકલતા હતા, તેમોથી એ બંધે હાલનાં ઇરાંનનાં આતશબેરાંમોનો ચાલુ ખરચ થાતો હતો; પણ હવડાં ઉપલી "બાગે ચીનાર,"ની મીલકત વગર ઉપજની થઈ પડી છે, શાથી કે "આબે એબનેર" નામના ચસમાંનું પાંણી જે તયાં પોંહચતું હતું તે હાલ બીલકુલ સુકાઈ ગયું છે. તેથી તે મીલકતની જે કાંઈ જુજ ઉપજ થાય છે તેમાંથી તો મરહુમ શેઠ નોશેરવાનજી કોયાજીને નામે અરદીબેહેશત મહીનાના ધંહબારનું જશન થાય છે. અને "આબે મુબારક" ની મીલકતની ઉપજમાંથી મેહેર મહીનના ધંહબારનું જશન શેઠ એદલજી ફરામજી બનાજીને નામે તથા દે મહીનાના ધંહબારનું જશન બાઇ જાઇબાઈ પેશુતનજીના નામે થાય છે. એ રીતે પાંણી શુકાઈ જઈ પેલી મીલકતોની આવક બંધ પડવાથી પેલાં આતશબેહેરાંમના ચાલુ ખરચની અડચણ પડવા લાગી, તે બીના જયારે સર દીનશાજી માંણેકજી પીટીટના જાણયામાં આવી તયારે તેઓ કેટલાંક વરશો તલક આગલ દર સાલ ૩૧૨૦) લેખે એ બંનને શેહેરના આતશબેહેરાંમોની તેલ કાઠી સારૂ મોકલતા હતા. પણ તે પછે તેઓએ ૩૩૦૦૦) ની પરોમીશરી નોટો યજદ તથા કેરમાનના આતશબેહેરાંમોની તેલ કાડીનાં ખરચ સારૂ અલાહેદી કાહડીને તે અતરેના ઇરાંનીઓની હાલત સુધારનારાં ફંડનાં ટરસટીઓને હસતક આપી છે, તેમાંથી તારીખ ૨૧ મી મારચ ૧૮૮૩ થી દર વરસે આ ધરમખાતાં અસતક ૩૫૦) યજદના આતશબેહેરાંમની તેલ કાઠીના ખરચ સારૂ તથા ૩૫૦) કેરમાનના આતશબેહેરાંમની તેલ કાડીના ખરચ સારૂ મોકલવામાં આવે છે.

ઉપર કહેલી દરેમેહેરો ઇરાંનનાં કયાં કયાં ગાંમોમાં હાલ આવેલી છે તેના નામની વીગત નીચે મુજબ છેઃ—

ઇજદ શેહેરમાં-૪, નસરાબાદ-૧, કસનવબીઆ-૧, કુચેએબીએક-૧, મુરયાબાદ-૧, ખુરમશા-૧, માહામુઆબાદ—૧, ખએરઆબાદ-૧, રહમત-આબાદ-૧, હરસતાન-૧, આએશાહી-૧, મઝરએ હાજી કાસમ-૧, ઝઇન-આબાદ-૧, ચેમ—૧, મુબારકા *—૧, તહફત-૧, જાહરઆબાદ—૧, મઝરએ કલાનતર—૧, શરહઆબાદ—૧, અને કીરમાનમાં—૪.

ઇરાન મધેનો ઇરાની જરથોસ્તીઓ ઉપરનો જજીયાનો કર કેમ નીકલી ગયો તે, તથા તેને લગતી બીજી જાણવા જોગ વીગતો.

જજીઆ નામે જુલમાત ભરેલો અને આપણા ઇરાન મધેના નાચાર બેચાર હમદીનોથી નહીં અપાય એવો એક કર અથવા પોલટેક્ષ ઇરાની દરબારના રીતભાત મુજબ તથા ઇસલામી ધારા પરમાણે ઇરાની સરકાર આપણા ઇરાની હમદીનો પાસેથી વસુલ કરવાને એક ખાસ અગત બલકે ફરજ સમજતી હતી. એ દુઃખદાયક કર આપણા ઇરાની હમદીનોનાં સર ઉપરથી કાહાડી નાખવાને આસરે ૪૦ વરસો ઉપર મુંબઇ મધે એક મંડલી ઉભી થઇ હતી, અને શેઠ માંણેકજી લીમજી હોસંગ હાતરીયાને પોતાના આડતીઆ તરીકે ઇરાન ખાતે મોકલવામાં આવયા હતા. એ કર દર વરસે ઉઘડાવવામાં આવતો હતો અને આસરે રૂપીયા ૪૦૦૦) દર વરસે ઇરાની જરથોસ્તીઓ પાસેથી તયાંની સરકાર વસુલ કરતી હતી ઇરાની સરકારના ધારા પરમણે એ કર ભરતાં જો વીલંબ થાયતો જે જે શેહેરોમાં પારસીઓની વસતી હોય તે તે શેહેરના હાકમો ઉપર તરત હોકમ જાય કે સરવે પારસીઓ પાસેથી એ કર વસુલ કરવો, અને એવો હોકમ ગયાથી તયાંના હાકમો, અકસર કરી હોકમનાં માણસો એટલે એ કર ઉઘરાવનારાં માણસો તરફથી આપણા નાચાર બેચાર જરથોસ્તીઓ ઉપર ઘણી રીતનો જુલમ ગુજરતો હતો. એ જુલમી કરથી આપણા હમદીનોમાં કેટલી ખરાબી તથા પાયમાલી થઇ હતી તેનો લંબાન અહેવાલ મંડલીના રીપોરટોમાં આવી ગયો છે, તે અતરે લખતાં ઘણું લમબાન

* ૧ આ મુબારકા ગામની આદરીઆંનની દરેહમેહેર મુંબઇવાલા શેઠ અરદેશર દાદીશેઠે યજદેજરદી સને ૧૧૭૮ માં બંધાવી આપી હતી અને તેના જશુકના નીભાવ માટે એક જાગીર પણ ખરીદી આપી હતી. જે જાગીર પછવાડેથી મુબારકાની અનજુમનના હાથમાંથી જતી રહીચ હેતું જણાઉચ.

થાય, તેથી ટુંકમાં ફક્ત એટલુંજ કહેવું બસ છે કે આશરે ૧ સદીની વાતપર ૭ લાખ જરથોસ્તીઓ ઇરાંનમાં અનેક પરકારની જુલમ જાસતીથી બાકી બચેલા હતા. અને જેઓથી એ કર નહીં ભરાય તેઓને જબરદસ્તીથી ઇસલામી ધરમમાં વટલાવવાને સબબે તથા બીજા તરેહવાર હાદેસાઓના સબબે, હાલ સમે ફક્ત ૭) શાત હજાર જરથોસ્તીઓથી વધારે ઇરાનમાં બાકી રહેલા નથી! તે પણુ જજીઆનો જુલમી કર નહીં ભરાયાને લીધે મુસલમાની ધરમમાં વટલી નહીં જાય માટે મંડલી તરફથી શેઠ માંણેકજી હાતરીયાની મારફ્તે ઈરાની સરકારની તીજોરીમાં દર વરસે એ કરનાં નાણાં ભરવામાં આવતાં હતાં. એ ૪૦ વરશોના અરસામાં ઘણીએક અરજીઓ તથા એડરેસો શાહની સેવામાં મંડલી તરફથી પોહોંચાડવામાં આવ્યાં હતાં તથા મંડલી તરફથી બીજી અનેક જાતની તરતીબો તથા કોશેશો થઈ હતી. તથા ઇરાનના નામદાર શાહ નાસરદીનશાહ ૧૮૭૩ માં યુરોપની મુસાફરીએ નીકલયા હતા તે વેલા જયારે તેઓ લંડન ખાતે પોહોંતા તયારે એક મોટી અને ઇઆદગારી ભરેલી અરજી અતરેની કારોબાર મંડલીએ એ નામદારને પોહોંચાડવા તે વખતે લંડનમાં વસ્તા શેઠો દાદાભાઇ નવરોજી, નવરોજી ફરદુનજી તથા દોરાબજી પેસ્તનજી કામાજીની મારફતે મોકલી હતી. અને એ અરજી મજકુર શેઠોએ નામદાર શાહને એક ડેપયુટેશન મારફતે તા૦ ૨૪ મી જુન ૧૮૭૩ ને દીને પોંહોંચાડી હતી. તેમજ તેઓએ પોતા તરફની પણુ એક અરજી શાહને આપી હતી. કારોબાર મંડલીની ઉપલી ફારસી અરજી તેના ગુજરાતી તરજુમા તથા ઈંગ્રેજી સાર સાથે મંડલીના ૧૮૭૯ માં છપાયલા રીપોરટમાં વીગતવારે પરગટ થયલી છે. એ અરજીથી મજકુર શેઠો દાદાભાઇ નવરોજી, નવરોજી ફરદુનજી તથા દોરાબજી પેસનનજી કામાજી ઘણુા ખુશી થયા હતા, કારણકે તેઓ પોતાના તા૦ ૨૬ મી જુન ૧૮૭૩ નાં અતરેની કારોમંડલી ઉપરના કાગલમાં લખે છે કે "જજીઆની વીગત હાલ કેઇ રીતની છે" તે બરોબર હમોને માલમ નહીં તથા બીજી બધી ફરીઆદો શું કરવાની તે પણ "બરોબર માલમ નહીં, માટે તમારી અરજી હમારા હાથમાં આવી પોહોંચી તેથી "ઘણી ખુશી હાંસેલ થઇ.' નામદાર શાહે તે વખતે ઘણો સધીયારાનો જવાબ આપયો હતો પણુ લંડનથી ઇરાન પાછા ફરયાને ૭ વરસો વહી ગયાં પણ જજીઆનો કર નીકલીતો નહીં ગયો, પણુ તેમાં એક પઇનો ઘટાડો પણુ નહીં થયો. એ ૭ વરસો વીતાબાદ ઈરાનમાં એક પારસીનું ખુન થયું હતુ અને મુસલમાન ખુની પકડાયા છતાં પોલીસે તેને છોડી મુકયો હતો, અને તે ખુની પાયતખ્ત શેહેર તેહરાનમાં છુટથી તથા વગર દેહશતે જીંદગી ગુજારતો હતો. તથા ૩ પારસી છોકરીઓને

ઇસલાના ધરમમાં જબરદસ્તીથી વટલાવવામાં આવી હતી, તથા એક પારસી છોકરીની મુશલમાનોએ લાજ લુટવા ચાહી તે વખતે તેણીના બાપને મુસલમનોએ લુટી લીધો હતો, અને જ્યારે સરકારમાં દાદ માંગી ત્યારે સરકારી નોકરોએ ઓર પારસીઓ ઉપર જુલમ પાડયો તે વખતે, એટલે તા૦ ૧૨ મી જુલાઇ ૧૮૮૦ ને દીને, મુંબઇની કારોબાર મંડલીએ નીચે મુજબ એક તાર નામદાર શાહ ઉપર મોકલ્યો હતો.

From Bombay.	To TEHRAN
,, Committee, Parsi Amelioration Fund.	,, HIS IMPERIAL MAJESTY THE SHAH OF PERSIA.

When Majesty visited London, addresses were presented to protect Parsees. Majesty assured protection. This obliged us. But we regret, Police of Kom released the Mahomedan of Yezd, who murdered a Parsee on his way, Bushire to Tehran, where murderer lives fearlessly. Three Parsi girls of Nusrabad, Nuimabad and Surfabad have been forcibly converted and publicly disgraced in Yezd. Inhabitants of Yezd. plundered a Parsee, to disgrace his daughter who with her parents fled elsewhere. When oppressed sought redress, Government Servants maltreated and plundered them. We pray justice.

એ ટેલીગરામ શાહને પોંહતા પછી ઉપલી બાબદોસર શાહની દરબારમાં ચરચા ચાલવા માંડી, અને શાહે પોતાના દીકરા શાહજાદા જીલે સુલતાનને ટેલીગરામથી સખત ઠપકો આપયો, અને તે ઉપરથી શાહજાદાએ પોતાના યજદના નાએબ હાકમ ઇબરાહીમ ખલીલ ખાનને સખત ઠપકો લખી મોકલ્યો હતો. તયાર બાદ વળી મુંબઇની કારોબાર મંડલીએ શાહ ઉપર તેમજ અમીર ઉમરાવો ઉપર બીજી કેટલીક અરજીઓ કીધી હતી પણ સઘલી કોશેશો વ્યર્થ ગઇ હતી. પછી થાકી થાકીને મંડલીએ એક બીજી અરજી આપણી માયાળુ ઈંગરેજ સરકાર મારફતે ઇરાનના શાહ નાસરૂદીનશાહ ઉપર મોકલવાને દરૂસ્ત વીચારયું, અને પોતાના ઓનરરી સેક્રેટરી શેઠ અરદેશર સોરાબજી દસ્તુર કામદીનનાને તે વીશેની ગોઠવણ કરવાનું સોંપયું. મજકુર સેક્રેટરી તા૦ ૨૪ મી નવેમબર ૧૮૮૦ ને દીને મુંબઇના ગવરનરના પોલીટીકલ ડીપારટમેંટના

તે વખતના મુખ્ય સેક્રેટરી મી૦ સી. ગોનને કારોબાર મંડળી તરફની અરજી ઇંગરેજ સરકારની મારફતે તેહેરાનના ઇંગરેજી એલચી મી૦ આર. એફ. ટોમસન હસ્તકથી ઇરાનના શાહને પોહોંચાડવા સારૂ મલ્યા હતા, તે વખતે મી૦ ગોને મી૦ કામદીનને જવાબ દીધો હતો કે મુંબઇ ગવરમેંટ સાથે ઇરાંનને કાંઇ તાલુકો નથી, પણ ઇરાન સાથે કાગજ પતરનો વવહાર કલકતા ગવરમેંટના ફોરેન ડીપારટમેંટ સાથે ચાલે છે, ત્યારે મી૦ કામદીન તરફથી મી૦ ગોનને અરજ કરવામાં આવી કે જો કારોબાર મંડલીની અરજી ઇંગરેજ સરકાર મારફતે શાહને નહીં પોંહચાડી શકાય તો તેહેરાન ખાતેના ઇંગરેજી એલચી મી૦ ટોમશન ઉપર સેફારસની ચીઠી આપવી. ત્યારે મી૦ ગોને જવાબ દીધો હતો કે તેઓને ફરીથી મલવું કે વીચારી તેઓ જવાબ આપી શકે તે દરમેઆનમાં આપણા લોકપરીય માજી ગવરનર જેનરલ લોરડ રીપનની સ્વારી મુંબઇમાં આવી, તેઓની સાથે ફોરેન ડીપારટમેંટના તે વખતના સેક્રેટરી સર એ. સી. લાયલ આવેલાની ખબર મી૦ કામદીનને પડવાથી તેઓ આગલા ઠરાવ પરમાણે મી૦ ગોનને તા૦ ૧ લી ડીસેમબર ૧૮૮૦ ને દીને મલવા ગયા. તેઓની સાથે વાતચીત થવાથી મી૦ ગોને પોતેજ જણાવયું કે ફોરેન ડીપારટમેંટના સેક્રેટરી ગવરનર જેનરલની સાથે મુંબઇ આવેલા છે તેઓને મલવું, અને સરવે વાતનો ખોલાસો કરવો. તે ભલામણ મુજબ સર એ. સી. લાયલ, જેઓ સર ફરાંક સુતરને ત્યાં ઉતરેલા હતા ત્યાં મી૦ કામદીન તેઓને મલ્યા. અને ઘટતી અરજ કરવા ઉપરથી તેઓએ ફરમાવયું કે મી૦ ગોનની મારફતે શાહ ઉપરની અરજી તેઓ ઉપર મોકલવી, પછી તેઓથી જેમ બનશે તેમ મદદ કરવાને તેઓ ચુકશે નહીં, ને ઉપરથી કારોબાર મંડલીએ ઠરાવ કીધો કે અરજી ઇંગરેજ સરકારની મારફતે મોકલવી. અરજી ખુશખત ઉંચાં કાગજ ઉપર લખાવેલી તથા હાંશીઆ ઉપર સોનેરી નકસી સાથની તઇયાર કીધેલી હતી, તે અરજી મંડલીના સરનશીન સર દીનશાજી માણેકજી પીટીટના કાગલ સાથે મી૦ ગોનને પોહોંચાડવાનો મંડલીએ ઠરાવ કીધો. એ અરજી સને ૧૮૮૧ માં મંડલીએ રીપોરટ છપાવયો છે તેમાં પરગટ થયલી છે. એ અરજી તા૦ ૨ જી ડીસેમબર ૧૮૮૦ ને દીને મી૦ ગોનને પોહોંચાડી હતી. જેઓએ કલકતા ગવરમેંટ ઉપર મોકલી આપી હતી, અને કલકતા ગવરમેંટે તેહરાન ખાતેના ઇંગરેજી એલચી મી૦ ટોમસન ઉપર તે મોકલી હતી. એ અરજીમાં નીચે મુજબે ૮ દાદ ચાહવામાં આવી હતી.—

૧. જબરદસ્તીથી પારસીઓને મુસલમાની ધરમમાં વટલાવતા હતા તેનો અટકાવ કરવો.

૨. જરથોસ્તી કુટુંબમાંથી જો કોઇ શખસ મુસલમાન થયો હોય તો તેને અને તેની ઓલાદ દર ઓલાદને તે આખા કબીલામાંથી જેબી કોઇ ગુજરે તે મરનારની તમામ માલ મીલકતો તેના બીજા જરથોસ્તી હકદાર વારેસો હયાત છતાં તેઓને બાતેલ કરી વારસામાં અપાવી દે છે તેનો અટકાવ કરવો.

૩. જો કોઈ જરથોસ્તી કાંઈ મીલકત ખરીદ કરે છે તો તે મીલકતની કીંમતનો પાંચમો ભાગ મુલ્લાંઓને આપવો પડે છે તેનો અટકાવ કરવો.

૪. જરથોસ્તીઓને નવાં ઘરો બાંધતાં અથવા જુના ઘરોની મરામત કરતાં અટકાવવામાં આવે છે તે અટકાવ કાઢી નાંખવો.

૫. જરથોસ્તીઓને નવાં અથવા સફેદ કપડાં પેહેરતાં અટકાવવામાં આવે છે તે અટકાવ કાઢી નાંખવો.

૬. જરથોશતીઓને સ્વારી કરતાં અટકાવવામાં આવે છે તે અટકાવ કાઢી નાંખવો.

૭. જરથોસ્તી ધંધાદારીઓ ઉપર દાનચોરીને બાહાને જુલમ ગુજારવામાં આવે છે તેનો અટકાવ કરવો.

૮. જજીઆના કરની માફી કરવી.

ઉપલી અરજીનો સાર લંડન ટાઈમ્સમાં છપાયો હતો. જે અતરેનાં ટાઇમ્સ ઓફ ઇન્ડીયામાં તા૰ ૩ જી નવેમબર ૧૮૮૧ ને દીને પ્રગટ થયો હતો.

ઉપલી અરજી તેહેરાન ખાતેનાં ઇંગરેજી એલચી મી૰ ટામસને નામદાર શાહને પોંહોંચાડી હતી તયાર બાદ એક ગમથી મી૰ ટોમસન સાહેબની કોશેશ તથા બીજી ગમથી શેઠ માણેકજી હાતરીયાની મેહેનન જારી રહયાથી શાહનાં દીલ ઉપર જોઈતી અસર થઈ હતી. અને શાહે મેહેરબાનીની રાહે બે ફરમાનો કાઢયાં હતાં—એક ફરમાન પોતાના દીકરા જીલે સુલતાન જેઓ યજદની હકુમત તે વખતે ધરાવતા હતા, તથા બીજું ફરમાન પોતાના કાકા નસરતદ દઉલા જેઓ કેરમાનની હકુમત તે વખતે ધરાવતા હતા, તેઓ ઉપર કાહાડયાં હતાં. અને તે ફરમાંનોમાં ઉપર જણાવેલી ૮ ફરીયાદોમાંની પેહેલી ૭ ફરીયાદોમાં દાદ આપવામાં આવી હતી, અને તે પેહેલી સાતે ફરીયાદોમાં માંગેલા હક પારસીઓને બખશયા હતા. ૮ મી અને સઉથી વધારે અગત્યની જજીઓ માફ કરવા વીશેની બાબદ ઉપર નામદાર શાહે બીલકુલ ચુપકીદી અખતીયાર કીધી હતી. એ બંને ફરમાનો કાહાડયા વીશે નામદાર શાહે ઇંગરેજ સરકારની મારફતે મુંબઇની કારોબાર મંડલી ઉપર જવાબ લખયો હતો. નામદાર શાહનો એ કાગલ મી૰ ગોન સાહેબે પોતાના તા૰ ૩૧ મી

અકટોબર ૧૮૮૧ નાં કાગજ સાથે મુંબઇની કારોબાર મંડલી ઉપર મોકલ્યો હતો. નામદાર શાહે મુંબઇની કારોબાર મંડલી ઉપર જવાબ લખયો હતો તેની નકલ મંડલીએ ૧૮૮૩ માં રીપોરટ છપાવયો છે તેમાં પરગટ થયલી છે.

હવે નામદાર શાહ લંડન ખાતે પેહલી સફરે સને ૧૮૭૩ માં સીધારયા હતા તેને ૮) વરસ વહી ગયાં પણ હજી જજીઆનો કર એમનો એમ કાયમ રહયો હતો. તેથી મુંબઇની કારોબાર મંડલીએ તથા શેઠ માણેકજી હાતરીયાએ હીંમત હારી બાધી નહીં, પણ આગલનીજ માફક કોશેશો તથા તરતીબો કરવાની જારી રાખી. અને બીજી અરજીઓ નામદાર શાહ ઉપર તેમજ શાહજાંદાઓ, વજીરો તથા અમીર ઉમરાઓ ઉપર મોકલવાનું જારી રાખયું અને તેમાં જજીઆ સીવાએ બીજા હકો પારસીઓને બખશયા તે વીશે શુકર ગુજારી કરી ઉપકાર જાહેર કરતા રહય—અને જજીઆની માફી વીશેની અરજ મુંબંઈની કારોબાર મંડલી નામદાર શાહને તેમજ શાહજાદાઓ વજીરો તથા અમીર ઉમરાવોને કરતા રહયા હતા. છેલ્લે તા૦ ૨૪ મી ફેબરવારી ૧૮૮૨ ને દીને મુંબઇની કારોબાર મંડલીએ નામદાર શાહ ઉપર જજીઆનો કર કાહાડી નાંખવા ફારસીમાં અરજી કીધી હતી, તેને ગુજરાતી તરજુમો મંડલીએ સને ૧૮૮૩ માં રીપોરટ છપાવયો છે તેને પાને ૬૭ માં પરગટ થયો છે. તેમજ મંડલીએ તેહેરાન ખાતેના ઈંગરેજી એલચી મી૦ ટામસન સાહેબ ઉપર ઉપલેજ દીને ઉપકાર પત્ર લખયો હતો, અને મંડલીએ નામદાર શાહ ઉપર તથા તેઓના પરદેશખાતાંના વજીર ઉપર જે અરજ પતરો લખયાં હતાં તે તેમાં બીડયાં હતાં, અને છેલ્લે તેમાં મંડલીએ અરજ ગુજારી હતી કે જો તમારી એટલે મી૦ ટામસન સાહેબની કોશેશ જારી રહેશે તો મંડલીને ખાતરી છે કે કોઈ પરસંગે જજીઓ માફ તેઓજ કરાવી શકશે. ઉપલી અરજીઓ મી૦ ટામસને શાહ તથા વજીરને દરોબસ્ત પોહોંચાડી હતી.

ઇરાનમાં એવો ધારો છે કે શાહ જયારે ઉનાલાની મોસમમાં પાહાડોપર હવા ફેરબદલ કરવા જાય ત્યારે, તથા કોઈ વખત શેહેર છોડી સફરે જાય ત્યારે, સરવે ફોરેન મીનીસટરોએ શાહની ભેટ લેવી જોઇએ તેમ સને ૧૮૮૨ ના જુન માસમાં શાહ શેહેરમાંથી બાહાર નીકલયા આગમજ ઈંગરેજી એલચી મી૦ ટામસન, શાહાની ભેટ લેવા, વજીર ઉમુર ખારેજા સાથે ગયા હતા, તે વખતે મી૦ ટામસન સાહેબે જોગવાઇ જોઇને શાહને પારસીઓ ઉપરનો જજીઓ માફ કરવા સારૂ ધઘારત મુજબ અરજ કીધી હતી તે ઉપરથી શાહે વજીર ઉમુર ખારેજાને ફરમાવયું હતું કે મુસલમાનો પાસેથી જે માલીઆત લેવામાં આવે છે તેથી જે કાંઈ પારસીઓ પાસેથી વધારે લેવાતું હોય તે માફ કરવું. તે

ઉપરથી મી૦ ટોમસન સાહેબે પાકું કરવા થકી શાહને પુછયું કે શાહે હાલ જે જુબાની ફરમાન આપયું છે તે મુજબ "હું લંડન ખાતે લખી વાલું?" તેના જવાબમાં પણ શાહે કહયું કે હા લખી જણાવો કે ઈસલામીઓ કરતાં પારસીઓ પાસેથી જે કાંઇ વધારે લેવાતું હશે તે મોકુફ કરવામાં આવશે.

નામદાર શાહે જબાની હોકમ જજીઓ માફ કરવાનું પોતાના ફોરેન મીનીસટરને આપયું હતું, તે મુજબ અમલ કરવા ફોરેન મીનીસટરે રાજયના વડા પરધાન ઉપર લખી વાલ્યું હતું, અને વડા પરધાને પોતાના મદદનીશ માઉન–ઉલ–મુલ્કને શાહનું ફરમાન અમલમાં લાવવા હોકમ કીધો હતો. પણ માઊન-ઉલ–મુલ્કે વલી એવી એક અડચણ નાખી હતી કે ગજદના હાકમો એ બાબે શું કહે છે તે સાંભલ્યા વગર એ ફરમાનો બાહાર પાડી શકાય નહી. ઉપલી ખબર પડતાંજ મુંબઇની કારોબાર મંડલીએ તરતજ નીચે જણાવેલા ૩ ગ્રહસ્થો ઉપર કાગજો લખ્યાં હતાં:—

ઈંગરેજી એલચી મી૦ ટોમસન ઉપર, તેહેરાન ગવરનરના તે વખતના ચીફ સેકરેટરી મી૦ ગોન ઉપર, મુંબઇ, માહારાણીજીના તે વખતના પરદેશખાતાંના સેકરેટરી ધી અરલ ઓફ ગરાનવીલ ઉપર, લંડન.

એવી રીતે તરતજ ૩) કાગલો કારોબાર મંડલીએ લખી વાલ્યાં હતાં, અને તેમાં નમનતાઇ સાથે અરજ ગુજરવામાં આવી હતી કે જજીઓ માફ થયા બાબેનું શાહા પાસેથી લખેલું ફરમાન મેલવવામાં મેહેરબાની કરી ઘટતી મદદ કરવી.

લખવાને અતીઅંત ખુશી ઉપજે છે કે મી૦ ટોમસન સાહેબે તા૦ ૨૭ મી સપટેમબર ૧૮૮૨ ને દીનેના પોતાના કાગલ સાથે નામદાર શાહનાં લખેલાં ફરમાંનની ફારસી નકલ મોહોર સહી સાથે તથા તેનો ઇંગરેજી તરજુમો પોતાના નાયબની સહી સાથે મુંબઇની કારોબાર મંડલી ઉપર બાહારો બાહાર મોકલયો છે. મી૦ ટોમસન સાહેબના કાગલની નકલ તથા નામદાર શાહના ફારસી ફરમાનની નકલ તથા તેનો ઈંગરેજી તરજુમો ઉપલા રીપોરટમાં આવેલાં છે. ફરમાનનો ગુજરાતી તરજુમો નીચે મુજબ છે:—

"ફરમાન"

"અમોને તે બારેહકતાલાની બખશેલી નયામનો અને આસીરવાદોના બદલામાં તથા જે સાહેબે અમારી ઉપર ઇરાનના પાદશાહી તાજની રેહમ કીધી છે અને તેના રેહેવાસીઓની હાજતો મટાડવાની જોગવાઇઓ બખશી, છે તેની શોકરગોજારીમાં આપણી સઘલી રઇયતો, પછી તે ગમે તે ટોલાની

કોમની, દેશની યા મજહબની હોય, તેઓના આરામ અને સુખના ઉપાયો કરવાનું ઘટારત છે, કે જેથી અમારી ખાસ રેહમનજરનાં મીઠાં આબથી તેઓને કુવત અને તાજગી મળે.

"એવા લોકોમાં યજદ અને કેરમાનમાં વસનારા જરથોસતીઓ છે કે જેઓ ઇરાનની પુરાતન પ્રજાઓ અને અમીરોની ઓલાદના છે, અને જેઓની સુલેહસંપજ તથા એશઆરામ અત્યારવેર જેવાં હતાં તે કરતાં વધારે પુખ્ત કરવાની અમારી પાદશાહી ખાહેશ છે.

"એટલા કીજે પાદશાહી ફરમાન બાહાર પાડીને અમે સરવે લોકોને હોકમ કરીએ તથા ફરમાવીએ છીએ કે યજદ અને કેરમાનનાં શેહેરો અને કસબાઓ ખાતે વસ્તી અમારી મહમદીઆન રઇયતો જે કર, છાપા, મેહસુલ અને બીજા સઘલા સરકારી કર અને વેપાર ઉપરના હકો ભરે છે તે ત્યાં વસનારા જરથોસ્તીઓ સોડેથી એજ રીતે લેવામાં આવશે, અને કાંઇ વધતું ઓછું લેવામાં આવશે નહીં. અને ૮૪૫) અંકે આડસો પીસ્તાલીસ તોમાનની રકમાનો જજીઓ બીજા નામથી મજકુર કોમ સોડેથી દર સાલ લેવામાં આવે છે તે કાહાડી નાંખવામાં આવશે. એટલા માટે આ ચાલુ મુબારક સાલની શરૂઆતથી અમો આ રકમ માફ કરીએ છીએ. અને હવેથી અને હમેશ સુધી તે અદા કરવાથી જરથોસતીઓને છુટા કરીએ છીએ. અને હવે અમો અમારા પાદશાહી ખજાનાના મુસતફીઓ તથા મેહેશુલના અમલદારોને બતરેથી ફરમાવીએ છીએ તથા હોકમ આપીએ છીએ કે યજદ અને કેરમાનની મેહેસુલના હીસાબમાંથી મજકુર રકમ તદન કાહાડી નાખવી.

"મજકુર પરગણાઓના હાલના અને હવે પછીના હાકમોએ આ જજીઆની રકમનો દાવો હમેશ સુધીનો છોડી દીધેલો ગણવો; અને ચાલુ સાલમાં તથા હવે પછી જો આ રકમ અથવા તેનો એક ભાગ પણ ઉઘડાવવામાં આવશે તો તે માટે તેમને જવાબદાર ગણીને સજા કરવામાં આવશે, અને પાણી તથા જમીન ઉપરની મીલકતો ઉપર છાયા અને કરો લેતી વખતે પણ જે રીતે અમારી બીજી પ્રજાઓ સાથ વરતવામા આવે છે તેજ રીતે જરથોસ્તીઓ સાથ પણ વરતવું.

"આ ફરમાન તેહરાન ખાતે માહા રમજાન સને ૧૨૯૯ આગસ્ટ ૧૮૮૨)માં આપવામાં આવયું છે."

આ જોગવાઈએ જણાવવું જોઇએ કે ઈરાનના નામદાર શાહ નાસરૂદ દીનશાહે પારસીઓ ઉપરનો જજીઓ માફ કરીને મુસલમાન રાજ્યની શોભા અને ઇજતમાં વધારો કીધેલો છે અને આપણે આશા રાખીશું કે જે રેહમદીલ

ભરેલી રાજ્યનીતી તે નામવરે ચાલુ કીધી છે, તેજ રાજ્યનીતીને વળગી રહી આ અને એવાં બીજાં માયાળુ ફરમાનો પુરેપુરાં બજાલવગમાં આવે તેની એ નામદાર પુરતી અને હમેશની જામીનગીરી બાલ્ટી રાખશે. શાહાની આવી માયાળુ લાગણી તથા અપક્ષપાતપણા માટે તેમને આખા પારસી ટોલાં તરફનું માન અને અહેસાન ઘટે છે. જજીઓ માફ કરવામાં જેમ એ નામવરે જરથોસ્તી ટોલાં તરફ દીલસોજી દેખાડી છે તેમજ પોતાના રાજ્ય અને તાજ તરફની ફરજ ઉતમ રીતે બજાવવાની સ.બેતી આપી છે.

તેમજ આપણી માયાળુ સરકારનો હાથ એમાં હોવાથી તેના પણ આપણ હેસાનમંદ રહયા છીએ. જયાં સુધી શાહને તથા વજીરો અને અમીર ઉમરાવોને બાહારો બાહાર એડરેસો આપયાં કીધાં તથા અરજીઓ કરયા કીધી ત્યાં સુધી આપણે જોયું તેમ કાંઇ આપણું વલ્યું નહીં, પણ જયારે ઇંગરેજ સરકારના અમલદારોએ એ વાત ધ્યાનમાં લીધી ત્યારે આપણી દાદ લાગેલી આપણે જોઈ છે, તેથી એ મોહટા અમલદારોનો, અકસર કરી તેહરાંન ખાતેના ઈંગરેજી એલચી મી૰ ટોમસન સાહેબનો તથા સર ઓલફ્રેડ લાયલનો આપણે અંતઃકરણથી ઉપકાર માનવો ઘટે છે.

જજીઓ માફ થયાનું શાહાનું ફરમાન મલ્યા બાદ તરતજ મુંબઇની કારોબાર મંડલીએ નીચે જણાવેલા ૪) ઈંગરેજી અમલદારો ઉપર ઉપકાર તથા શુકરગુજાર પતરો લખ્યાં હતાં :—

૧. તેહેરાન ખાતેના ઈંગરેજી એલચી મી૰ ટોમસન સાહેબ ઉપર.

૨. મુંબઈના ગવરનરના તે વખતના ચીફ સેકરેટરી મી૰ ગોન સાહેબને તેઓના વાલકેશ્વરના રેહવાના બંગલામાં કારોબાર મંડલીના સરનશીન સર દીનશાજી માણેકજી પીટીટે તથા ઓનરરી સેકરેટરી શેઠ અરદેશર સોરાબજી કામદીનનાએ હાથોહાથ ઉપકાર પત્ર પોહોંચાડયો હતો.

૩. સર ઓલફ્રેડ લાયલ જેઓ તે વેલા વાવય પરાંતોના લેફટેનંટ ગવરનર હતા તેઓ ઉપર.

૪. લંડન ખાતેના મહારાણીજીના તે વખતના પરદેશ ખાતાંના સેકરેટરી ધી અરલ ઓફ ગરાનવીલ ઉપર.

તેમજ મુંબઈની કારોબાર મંડલીએ નામદાર શાહ ઉપર, તથા શાહજાદાઓ ઉપર, તથા વજીરો અને અમીર ઉમરાવો ઉપર તથા મજલસે સુરા (એટલે ઇરાની કાઉનસીલના મેમબરો ઉપર, એવી રીતના ૨૬ ઉપકાર તથા શુકરગુજાર પતરો તરતજ લખયાં હતાં. અને તેના વલતા ઉતરો પાછા ફરી વલ્યા છે, જે સધલા મંડલીના રીપોરટોમાં પ્રગટ થયા છે.

ઈરાની દરબારી રીતભાત મુજબ શાહને તથા શાહજાદા, વજીરો, અમીર ઉમરાવો તથા બીજા દરબારીઓને તેઓની ચહડ ઉતર પદવી મુજબ ચહડ ઉતર પેશકશી યાને નજરાનું આપવું જોઇએ. તે પ્રમાણે મુંબઇની કારોબાર મંડલીએ તેહેરાન ખાતે શેઠ માણેકજી હાતરીયા ઉપર રૂ. ૧૦૦૦૦) અંકે દશ હજાર વાહ્યા હતા, અને શેઠ હાતરીઆએ પેશકશીમાં ઉમદા ઘડીયાલો સાંકડીઓ, રૂપેરી નકસીના મગો વગેરે ભેટ આપયાં હતાં, અને ખુદ શાહને એક અતી સુંદર હાથનું લખેલું ઉમદા શાહનામું ભેટ આપયું હતું. અને એ રૂ ૧૦૦૦૦) મોકલવા ઉપરાંત, કારોબાર મંડલીએ શેઠ માણેકજી હાતરીઆ ઉપર તેઓએ લીધેલી મેહનતને વાસ્તે એક ઉપકાર પતર લખયો હતો, જેની નકલ તથા તેના ઉતરની નકલ મંડલીના રીપોરટમાં છપાયલી જોવામાં આવે છે.

ઈરાનીઓની હાલત સુધારનારાં ધરમ ખાતાંનાં ફંડના મેમબરોની સરેસતાની એક જાહેર સભા તા૦ ૩૦ મી એપરીલ ૧૮૮૩ ને દીને મલી હતી, તે વેલા એક ઠરાવ પસાર થયો હતો કે આ ધરમ ખાતાંના ઓનરરી સેકરેટરી શેઠ અરદેશર શેરાબજી દસ્તુર કામદીનનાએ આ ધરમ ખાતાંનું કામ દીલસોજીથી બજાવયું છે તેના અરથે તેઓને એક પીસ—ઓફ—પલેટ ભેટ આપવી. તે ઠરાવની રૂએ કારોબાર મંડલીએ એક ઠરાવ પસાર કીધો હતો કે એક રૂપાંનું આફ્રરગાનીયું રૂ૫૦૦) સુધીનું તેઓને ભેટ આપવું, અને તે તઈયાર કરાવવા મરહુમ શેઠ ખુરશેદજી નોશેરવાંનજી કામાજી તથા શેઠ અરદેશર ડોશાભાઇ મુનશીને સોંપયું હતું. તે મુજબ તેઓએ એક આફ્રરગાનીયું તેના ઢાંકણુ તથા ખુમચા સાથે તઇયાર કરાવયું. અને ઉપલાં ધરમ ખાતાંની કારોબાર મંડલીના સરનશીન ઓનરેબલ સર દીનશાજી માણેકજી પીટીટે મજકુર સેકરેટરીને તા૦ ૩૦ મી સપટેમબર ૧૮૮૪ ને દીને કારોબાર મંડલીની મીટીંગ મલી હતી તે વલાએ તે આફ્રરગાનીયું પોતાના બખતાવર હાથે નેક દોઆ ચાહીને ભેટ આપયું.

એ આફ્રરગાનીયું "ફુલ દાન" (flower vase) ના ઘાટનું બનાવેલું છે અને તેની બાહારની બાજુના ૪ સરખા ભાગ પડયા છે, તેમાં :—

એક ભાગમાં અશો જરથોસ્તની સબી કોતરાવેલી છે.

બીજા ભાગમાં નકસે રૂસતમના પાહાડ ઉપર, દારાએસહીસતાસપીસના "અશતોદાન"ના ઉપલા ભાગનો ચીતાર આપેલો છે, જેમાં પાદશાહને, આતશ સામે, બંદગી કરતા આકારમાં તેનાં ફરોહર સાથે ચીતારેલો છે. અને જેમ તેની જાહોજલાલી બતલાવવા સારૂ જે તખત ઉપર તે બંદગી કરતો

ઉભેલો છે, તે તખત તેનાથી ૨૯ હાર ખાઇ ગયલા પાદશાહોના હાથ ઉપર અધર ઉભું રાખેલું છે, તેમ તેમાં છેલ્લા દીવસની યાદ લાવવા સારૂ કાલબુદ ખાનારાં બે જાનવરોના આકારો પાડેલા છે. અને તખતની આજુબાજુ ફરમાન બરદારો ઉભેલા છે.

ત્રીજા ભાગમાં એક પાહાડનો આકાર કોતરાવેલો છે. અને તેમાં ખુરશેદ માહ, હફતોરંગ, આતશ પાણીનો ચશમો, મરદુમ, ગોસપંદ તથા ખજુરી અને દાડમડીના આકારો કોતરાવેલા છે. તથા ચોથા ભાગમાં કારોબાર મંડલીના ઠરાવ પરમાણેનો ભેટનો લેખ નીચે મુજબ કોતરાવેલો છે :—

"ઇરાન દેશમાં રેહનારા ગરીબ જરથોસ્તીઓની હાલત સુધારવાનાં ધરમ ખાતાંના ઓનરરી સેક્રેટરી ભાઇ અરદેશર સોરાબજી દસ્તુર કામદીનનાએ એ ધરમખાતાંનું કામ વગર સવારથે દીલસોજીથી બજાલાવી, એ ધરમ ખાતાંની કારોબાર મંડલીની અચ્છી સેવા ચંચલાઈ તથા કાબેલીયતથી બજાવી છે તેના બદલામાં, તથા ત્યાંના જરથોસ્તીઓ પાસેથી ત્યાની સરકાર "જજીઆ" નામે એક દુઃખદાયક કર લેતી હતી ને કઢાવી નાખવા ઇરાની સરકારને અરજ કરી તે વેલા ઈંગરેજ સરકારના અમલદારો પાસે જઇ મદદ મેલવવા મેહનત લીધી છે તેના બદલામાં યાદગારીની એક જીનસ તરીકે, આ આફ્રગાનીયું એ ફંડની કારોબાર મંડલીએ એ ધરમખાતાંના ફંડમાંથી એવણને ભેટ આપયું છે. મુંબઈ, સને ૧૨૫૩ યજદેજરદી, સને ૧૮૮૪ ઇસવી."

એકેએક જરથોસતીને જાણવા જોગ આ અહેવાલ સમાપત કરતી વખતે અમો એટલુંજ કહીશું કે ઇરાન દેશના રેહનારા ગરીબ જરથોસ્તીઓની હાલત સુધારવાના ધરમખાતાંની કારોબાર મંડલીની, તથા ઇરાંનમાંના ચાલાક આડટીયા શેઠ માણેકજી લીમજી હાતરીયાની, તથા એ ધરમ ખાતાંના ધુંધી ઓનરરી સેકરેટરી શેઠ અરદેશર સોરાબજી દસ્તુર કામદીનનાની, તેઓની અથાગ મેહનત માટે આપણ જેટલી વખાણ ગાઇ તેટલી થોડી છે.

શ્રી ઈરાંન મધેનાં જરથોસ્તીઓને માટેનાં કેલવણી ખાતાંને લગતી જાણવાજોગ વીગતો.

મુંબઇ મધે ઇરાંનીઓની હાલત સુધારનારી જે મંડલી સ્થાપવામાં આવી છે, તે મંડલીના નામવર કારોબારીઓ અને તેનાં ધુંધી સેક્રેટરી શેઠ અરદેશર સોરાબજી દસ્તુર કામદીનજીની નેક કોશેશ અને ખંતીપણાથી ઇરાન મધેના આપણા ગરીબ હમજાતીઓને કેટલી બધી સગવડ અને સુખો કરવામાં આવયાં

છે, તે વારેવારનાં બહાર પડતા હેવાલો ઉપરથી મોટા સંતોશ સાથ આપણા જોવામાં આવે છે. તે મુજબ ઉપર જણાવેલી જજીઆનો કર કેમ નીકલી ગયો તેને લગતી એક ઘણી માયાકુલ બાબદ તથા આ હેઠલ જણાવેલી ઈરાંનના જરથોશતીઓ માટેના સ્થાપવામા આવેલાં કેલવણી ખાતાંને લગતી ઘણી અગત્તની વીગતો વાંચેઆથી, ઉપલી ઇરાનીઓના હાલત સુધારનારી મંડલીની અગતયતા અને ઉપયોગીપણું આપો આપ માલમ પડી આવશે.

ઈરાંન દેશના તેહેરાન શેહેરમાં એક બોરડીંગ સકુલ સથાપવા સારૂ શેઠ નશરવાંનજી માણેકજી પીટીટે રૂ ૨૫૦૦૦) ની નાદર રકમ તા૦ ૧૯ મી મે ૧૮૬૪ ને દીને મરહુમ શેઠ જમશેદજી નશરવાંનજી પીટીટને સુદરેહ પેહેરાવયો તેની ખુશાલીમાં આપી હતી. તથા મરહુમ શેઠ બમનજી ફરાંમજી કામાજીના રૂ ૫૦૦૦) તથા શેઠ બેરામજી જીજીભાઈના રૂ ૫૫૦૦) તથા શેઠ પાલનજી નશરવાંનજી પટેલના રૂ૧૦૦૦) તથા શેઠ બમનજી જીજીભાઇના રૂ૫૦૦) મલીને રૂ૩૭૦૦૦)ની નોટો બોરડીંગ સ્કુલ ખાતે મલી હતી. તથા મરહુમ શેઠ મેરવાંનજી ફરાંમજી પાંડે રૂ૧૦૦૦૦) નું વ્યાજ, તથા સર દીનશાજી માણેકજી પીટીટ બેરોનેટ રૂ ૫૦૦૦) નું વ્યાજ, તથા શેઠ ફરાંમજી નશરવાંનજી પટેલ રૂ ૫૦૦૦) નું બ્યાજ, દર વરસે બોરડીંગ સ્કુલના ખરચ સારૂ આપતા હતા. તથા સર અવસરે જરથોશતી બાનુઓ તથા ગ્રહસ્થો રકમો ભરતાં હતાં, તેમાંથી તા૦ ૨૦ મી મારચ ૧૮૬૬ ને દીને તેહેરાનમાં બોરડીંગ સ્કુલ સ્થાપવામાં આવી હતી. પણ પછવાડેથી ખરચ પુરો નહીં થયાથી, તા૦ ૨૮ મી જુલાઇ ૧૮૭૫ થી તે બંધ કરવામાં આવી હતી. ને તા૦ ૨૧ મી નવેમબર ૧૮૮૨ ને દીને પાછી ઉઘાડવામાં આવી હતી. જે હાલ સુધી ચાલતી હતી. એ સકુલના આસરે એક ડજન છોકરાઓ કેલવણી લેતા હતા અને દર વરશે રૂ૧૮૦૦) નો ખરચ થતો હતો. શેઠ માણેકજી લીમજી હે:શંગ હાતરીઆના ગુજરવા બાદ ઇરાનના ગરીબ જરથોશતીઓની હાલત સુધારવા સારૂ અતરે જે મંડલી સ્થાપવામાં આવી છે તે મંડલીએ એ બોરડીંગ સ્કુલ જારી રાખવાનું વાજબીની રાહે દુરસ્ત વીચારયું નથી. તેથી એ સ્કુલ હાલ કાઠી નાખવામાં આવી છે. અને તેહેરાનૂમાં દીવશની સકુલ દર વરસે રૂ૪૨૦) ના ખરચે રાખવાનું ઠેરવ્યું છે સકુલમાં જેટલા છોકરાઓ આવે તેટલા બધાને શીખવાનું બારી. તેહેરાન શેહેરમાં જરથોશતીઓની વસતી ઝાજી નથી. આશરે ૩૦૦) જરથોશતીઓની વસતી છે. તેથી છોકરાઓની સંખ્યા એ સકુલ માટે મોટી મલી શકે એમ નથી. પણ તેહેરાંન શેહેર ઇરાન દેશનું પાયતખત શેહેર હોવાથી મંડલીએ દુરઅંદેશી કરીને તયાં એક સકુલ રાખી

છે તે ઘણું બરહક કીધું છે. ઉપલી રૂ૩૭૦૦૦)ની રકમનાં વ્યાજમાંથી એ સ્કુલ ચલાવવામાં આવશે. અને જે બાકી વધે તે રકમ યજદ તથા કેરમાનમાં કેલવણી આપવા સારૂ બીજી ૧૧ સકુલો ઉઘાડવામાં આવી છે તથા હવે પછી ઉઘાડવામાં આવે તેના કારણુસર વાપડવાનું ઠેરવ્યું છે.

સર જમશેદજી જીજીભાઈ પેહલા બેરોનેટે રૂ૨૫૦૦૦) એલાહેદા કાહડી તેના જુદા ટરસટીઓ ઠેડવી તેનું વ્યાજ ઈરાંનમાના જરથોસ્તીઓના દુખદાયક કર ભરવા સારૂ આપેલા છે. પણ એ કર નીકલી ગયાથી ઉપલી મંડલીએ એવો ઠરાવ કીધો છે કે એ રકમનું વ્યાજ પણ કેલવણીનાં કારણુસર વાપડવું તેમજ મરહુમ શેઠ નશરવાંનજી મનચેરજી કામાજીનાં ધરમ ખાતાંમાંથી ઉપલી મંડલીને દર વરસે રૂ૫૦૦) મલે છે તે પણ કેલવણીનાં કારણુસર વાપડવા ઠેરવ્યુ છે.

શેઠ નશરવાંનજી માણેકજી પીટીટે ઉપર જણાવ્યા પ્રમાણે રૂ૨૫૦૦૦) ની નાદર રકમ આપી બોરડીંગ સ્કુલનો પાયો નાંખી આપયો હતો. તેથી હાલ જે તેહેરાનમાં દીવસની સકુલ રાખવાનો ઠરાવ કીધો છે, તે સકુલ સાથે શેઠ નશરવાંનજી માણેકજી પીટીટનું નામ વાજબીની રાહે જોડવામાં આવ્યું છે. એ સ્કુલ ઉસ્તાદ અસફંદીઆર રૂશતમનાં ઉપરીપણા હેઠળ ચલાવવામાં આવે છે.

કેરમાનમાં ૩) સકુલો સ્થાપવામાં આવી છે. તયાંના ત્રણ આગેવાન સાહેબો મુલ્લાં ગુસ્તાસ્પ દીનીયાર, મુલ્લાં કેખશરો કાવુશ તથા મીરજા બેહરાંમ ગુસ્તાસ્પની એક કમીટી નેમી છે. અને તેઓની દેખરેખ હેઠલ એ ત્રણ સકુલોનો કારોબાર ચલાવવામાં આવે છે.

યજદમાં એક અવસ્તા બામાયનીની સકુલ સ્થાપવામાં આવી છે. તેની પછવાડે દર વરસે રૂ૪૨૦ નો ખરચ રાખયો છે. અને ઉસ્તાદ ખોદાબક્ષ બેહરાંમ યજદી જેઓ ઈંગરેજી, ગુજરાતી તથા ફારસીનું ગ્નાન અચ્છી રીતે ધરાવે છે, અને લાંબો વખત સુધી મુંબઈની મુલ્લાં ફીરોઝ મદરેસામાં ફતેહમંદ કેલવણી લીધી છે, જેઓ હસ્તક એ સકુલ ચલાવવામાં આવે છે. એ સકુલમાં ફાઇલોલોજીને કાયદે અવસ્તા બામાયની, વ્યાકરણ સાથે શીખવવામાં આવે છે. એ સકુલમાં હાલમાં ૪૦) છોકરાઓને આસરે આવે છે ઇરાનમાં આગલ એવો ધારો હતો કે, મોબેદજાદાઓ શીવાય બીજાઓથી અવસ્તા બા માયની શીખી શકાય નહીં. પણ મંડલીની કોશેશથી એ ધારો કાઢી નાખવામાં આવયો છે. અને બેહદીનજાદાઓ પણ એ સકુલમાં અભયાસ કરી શકે છે. એ વણી

પુથીની વાત છે. હાલ એ સ્કુલમાં જયારે મોબેદોના છોકરાઓ ૧૭ છે તયારે બેહેદીનોના છોકરાઓ ૨૩ છે. એ સ્કુલમાં અવસ્તા બામાયની ઉપરાંત, અવસ્તામાં આવેલી ધરમ સંબંધી બાબતો, ઝંદ વ્યાકરણ રેવાયતો, વગેરે શીખવવાના નીચે મુજબના ૬) વરગો કરવામાં આવ્યા છે:—

વરગ ૧)લો—અભયાસ—વંદીદાદની ૩ જી તથા ૧૬ મી પરગરદોનો તરજુમો, ઝંદ વ્યાકરણ, અક્ષર વીચાર, શબ્દ વીચાર, તથા વાકયરચણા, મુંબઇવાલા એરવદ સેરીઆરજી દાદાભાઇ ભરૂચાના ઝંદ વ્યાકરણમાંથી ધરમબોધ તથા જુદી જુદી બાબદો ઉપર રેસાલાઓ લખાવવામા આવે છે. તથા રેવાયતોનો અભયાસ પણ કરાવવામાં આવે છે.

વરગ ૨)જો—અભયાસ—વંદીદાદની ૩ જી તથા ૧૬ મી પરગરદોનો તરજુમો તથા શરેહ, ઝંદ વ્યાકરણ, ધરમ બોધ તથા જુદી જુદી બાબદો ઉપર રેસાલાઓ, રેવાયતો વ્યાકરણ.

વરગ ૩)જો—અભયાસ—ફ્રવરદીન યસ્તનો તરજુમો, અવસતાનું ભણતરઃ— ફ્રવરદીન યસ્ત તથા ઇજશને ૪૨)માં હા સુધી, વ્યાકરણ ધરમબોધ ધમબારો—તેઓના દીવસો કેટલા કેટલા દહાડાને અંતરે આવે છે તે તથા રેસાલાઓ તથા દોખમું તથા અસતોદાનની બાબદો.

વરગ ૪)થો—અભયાસ—અવસતાનું પઢવું, બેહેરામ યસત પુરી, તરજુમો—ખોરશેદ, મેહર, માહ નયાએશો, આતશ નયાએશના ૬ ફકરા, ફ્રવરદીન યસતના કરદા ૧૦, ધરમ બોધ, વ્યાકરણ.

વરગ ૫)મો—અભયાસ—ઝંદ અક્ષરે પાંચે નયાએશોનું શુધ પઢવું, તરજુમોઃ—ખોરશેદ નયાએશ, મરેહ સાથે, ધરમ બોધ. નશાશાલારને લગતી તથા ગુજરેલાંઓને ઠેકાણે પાડવાની બાબદો.

વરગ ૬)ઠો—અભયાસ ઝંદ અક્ષરે અસેમ, યથા સરોશ બાજ, નીરંગ કુશતી બાંધવાની, પાંચે ગેહ જુદી જુદી પઢવાની, હોશબામ, ખોરશેદ નયાએશ ૫) ફકરાનું સુધ પઢવું, ધરમ બોધ. રાજે યજદાન કેતાબ પરથી સદરા, કુસ્તી, અને હજરત જરથોસ્ત વીશેનું બયાન.

એ ઉપરાંત યઝદમાં બીજી એક સકુલ સથાપવામાં આવી છે. એ સકુલનુ મકાન શેઠ કેખશરો મેહરબાન ઇરાંનીએ રૂ ૧૦૦૦૦) ના ખરચે બંધાવી આપયું છે. તથા તે ઉપરાંત રૂ૫૦૦૦) એ ખાતાંના ફંડમાં ભેટ આપયા છે તેથી એ સકુલ એ શેઠના નામે ચલાવવામાં આવે છે. એ સકુલના ઉસતાદનું નામ જવાન મરદ શીરમરદ નવજર કરીને છે. દર વરસે એ સકુલ પછવાડે રૂ૪૨૦)નો

ખરચ રાખવામાં આવયો છે. છોકરાઓને જરથોશતી ધરમનીતી, અવસ્તા બામાયની, બ્યાકરણ, ફારસીનો અભયાસ, તરજુમો સલીમ વારતાઓ, ગણીત, અવસતાનું ભણતર, તથા અરબી જબાનનાં મુલતતવોનું ગ્નાન આપવામાં આવે છે. એ સકુલમાં હાલમાં આશરે ૧૪૦ છોકરાંઓ છે, તેમાં ૩૪ મોબેદજાદાઓ તથા ૧૦૬ બેહેદીનજાદાઓ છે. ફારસી તથા અરબી શીખનારાઓના ૬ વરગો કરયા છે. ૧ બાલક વરગ છે, તથા ફરસુદે શીખવા આવનારાઓ જેને ખારેજ દાખેલી કરીને કેહ છે તેના વરગો છે.

ખોરમશાહમાં એક સકુલ ઉઘાડવામાં આવી છે. તેમાં ગાસેમાબાદ આરેસતાન, જઇમાબાદ, મહમદાબાદ, તથા ખેરાબાદના છોકરાઓ પણ આવે છે. એ સકુલનું મકાન શેઠ ખોદાદાદ રૂસતમ ઇરાંની જેઓ હાલ પુણામાં રહે છે, તેઓએ રૂ ૨૫૦૦) ના ખરચે બંધાવી આપયું છે, ને તેથી એ મકાન ઉપર મજકુર શેઠનાં નામની તખતી મારવામાં આવી છે. એ સકુલનો ઉસ્તાદ કેયુમરઝ વફાદાર અરદેશીર છે. અભયાસ ઉપલી સકુલ માફક રાખયો છે, હાલ એ મકતબમાં ૯૦) છોકરાઓ તાલીમ લેય છે. ૬૫) જણાઓ આખો દહાડો આવે છે. અને બાકીનાઓ ધંધાદાદી હોવાથી ફરસુતના વખતે આવે છે. એ સકુલમાં ૫) વરગો રાખવામાં આવયા છે. એ સકુલ પછવાડે ૨૩૦૦) નો વરસ દાહાડે ખરચ છે.

નશરાબાદમાં એક સકુલ સથાપવામાં આવી છે. તેમાં કશનવીય, હુસેનાબાદ, મઝરે સદરી, એલાબાથ તથા જાફરાબાદના છોકરાઓ પણ આવે છે. એ સકુલ ઉસ્તાદ અસફંદીયાર ખોરસંદ અરદેશીરના ઉપરીપણા હેઠલ ચલાવવામાં આવે છે. હાલ એ મકતબમાં ૬૦) છોકરાઓ અભયાસ કરે છે. અને ફારસી બાશાનું તેમજ ફારશી અક્ષરે લખેલી ચોપડીઓ પરથી અવસ્તાનાં ભણતરનું તથા રેવાયતો પરથી જરથોશતી પાક ધરમનું ગ્નાન આપવામાં આવે છે. તથા હીસાબ પણ શીખવવામાં આવે છે. એ સકુલ પછવાડે વરસ દાહાડે ૨૨૪૦)નો ખરચ રાખવામાં આવયો છે અને એ સકુલમાં ૬) વરગો રાખયા છે.

તપતમાં એક સકુલ સથાપવામાં આવી છે. તેમાં રાતાબાટ, શરીફે બાબા ખાનદાન, બાગે ગુલેસ્તાન, છેમ, ઝંઇના બાદ, તથા હુશેનીના છોકરાઓ પણ આવે છે એ સકુલ ઉસતાદ બેહરામ અરદેશીર શીરમરદના ઉપરીપણા હેઠલ ચાલ છે. હાલ એ સકુલમાં ૪૫) છોકરાઓ તાલીમ લેય છે. એ સકુલમાં ૫) વરગો રાખવામાં આવ્યા છે. અભયાસ ઉપલી સકુલ મુજબ રાખયો છે. એનો વરસ દાહાડે ૨૨૪૦)નો ખરચ છે.

અરદાબાદમાં એક સકુલ ઉઘાડવામાં આવી છે. એ સકુલ મુલાં રૂશતમ નોશેરવાન આબાદાંનનાં ઉપરીપણા હેઠલ ચાલે છે. એમાં હાલ ૪૫ છોકરાઓ અભયાસ કરે છે. વરસ દાહાડે એનો ખરચ રૂ૧૮૦) નો રાખવામાં આવયો છે. અભયાસ ઉપલી સકુલ પરમાણે છે. હાલમાં ૩) વરગો કીધા છે. તથા એક વરગ ખારેજ દાખેલીનો એટલે ફરસુદે શીખવા આવનારાઓનો છે.

કુચેબીઓગમાં એક સકુલ ચાલુ શાલમાં—તા૦ ૨૧ મી મારચ ૧૮૯૦ થી ઉઘાડવામાં આવી છે. એ સકુલ ઉસતાદ મેહેરબાન બેહરામ ખોરદાદ રઈસના ઉપરીપણા હેઠલ ચલાવવામાં આવે છે. દર વરસે રૂ૧૫૦) નો ખરચ રાખયો છે. એ સકુલનું મકાન રૂ ૨૭૦૦)ના ખરચે શેઠ હોરમજદયાર સેહરીયાર બેમાન ઇરાની જેઓ હાલ મુંબઇમાં રહે છે તેઓએ બાંધી આપયું છે. અને તે ઉપરાત રૂ૩૦૦૦) એ ખાતાંનાં ફંડમાં બેટ આપ્યા છે, તેથી એ સકુલ સાથ શેઠ હોરમજદયારનું નામ જોડવામાં આવ્યું છે.

બારમી સકુલ મુબારકામાં તા૦ ૨૧ મી સપટેમબર ૧૮૯૦ ને દીનેથી ઉઘાડવામાં આવનાર છે.

ઉપર મુજબ તેહેરાનમાં ૧), કેરમાનમાં ૩), તથા યજદમાં અને તેની આસપાસ ૮), સકુલો સથાપવામાં આવી છે. અને યજદની સકુલોના વહીવટ માટે ૪) સાહેબોની એક કમીટી નેમી છે:—સેઠો રૂસતમ, કેખસરે તથા ગોહરેજ મેહેરબાન ઇરાની તથા મુલા સેહરીયાર બેહરામ, જેઓની દેખરેખ તલે યજદની સકુલોનો કારોબાર ચાલે છે.

ભાગ ત્રીજો

આતશ બહેરામની રખ્યાનુ તિલક અને તે ઉપરથી ઉપજતા વિચારો.

સાંકલીયું.

ભાગ ત્રીજો.

આતશ બહેરામની રાખ્યાનુ તિલક અને તે ઉપરથી ઉપજતા વિચારો.

પ્રિય વાંચક આ વિશાળ જગત અશો અહુરમજદે પેદા કરીને તેને ઝુંકનુ મુકી દીધું નથી પણ તેને નિયમીત ગતિમાં રાખવાને અને તેની સંપુરણ વ્યવસ્થા કરવાને વાસ્તે અહુરમજદે દરેક કાર્ય માટે જુદી જુદી શકિતઓ પેદા કરી તેપર મુકરેર કરેલી છે જેથી આ સર્વત્ર જગતમાં—મહાન અચળ નિયમો અને શકિતઓ વ્યાપી રહેલાં છે અને તે નિયમો અને શકિત દવારા આ અનંત જીવન હયાતીમાં આવે છે કામ કરે છે અને વ્યવસ્થા કરે છે.

આપણા દરરોજના જીવનનુ દરેક કાર્ય તે મહાન નિયમો અને શકિત અનુસાર થાય છે. રસ્તાની બાજુએ ઉંગતું દરેક ફુલ વધે છે, ખીલે છે, અને કરમાય છે, તેમાં ચોકસ મહાન અચળ નિયમોનુજ કાર્ય હોય છે. હિમના ઢગલા બંધાય છે, પડે છે, ઓગળે છે, જળરૂપ થાય છે, વરાળ રૂપ થાય છે અને હિમરૂપે પાછાં દૃષ્ટિગોચર થાય છે. આ સર્વ ક્રિયામાં પણ મહાન અચળ નિયમોનુંજ કાર્ય હોય છે.

આ નિયમો રાખનારી શકિતઓ કે જેણે આપણામાં યજદ અમેશાસ્પન્દો ફરોહરો વિગેરેના નામથી ઓળખીએ છીયે અને તે આપણી સાથે થોડે યા ઘણે દરજજે સંબંધ ધરાવે છે જેમા આપણા વિશય સાંથે સંબંધ ધરાવતા અરદિબેહસ્ત અમેશાસ્પન્દ વિશે જોઇશું. અરદિબેહસ્ત અમેશાસ્પન્દ દ્રશ્ય અને અદ્રુસ્ય આતશ ઉપર મવકકલ છે. જે આતશ અતિકાર્ય સાધક અને તેની ગતિ અપારમપાર છે તે જયારે અશો અહુરમજદે દુન્યા પેદા કીધી ત્યારે આગેતીમાં રોશની આપનાર તરીકે આતશને મોકલવાનો ઇરાદો કીધો હતો પણ જે અરદીબેહસ્ત અમેશાસ્પન્દ આતશપર મવકલ છે તેને દરખાસ્ત કીધી કે ગેતીની દુન્યામાં મારો આતશ મોકલવામાં આવે તો તારા સર્વે પુજારીઓ હેરાનગતી અને હલાકી પોહચાડશે માટે જેમ સુર્ય, ચંદ્ર, આકાશમાં રહી રોશની પુગાડે છે તેમ હુ પણ આકાશમાં રહી રોશની પોહચાડીશ જેથી અહુરમજદે એવા બંદોબસ્તથી આતશને આ દુન્યામાં મોકલવાનુ ઠેરવ્યુ કે હું

તુને (અરદીબેહસ્તને) બેહસ્તની ઉપરની સર્વ એખ્તીઆરી સોપું છુ અગરજો તારા આતશને જે કોઈ હલાકી પોહચાડી તુને નાખુશ કરે તો તેનો બેહસ્ત પસાર કરાવવુ નહી—પણુ જેનાથી તુ રાજી રહે તેને બેહસ્ત પસાર કરાવવું. (જુવો પએવન્દનામે ઇ. જ. તા. રેવાયતે દારાબ હોરમજદીઆર)

જેથી આપણુ માજદયસ્નાનોની એક આઇન ફરજ છે કે આતશને કોઇબી પ્રકારની હલાકી ન આપતાં સર્વત્ર તેને રોશન રાખી રક્ષણુ કરવું જેથી જ્યારે એક માજદયસ્નાન અરદિબેહસ્ત તરફ પ્યાર મોહબત અને ભકિત ભાવની લાગણી દરશાવે છે ત્યારે તેના આતશ માટે સુખડ, લોબાન, અગર બોય વિગેરેની ઉત્તમ ખુશબોઇની ભેટ અર્પણુ કરે છે કે જે આતશપર બાળવામાં આવે છે એથી અદિબેહસ્ત અમેશાસ્પન્દ ખુશી થઇ તેને આશિર્વાદ દે છે કેઃ—

"તારે ત્યાંહાં ગાય ગોસ્પન્દોનું ટોળું જીયાદેહ થજો; તારે ત્યાહાં માણુસોનો વધારો થજો; તારૂ મન અને જીંદગી કામ કરતી થજો, જેટલી રાત તું જીવતો રેહ તેટલી રાત ખુશાળી ભરેલી જીંદગીના જીવ સાથે તું જીવતો રહે (આતશ ન્યાયશ) અને વળી એવી ખુશબોઇ અતશપર મુકે છે તો જે તરફથી પવન તે ખુશબોઇને લઈ જાય છે તે તરફના મીનો દેવો (દુખઃદર્દો) કે જેઓ અંધારાની સુરતના દરવંદો છે તેઓને પુસ્કળ જાદુગરો અને પરીઓને હોરમજદનો આતશ હજાર ઘણો મારનાર તરીકે સામે થાય છે (વં પ્ર. ફ૦ ૮૦) આ મુજબ આતશપર—ખુશબો મુકવાથી જેટલે દરજજે તે ખુશબોઇનો અરક હવા અને વાતાવરણુમાં ફેલાઈ નાપાકી અને પલીદીનો તથા ગેબી દરૂજો નો નાશ કરી હવા સુગંધમય કરે છે તેમ તે હવા આપણા મગજને મોઅતર કરીને આપણા મનને રાહત અને શાન્તિ બક્ષે છે તે ઉપરથી આપણુને એક ઉમદા નસીહત મળે છે કે જો આપણે આ દુન્યામા ભલાઇના પરોપરકારી દયા અને સખાવતના ઉત્તમ કાર્ય કર્યા તો આપણી આ દુન્યાની મુસાફરી પછી આપણા વાસનાની ખુશબો રેહ. જેમ જગપ્રસિધ્ધ સદગુણી શક્ષો પોતાની ભલી વાસનાની ખુશબો મુકી પોતનું નામ દુન્યાની તવારિખમાં અમર મુકી ગયા છે. તે મિસલ આપણુ ધ્યાન ખેંચે છે

જીંદેહ અસ્ત નામે ફરરોખે નોશીરવાન—બ—અદલ
ગરચે બસી ગુજસત કે નોશીરવાન નમાનદ.
ખઈરીકુનો ફલાનઓ ગનીમત શોમાર ઓમ્ર.
જાન પીશતર કે બાંગ બરઆયદ ફલાન નમાનદ.

કારૂન બે મોર્દ કે ચેહલ ખાને ગંજ દાશત.
નૌશીરવાન નમાનદ કે નામે નીકુ ગુજાશત.

અર્થ—ભાગ્યશાળી નૌશીરવાનનુ નામ જીવતુંજાગતું છે. જો કે નૌશીરવાનને ગુજરવાને તો ઘણી લાંબી મુદત વહી ગઇ છે. માટે એ ભાઇ ફનાને ગુજરી ગયો એવો પોકાર લોકો ઉઠાવે તે આગાજ નેકી અને ભલાઈ અને તારી જીંદગીની ઓમ્ર ઉપર સંતોષ પકડ. કારણ કે કારૂન જે ચાલીશ ઘેર ભરી ખજાનો ધરાવતો હતો તોપણ તેણે તેનો લેશભારથી સારો ઉપયોગ નહિ કીધો જેથી દુન્યાના લોકોને મનસે તે મુવા સમાન છે. જયારે નોશીરવાન ભલાઇ અને નેકી કરી ગયો તેથી તે લોકોમાં પોતાનુ નામ અમર મુકી ગયો છે. (ગુલેસ્તાન).

એ મુજબ માણસ સદગુણોની વાસનાથી નેકી અને પવિત્રાઇ સંપાદન કરી બનૈ દુન્યામાં સોખરૂઇ સાથે પોતાનુ નામ અમર કિર્તીવંત મુકી જાય છે. એ આપણને આતશપર સુંગધમય બાલેલા પદાર્થો સારો ઉપદેશ આપે છે.

એ પછી સુખડ આતશપર બળી ગયાથી તે ઘટ રૂપે ખાક થાય છે જે આપણને એવો ખ્યાલ આપે છે કે જેમ-સુખડ આતશપર બળવાથી તેનો અરક હવારૂપે આકાશમાં મળી ગયો છે અને ઘટરૂપે રાખ થઈ છે—તે આપણે આએ સે=પંજ=સરાય યાને ત્રણ પાંચ દિવસની ફાની દુન્યામાં થોડો વખત જીવનગાળી આપણો આત્મા ઉંચ ભુવન મીનોઇ દુન્યા તરફ ગમન કરશે. જયારે ઘટરૂપ શરીર આ દુન્યામાં ફના થઇ ખાક થશે માટે આય દુન્યાની થોડા વખતની મુસાફરી દરમ્યાન આ દુન્યાની ખોદા સિવાય લોભ લાલચોની ચીજ ઉપર દીલ નહિ બાંધતાં દુન્યામાં નેકી અને પરમાર્થના કામ કરવાં અને જન સેવા બજાવવી કે જેથી ભવિશ્ય જીંદગીમાં ઉત્તમ બદલો મળે અને આપણી નેકીની વાસના આ દુન્યામાં રહે જો કે આપણે એવા કેટલાક બગલા ભકત નેકીના ડોલ ઘાલનારા રેહ છે તે નિહાલેયે છીયે કે જેઓ સર્વે ઉપરની સફાઇ બતાવે છે. પણ અંતઃકરણમાં જુદાઇ, મહોટાઇ સખુન પરવરી, કીને, ઓગજ, અદાવત, અદેખાઇ, વિગેરે ધરાવી તેઓ નેકી અને ભલા બદલાની મિથયા આસા છે. ખરેખર તેઓ પોતાના અંતઃકરણને ઠગે છે. કેમ કેઃ—

"હરાંન કે તોખમે બદી કેશત ચશમે નેકી દાશત,
દેમાઘ બીહુન્દેહ પોખ્ત વ ખ્યાલે બાતેલ બસ્ત;"

અર્થ—"જેઓ બદીનુ બીજ વાવી નેકી અને ભલાઇની ઉમીદ રાખે છે તેઓ પોતાના મિથયા વિચાર બાંધી દેમાઘને ઉલ્લતુ ચેરવે છે."

માટે ભલા શક્ષોએ એવા વિચારથી દુરી પકડવી બેહતર છે કેમ કે અંતે ધર્મો જય અને પાપોક્ષય છે.

હવે એ :આતશપર બાલેલા સુખડની ખાકનો રખ્યા જે મોબેદ સાહેબ એક ચમચપર લાવી આપે છે—જે લગાડવાનો શું હેતુ સમાય લો છે તે નીચલા ખુલાશા ઉપરથી વિચાર પ્રગટ થાય છે.

આપણુ મનુષ્ય જાતનુ બંધારણ ખાકી અને મીનોઇ તત્વોથી બનેલું છે. મીનોઇ તત્વોમાં રવાન, બુદ્ધિ અને ફરોહર જેવી શકિતઓ આએ પૃથ્વિ ઉપર ખાકી શરિરમાં અવતરે છે—તેથી કરીને કવિ શેખશાદી એ માટેની શહાડત આપતાં કેહ છે કે.

"બની આદમ સરેસ્ત અજ ખાક દારંદ,
અગર ખાકી ન-બાશદ આદમી નીસ્ત;"

અર્થ–મનુષ્ય જાતની પેદાયશ ખાકના મિશ્રણથી થયલી સંબંધ ધરાવે છે માંટે જો કોઇ ખાકી યાને નમ્રતાવાલો નહિ થાય તો તે આદમીની ગણનામાં નહિ આવે.

અહિંઆ આપણે જોઇશું કે આપણે જે આપણી બન્ને ભ્રકુટી વચ્ચે રખ્યાનું તિલક લગાડયે છિયે તેને અહંકાર અને અભિમાનનું સ્થાન ગણવામાં આવે છે. આપણું મગજ મનો વૃતિનું યંત્ર છે અને તેમાંથીજ અભિમાનનાં વિચારો પ્રવૃતિથી બાહેર પડે છે. અભિમાન અને અહંકાર એ સર્વેથી કનિષ્ટ ગુણ છે કે જેમાંથી બીજા દુરગુણો ઉપન્ન થાય છે–અને જે માણસ અહંકારને વશ હોય છે તે અહંકારીં માણુસ લોભી હોય છે. (૨) અહંકારી માણુસ પોતાના અભિમાનને લીધે બધાથી છુટો પડવાની ઇચ્છા રાખે છે. (૩) અહંકારી માણુસ પોતાની કિરતીનો બહુ લોભ રાખે છે. (૪) અહંકારી માણુસ–ખોટું ડોળ ઘાલીને ફરે છે. (૫) અહંકારી માણસ ઢોંગી હોય છે. (૬) અંહકારી માણુસ નાફરમાન હોય છે અને તે મોટાઓને માનતો નથી. (૭) અંહકારી માણુસ પોતાની પ્રકૃતિ ચીરડાઉ રાખે છે. (૮) અંહકારી માણુસો બીજાઓ તરફ તિરસ્કાર ધરાવે છે. આ સર્વે દુર્ગુણો એક અંહકારમા સમાયલા છે અને અંહકાર કુદરતને અનુકુળ નહિ હોવાથી જે માણુસ અહંકારને વશ વ્રતે છે તેની ટુંક વખતમાં પડતી આવે છે. ઓ પ્રિય માનવ બંધુઓ તમો જાણો કે—

અહંકાર અને અભિમાન એ માણુસ જાતને કદીબી કિર્તીની ટોંચે પહોંચવા દેતુ નથી. પણ ચહડતીમાંથી નીચે ખુવારીની ખીણમાં નાખે છે. ખરા મોબ્બાદાર અને મ્હોટાઇને લાયક આદમીઓમાં એ જાતની નણંઇના

જણાતી નથી. પણ હલકા ખ્વાસના માણસનાંજ મગજમાં મગરૂરીનો પવન અને અભિમાનીનો ધુવાડો હોય છે.

આ તકલીદી દુન્યામાં માલ ખજાના ઉપર માથુ ઉંચુ રાખી જેઓ તકોબરી કરે છે. તેઓના ખાલી મગજમાં એટલુ નથી આવતું કે જે માલ ખજાના ઉપર મુસ્તાકી કરે છે તે સર્વે છોડીને ખાલી હાથે ખોદાને ઘેર જવું છે. પેદાના કરનાર માલેક પરવરદેગારની નજરમાં એક મસ્ત હાથી કે મગતરૂ એ એક સરખાંજ છે-જ્યારે એક અંહકારથી ફુલેલો હાથી કોઈ વખત એક ઝીણા નાચીજ મગતરાંથી આજેજ થાય છે-અથવા એક ગમે એવો ઝેહરી અઝદાહનો નજીવી કીડીઓથી નાશ થાય છે. તે ભુલવું નહિ જોઇયે.

જેઓ દેવતાઇ શકિત ધરાવનારા અને ધરતી ધ્રજાવનારા રણધીર યોદ્ધા હતા તેઓનું એક વારનું સબળપણું નબળાઈમાં ફેરવાઈ ગયું છે-તેવા નામચીન પેહલવાનો કે ગમે એવા ધનવાનો સદાકાળ રહ્યા નથી. જ્યારે તેઓના અહેવાલ વાંચી જાણીને સાધારણ માણસોએ સહમજવાનું છે જે કોઇબી રીતે જર, જોર, કે જીંદગી ઉપર મુસ્તાક રેહવામાં કેવળ મુર્ખાઇ છે.

માટે અંહકારીની આંખને ગફલતીનો પડદો હોય છે અને અભિમાની કરનારને ગુમરાહીનો છાયો આવે છે જેથી તેઓ ખોદાના નુરને કે કુદરતની કમાલ બખસેશને છતી આંખે જોઈ શકતા નથી.

જગપ્રસિદ્ધ સિકન્દર ૩મી પાદશાહ જેણે પોતાની ટુંક જીંદગીમાં દુન્યા જીતી લેવાનો કસદ કીધો હતો-જેના નામિચા નામથી દુન્યાનું લોક હઇરત થાય છે. જે સુરા નામ નરના દેખાવથી લશકરના સરદારો ઠરી જાય છે. જેની જોરેમંદ હમન બરદીમાં કાંઇએક હરીફો આવી જાય-અને જંગમાં ભલા પાદશાહોની પાયમાલી થાય તેવોબી એક નામદાર નર લાંબો વખત રહયો નથી. અને એક તેવીબી પાદશાહત અમર થઈ નથી.

એ જેહાનને જીતનાર જંગીનું ટુંક જીંદગીમાં જ્યારે ખોદાને ઘેર જવું થયું ત્યારે એને પોતાની આસપાસનાઓને ફરમાવ્યું હતું જે મને દફનાવતી વખતે મારા હાથો ખુલ્લા રાખે કે ખલકના લોક જોઇને ધડો લે કે ગમે એવું રાજ્યપાટ કે દોલત હેશ્મત વીગેરે કાંઇ કસુ સાથે આવતું નથી અથવા આખેર દાહાડે સઉ કોઇ એજ મીસાલે ખાલી હાથે જવાનું છે.

ખોદાની કુદરતને કોઇ પુગી વલ્યું નથી. એક પલકારામાં તોફાની પવનના સુસવાટાથી કે ઝનુની ઉછળતા મોજાઓથી સેંકડો જાન સમાવેલી અને હજારોને લાખોના માલ ભરેલી સ્ટીમરો સમુદ્રને તળીએ જઈ બેસે છે. એકજ ધરતીકંપના આંચકાથી શેહેરના શેહર ગરક થઇ જાય છે-તો પછી આપણી પાંચ દાહડાની જીંદગીમાં તકોબરી કીયા પાયા ઉપર કરવી ?

નામીચા રોમના બળવંત રણજીત અને જંગજીત યોધ્ધા રૂમનને એક સાધારણ નિરબળ સુલ્તાને મહાત કર્યો હતો. નામાંકિત સીઝરે સંખ્યાબંધ લડાઇઓ મારી હજારો ઉપર જીત મેળવી હતી તેથી આખેર એક–ખુનીને હાથે હાર થયો.

જાણીતું શેહર જેરૂસેલમ આગળ સાતવાર દુશમેનના મારાથી તારાજ થઇ આજે આઠમીવાર વસાવેલું છે–વળી આ પવિત્ર શેહેરો એકથી અનેકવાર પડતીમાં લાવનાર કેલા પુરતમ બેબીલોનના મગરૂર પાદશાહને બુક્નેઝર જેનું પોતાનું વતન એક્બાતન આખી દુન્યાની વખાણની ટોંચે પુગેલું અસલ બેબીલોન જે તારાજ થયું છે–તેમાંથી તે પાછું વસવા પામ્યું નથી. આજે તે મોટા ટેકરા અને ઘીચા ખંડેરોનું મેદાન છે. તે સઘળું ત્યાંના મગરૂર અને આસમાનસે સર ઉંચી રહેલા તે સરકસ પાદશાહ અને તેની તેવીજ અબીમાની સ્થિતની તકાબરીનું પરીણામ છે.

એક અજિમની માણસ જાણતા નથી જે ગમે એવા મેહલ અને મકાનની જાહોજલાલી ભોગવ્યા પછી જ્યારે તે સઘળું છોડીને કબરવાસ થાય છે–ત્યારે માત્ર તેને કબર ચાલવા જેટલી પણ વધુ જગ્યાની સગવડ મળતી નથી. ખોદાને ત્યાંથી જ્યારે ફેનસાન આવે છે ત્યારે કાંઇ દોલતનાં ગાડલાં પાછળ આવતાં નથી, કે જ્યારે દુન્યા છોડી જાય છે ત્યારે જમા કીધેલું હોયચ તે સાથે લઇ જવાનું નથી. એક યુરોપીઅન ફિલસુફના સખુનો છે જે કોફીન અને પાળણું બંને જોડયા ભાઇઓ છે–એ ઉપરથી જોવાનું છે જે પાલણામાં હોઇએ ત્યારથીજ મોતને માટે તયાર રહેવું જોઇયે–કારણ કે જન્મ અને મરણ એ તે પેદા કરનાર સાંઇએ પોતાના હાથમાં રાખ્યું છે–ત્યારે કેઇ દુન્યાને વાસ્તે અહંકાર જેવી હલકી નબળાઇ હોરી લેવી જોઇયે ?

એક અહંકારી આદમી માલ ખજાના કે સોના રૂપાંને, ઝરઝવેરાત અને હીરા મોતી ઉપર મુસ્તાક રહી મગરૂરીમાં દુબતો હશે પણ તેવી અક્કલનાઓએ વિચાર કરી જુવું કે એવા હીરા અને ગોહેરો દાનાવોની નજરમાં ઝગઝગતા પથરા મિસાલ છે–જે બહારના બદનને તકલીદી દીપાવે છે–પરંતુ જાતે તેમાં અંતઃકરણ આત્માને તે કશું કામ આવતું નથી. સોનુ રૂપું એ માટીમાંથી ઉપજાવેલી વસ્તુ છે તે માટીમાં વસનારાઓનેજ છાજે છે–જ્યારે મોતી માત્ર દરિયાવની માછલીની રસીથી બનેલા છે–ત્યારે એ સઘળાં ઉપર માણસ જાતે લોભાઇને અભિમાની થવાની કેટલી મુર્ખાઇ છે? એવો તકલીદી ખજાનો જમા કરવા કરતાં નેકીનો ખજાનો જમા કરવાથી આખેર દાહાડે આદમીને તમામ સુખ અને સંતોષ સાથે બેહસ્તના દરવાજાની આગળ લઇ

જઈ મુકશે-વાસ્તે હંમેશા કાંમ આવશે નેકી, ને ખુબી ને આખર કામ આવશે. ભલા કામોને અમર નામો. દોલત ઉપર મુસ્તાકીદી દીલ લગાડી સદા કોઇ અમનો અમાન કે માલા માલ રહયો નથી-પણ અંહકારની બદીથી પાયમાલ થયું છે.

અશો હુશંગ બાદશાહની દોખમાની તખ્તી ઉપર લખેલુ છે જે આદમી-જાદ ખાલી હાથે અને બેફામ હાલે દુન્યામાં આવે છે અને તેવીજ રીતે આખેર દહાડે અજલના સ્વામિને સ્વાધીન થાય છે. આ દુન્યાનો માલ અસબાબ જે ફના થનારી ચીજ છે તે સર્વ કાઇ પાછળ રેહે છે અને મનશની, ગવશની, અને કુનશ્ની થી મેળવેલો નેકીનો ખજાનો જાવેદાન સુધી અમર રેહ છે-માટે અંહકાર, અભિમાની કે લોભ લાલચ તકાબરી કેઇ દુન્યાને ખાતર કરવી ?

તેમુઝદ, ફેરાઉન, નીમરાદે, શેદાદ, હામાન, અને કારૂન જેવાઓ બળવાન પુરાતમ જમાનામાં મોટામાં મોટી હકુમતવાલા હાકેમો અને જોરમંદ બાદશાહો થઇ ગયા છે. પણ તવારીખ જણાવે છે જે એઓએ ખોદાના ફરમાનો સામે માથુ ઉચકયું હતું-જેથી મગરૂરીના મહા પાપની કાળી ટીલી તેઓને કપાળે ચોંટી-એટલુંજ નહિ પણ પોતે પોતાનો ખોદાઇ દાવો કરી ખોદા સમજવાની ગુમરાહી કરી હતી જેથી કુદરતનો કોપ ઉતરયો ને તેઓની ખુનો બેખ જેહાંનમાંથી ઉખરી ગઈ અને તેઓની પાદશાહીની પાયમાલી સાથે તેઓના મુલકની સદાબરાં નાશ થયાં-એજ રવેશે પેશદાદી વંશનો જાણીતો પાદશાહ જમશેદ પોતાની મગરૂરીથી કીર્તી ખોઈ બેઠો!

માટે દાનાવોના સખુન છે જે જીંદગીની આબાદી જે છે તે મોતની આખેરીમાં સમજવી-જેથી અંહકાર આદમી જાતનો છુપો વેરી છે જ્યારે નરમાસ અને સંતોષ એ જીંદગીના સાચા દોસ્ત છે-જે માણુસની જીંદગીને સુખી બનાવી અમૃત ફળ ચખાડે છે. જર અને દોલત એ ઠગારાં છે-જે કોઇનેબી હમેશ નીભતા નથી-જ્યારે લક્ષ્મી ચંચળ જાત છે આજે એકને હસાવી અમીર બનાવે છે તો કાલે બીજાને ફકીરી હાલતમાં રડાવે છે-એવા લક્ષ્મીબાઇના ચાળા છે- અને એકવાર દોલતમાં ડોલનો પાછળથી વીપતીનાં વમળમાં ધસડાય છે-ત્યારે આ બેરંગી દુન્યાની નકલીદી ચીજ ઉપર મુસ્તાકી રાખી અંહકાર કરીને અભિમાની થવામાં આદમી જાત શું મેળવે છે ? કાંઇજ નહિ, તેવાં માણુસને આખેર દાહાડે એક ખોબો માટી પણ મળતી નથી ! માટે ઇનસાન જાતે સમજી લેવું કે અગર કાદરતનો ખજાનો હાથ કરે કે માથે જવાહીરનું તાજ ધરીઉ હોય અને કદાચ નશીબના જોરે આસપાસના

સીતારાની સીધા ઉતરીઆ હોય તે છતાં અંહકારને દીલમાં વમાસવું ન જોઇયે. ખોદાની નજરમાં એક જોરેમંદ પાદશાહ કે એક અદના આદમી બંને એકસરખાજ છે-કારણ કે એક દોલતમંદ પાદશાહની મેહરબાની મેળવવા એક ખેડુત આરજુમંદ રહે છે-તેજ મુજબ તે ખેડુતની મેહનતુ જીંદગી ઉપર બાદશાહના રાજ્યનો આધાર સમાયલો છે.

વળી કેટલાકોને કર્મસંજોગે ખોદાની બખશેશ અને નેઆમતો એવી રીતે મળે છે-તેઓમાનાં કેટલાકો તેનો સદઉપયોગ કરવા બદલ પોતા માટે એવું એક મત બાંધી લે છે જે પોતામાંથી યકતાઇ દુર કરી જુદાઈ સ્થાપી ગયર સના અને વ્યવસ્થા ચલાવે છે-જે ખરેખર અફસોસ લાયક છે. માટે ઓ પરવર તું તેઓને તેવી નએમતો સાથે તેનો સદ ઉપયોગ કરવાને સદ બુદ્ધિ બક્ષો. કારણ કે તેઓને એવું કાચીન ભાણ આવતું હોય કે ગયર સતા ચલાવાથી તેનું આખેર પરીણામ શું આવે છે-એ આપણા ગાથામાં સમજાવામાં આવે છે કે:—

" અત દુશ ક્ષથ્રેંગ દુશ શ્કયઓથનેંગ. દુજ વચંઘહો,
દુજ દએનેંગ, દુશ-મનઘહો દ્રેગવતો,
અકામશ ખરેથાઇશ પઇતી ઉર્વાનો પઇર્તયેઇન્તી;
દ્રુજો દેમાને હઇથ્યા અંઘહેન અસ્તયો.

દુષ્ટ સતાવાલા, દુષ્ટ કાર્ય કરનારા, દુષ્ટ સખુન બોલનારા, દુરાચરણી ખરાબ વિચારવાલા પાપી રવાંનોને દેવો ખરાબ ખોરાક સાથે (યાને ઝેરી અસવાલા ખોરાક લઇને) સાંમે લેવા જાય છે (અને તે રવાંનોની) હયાતી દરૂજના મુકામ (દુઝખમાં ખરેખર) હોય છે.

વાસ્તે પ્રીય વાંચકો તકાબરી ને તુંડામને તજીથી પરહેઝ રહેજો અને મોઅતદલ રીતે વૃતિ નરમી થાજો-કે જે.

" નરમી આપે નામના—ગરમી આપે ગર્વ
નર રાખે નરમાસ તો—શોભે સદગુણ સર્વ: "

યાને જે કોઈ નર નરમી રાખે છે તે નેકીના સુગંધમય બાગ બીસાલે સર્વે સદગુણ સપજને સુશોભીત નામના વધારે છે-જ્યારે તેજી અને ગરમી રાખે છે ત્યારે આતશે દુઝખની દુરગતિમાં લઈ જનાર ગર્વ અને તકાબરી હાંસેલ કરે છે-જેથી આપણા અવસ્તામાં એવા તકાબુર અને તકેબરી કરનારને નીચે મુજબ વખોડી કાઢે છે:—

" તરોતમ જનાત તરોતમ તબ્એષયાત. "

યાને હાનીએ પોંહચો અને દુ:ખી થાઓ (પારકાને) તુચ્છ કરનાર આદમી, હાનીએ પોંહચો અને દુ:ખી થાઓ પોતાના વીશે અભિમાન રાખનાર આદમી.

વળી દસ્તુરાંન દસ્તુર આદરબાદ મેહરસપંદે જોડેલી પાઝંદ પતેતમ એ બેઉ દુરગુણોને 'ગુનાહ' તરીકે ઓળખાવ્યા છે, અને તેને 'અવર મનશની

યાને પોતાના વિશે અભિમાન રાખવુ-અને 'તરમનરની' એટલે પારકાને તુચ્છ ગણવું એ ગુનાહ છે.

જેથી અભિમાનને આપણા અવસ્તા શબ્દમાં-'તરોમઇતી' તરીકે ઓળખાવામાં આવે છે તે અવસ્તાના આર્મઇતિ-નમ્રતા અને સભ્યતાની વિરોધ છે અને આમઈતિ નમ્રતા અભિમાન ઉપર સરસાઇ ભોગવે છે જેથી જ્યાં નમ્રતા હોય છે ત્યાં અભિમાની દુર નાસે છે-જે આપણા અવસ્તામાં આફ્રીગાને દહમાંનમાં દુર્ગુણોને દુર કરવા સદગુણોને સહરાવામાં આવે છે તેમાં નમનતાઇના ગુણુ વીશે પણ જણાવે છે.

"વધનિત અહ્માય નમાને સ્રઓષો અસ્રુરતીમ આહ્‌તિશ અનાહ્‌તિમ, રાઇતીશ અરાઇતીમ, આર્મઇતિશ. તરોમઇતિમ, અર્શુખ્ધોવાક્ષ મિથોઓખ્તીમ વાચિમ અષકુજેમ.

યાને આએ ઘેરમાંથી તાબેદારી, ના ફરમાનીને, સુલેહસંપજ કજ્યા કંકાસને, સખાવત, ખામીલાઇને, નમ્રતા અભિમાને, સાચ્ચા સખુન જુઠ્ઠ સખુનને, સચ્ચાઇ જુઠ્ઠાઇને અથવા અશોઇ દરૂજીને, મારી હતાડે.

આપણે એ મુજબ અવસ્તામાં આર્મઇતિમને તરોમઇતિ ઉપર સરસાઇ ભોગવતી જોઇયે છે જે વાસ્તવીક છે જેથી આપણે આતશબેહરામની પૃથ્વિ રૂપી અને પૃથ્વિનો નમ્રતા અને સહનસીલતાના ગુણો દરશાવનારી ખાક કપાળે ચપકાવ્યે લીયે તે એ રીતે કે-

" અય તું તકોબરી તુંદાઇ અને તેજી આ મારી નમનતાઇના પ્રભાવે કરી મારા ઘેરમાંથી (શરીરમાંથી) તું નીસ્તો નાબુદ થજે."

આ મુજબ આ રખ્યા લગાડવાનો ખ્યાલ આપણુને નમ્રતા તરફ આકર્ષે છે, અને એક નમનતાઇ વગરનું માણુસ એક બુદ્ધિ વગરના પશુ કરતાં પાણુ બદતર અહેરેમનના ખવાસ ધરાવનાર હોય છે-અગર તે પછી એક દનાવ, એક ફિલસુફ, એક પંડિત, એક શાએર, એક લેખક, કાંય નહિ હોય પણુ એક ઇનસાન અગર તે ચઢતી કે ઉતરતી પદવી ધરાવતો હોય તોપણુ તેને નમનતાઇ સભ્યતા અને વીવેકીવાલા થવું જોઇયે-જે માટે એક શાએર પોતાની કવિતામાં નીચે મુજબ જણાવે છે.

દેલા ગરતુ તવાઝુ કુની એખ્તીઆર,
શવદ દોન્યા તોરા દોસ્તદાર.
તવાઝુ કુન્દ હરકે અસ્ત આદમી,
ઝ મરદુમ બઓજ મરદુમી.
તવાઝુ બુવદ હોરમત અફ્ઝાય તુ,
કુન્દ દર બેહસ્ત બરીન જાય તુ.
તવાઝુ જ્યાદત કુન્દ જાહરા,
કે અઝ મેહર પરતુ બુવદ માહરા.
તવાઝુ કલીદે દરે જીનેત અસ્ત,

કે સર ફેરાઝી વ જાહરા ન ઝીબદ અસ્ત.
તવાઝુ અઝીઝત કુનદ દર જેહાંન,
ગેરામી શવદ પીશ દેલહા ચુન જાન.
કસીરા કે ગરદન કશી દર સરઅસ્ત,
તવાઝુ યાફતન અઝુ મુશતર છે.
કસીરા કે આદત તવાઝુ બુવદ,
ઝ જાહ વ જલાલશ તમતુઅ બુવદ.
તવાઝુ મદાર અઝ ખલાયક દરીગ,
કે ગરદન અજાન બરકશી હમચુતેગ.
તવાઝુ કુનદ મરદરા સરફરાજ,
તવાઝુ બુવદ સરવરાનરા તેરાઝ.
તવાઝુ કુનદ હુશમંદ ગુઝીન,
નેહદ શાખ પુર મીવેહ સર બરજમીન.
તવાઝુ ગરદન ફેરાઝાનરાને કુઅસ્ત,
ગદાગર તવા ઝુકુનદ ખુય ઉ અસ્ત.

અર્થ—અય દેલ અગર જો તું નમ્રતા સંપાદન કરે તો દુન્યાના લોક સર્વ તારા મિત્ર થશે. અને નમ્રતા જે કોઇ ખરો આદમી હોય છે તેજ સપાદન કરે છે કેમ કે જ્યાં સુધી એક માણસ પોતાની માણુસાઇ ખવાસ બનાવતું નથી ત્યાં સુધી તે માણસપણાને શોભા આપતું નથી. જેથી નમ્રતા તારી આબરૂને વધારનાર અને બેહસ્તમાં તારી સરોથી સરસ જગા કરનાર છે. અને જેમ સુર્ય ચંદ્રને રોશની આપી પ્રકાશમય કરી તેના દરજ્જાને વધારે છે તેમ નમ્રતા માણસનો દરજ્જો વધારે છે. જે બેહસ્તના દરવાજાની કુંચી છે કે જેથી માણસના સરફરાજી અને દબદબાને શીણગાર આપે છે. નમ્રતા જેમ પ્યાર ભરેલાં અંતકરણ આગળ જાન કુરબાન થાય છે તેમ માણસને દુન્યામાં લોકપ્રીય બનાવે છે. જે કોઇને નાફરમાની કરવાના મગજની અંદર ખ્યાલ રેહે છે તેને નમનતાઇ સંપાદન કરવી અતિ બેહતર છે—અને જે કોઇને નમનતાઈ વાપરવાની આદત હોય છે તેના દબદબા અને કીર્તી ફાયદેમંદ નિવડે છે. જેમ મ્યાનમાંથી ઝરબ કરવાને તલવાર ખેંચવામાં આવે છે તેમ દુન્યાના લોક સાથે નમ્રતા વાપરવાથી ગરદન ખેંચી લઇ નાફરમાન થવું બેહતર નથી. નમ્રતા આદમીને સરફરાજ કરે છે જે ખરા સરદારોને સંપાદન કરવાની નિશાની છે—જેમ એક મેવાની ભરેલી ઝાડની શાખા પોતાનું સર જમીન ઉપર નમાવે છે. તેમ જે કોઇ ડાહપણ ભરેલો આદમી હોય છે તે નમનતાઈ કરવાની પસંદ કરે છે.

નમ્રતા ગરદન ફરાજને કરવી બેહતર છે અગર જો કોઇ મુફલેસ નમનતાઇ કરે તો તેની તો કુદરતી ખાસીઅત છે.